RNI:- GUJGUJ/2016/67425

# પાક્કો ગુજરાત

ગુજરાતનુ વિશ્વનીય દૈનિક

Date:- 27-06-2026 I VOL : 12 I Issue : 102 I Page : 8 I Price : 1.00/-

Owner, Publisher, Printer & Editor : PAWAN MAKAN Contact :- MO : 9662420070 E-Mail : pakkogujarat7@gmail.com | ઓફિસ: C-8 રીચી હાઉસ, સ્વામિનારાયણ મંદિરની સામે, મણિનગર, અમદાવાદ, ગુજરાત-380008

**સુવિચાર**


જીવનમાં કશું અશક્ય નથી. હકારાત્મકતા જીવનને પ્રકાશિત કરે છે.

3

વિશ્વામિત્રી નદીમાં પૂરના પાણી આવતા અટકાવવા નવા 19 ચેકડેમ બનાવાશે...!

4

અમેરિકા-ઈરાન જંગમાં ઈટાલીની ગુપ્ત એન્ટ્રી? નાટો ચીફના દાવા બાદ ભડક્યા જ્યોર્જિયા મેલોની

6

અરબાઝ ખાનની એક્સ ગર્લફ્રેન્ડનો હોટ અંદાજ, બિકિનીમાં ક્લિક કરાવ્યા...

7

FIFA વર્લ્ડ કપમાં સદીનો સૌથી મોટો ઉલટફેર: 4 વખતની ચેમ્પિયન ટીમને હરાવી...

## એક નજર...

### અન્વેશી જૈનના સ્ટનિંગ લુકે જીત્યું ફેન્સનું દિલ



ઓલ્ટ બાલાજી પર એકતા કપૂર ની ઈરોટિક વેબ સીરીઝ 'ગંદી બાત' થી એક્ટિંગ ડેબ્યૂ કરનારી અન્વેશી જૈન આજે પોતાની બોલ્ડનેસ માટે ઘણી લોકપ્રિય છે અન્વેશી જૈન વ્યવસાયે સોશિયલ મીડિયા ઈન્ફ્લુએન્સર, સિંગર અને એક્ટ્રેસ છે. વર્ષ 2019 માં એકતા કપૂરની 'ગંદી બાત' સીરીઝથી તેને ફેમ મળ્યું હતું.

## NEWS TRACK

### જ્યાં ઇન્ડિયન ઇકોનોમિક ઝોન બનવાનો હતો, ત્યાં હવે ચીન કરશે મોટું નિર્માણ! બાંગ્લાદેશનો ભારતને વધુ એક ઝટકો

તીસ્તા નદી પ્રોજેક્ટ બાદ બાંગ્લાદેશના પીએમ તારિક રહેમાને ચીન સાથે વધુ એક મોટો કરાર કર્યો છે, જે ભારત માટે એક મોટો આંચકો માનવામાં આવી રહ્યો છે. બાંગ્લાદેશે વ્યૂહાત્મક રીતે અત્યંત મહત્ત્વપૂર્ણ ગણાતા મુંગલા પોર્ટને લઈને ચીન સાથે હાથ મિલાવ્યા છે. સૌથી આશ્ચર્યજનક બાબત એ છે કે આ પ્રોજેક્ટનું નિર્માણ મૂળરૂપે 'ઇન્ડિયન ઈકોનોમિક ઝોન' માટે પ્રસ્તાવિત કરવામાં આવેલી જમીન પર જ કરવામાં આવશે. બાંગ્લાદેશના પીએમ તારિક રહેમાન હાલ ચીનની મુલાકાતે છે અને તેમની હાજરીમાં જ બેઈજિંગ ખાતે આ મહત્ત્વપૂર્ણ સમજૂતી કરાર પર હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા. બાંગ્લાદેશ ઈકોનોમિક ઝોન ઓથોરિટીએ ચીનની સરકારી 'સિવિલ એન્જિનિયરિંગ કન્સ્ટ્રક્શન કોર્પોરેશન' સાથે ચીન-બાંગ્લાદેશ મુંગલા પોર્ટ ઈકોનોમિક ઝોન માટે કરાર કર્યા છે. આ પ્રોજેક્ટને બાગેરહાટમાં મુંગલા પોર્ટની નજીક આવેલી 110 એકર જમીન પર વિકસાવવામાં આવશે.

### યુરોપમાં હિટવેવના કારણે ત્રાહિમામ! પેરિસમાં 147 વર્ષનો રેકોર્ડ તૂટ્યો, કુલ 40ના મોત

હાલમાં સમગ્ર યુરોપ ભયાનક હીટવેવનો સામનો કરી રહ્યું છે. જેના કારણે કરોડો લોકો મુશ્કેલીમાં મુકાયા છે. આ આબોહવા સંકટમાં ફ્રાન્સ સૌથી વધુ પ્રભાવિત દેશોમાં સખત હોમાઈ રહ્યું છે. ફ્રાન્સના રાષ્ટ્રીય હવામાન વિભાગ 'મેટિયો-ફ્રાન્સ' દ્વારા દેશના અડધાથી વધુ ભાગોમાં સર્વોચ્ચ સ્તરનું 'રેડ હીટ એલર્ટ' જાહેર કરવામાં આવ્યું છે. હવામાન વિભાગે ખાસ કરીને વૃદ્ધો, બાળકો અને સ્વાસ્થ્ય સંબંધી સમસ્યાઓ ધરાવતા લોકોને સાવધ રહેવા કડક ચેતવણી આપી છે. ફ્રાન્સમાં તાજેતરના દિવસોમાં ઈતિહાસના સૌથી ગરમ દિવસો નોંધાયા છે. રાજધાની પેરિસમાં આ અઠવાડિયે તાપમાન સતત 40 ડિગ્રી સેલ્સિયસથી ઉપર નોંધાયું છે, જે જૂન મહિના માટે અભૂતપૂર્વ છે. પેરિસના 1872 થી 2019 સુધીના 147 વર્ષના ઈતિહાસ કરતાં પણ આ વર્ષે જૂન મહિનામાં 40 ડિગ્રીથી વધુ તાપમાન વાળા દિવસોની સંખ્યા વધી ગઈ છે. ફ્રાન્સના દક્ષિણ-પશ્ચિમ ભાગમાં આવેલા પિસોસમાં તાપમાનનો પારો 44.3 ડિગ્રી સેલ્સિયસ સુધી પહોંચી ગયો હતો.

### નેશનલ વોર મેમોરિયલમાં મળશે સ્થાન

# ઓપરેશન સિંદૂરમાં બલિદાન આપનારા 6 જવાનોના નામ જાહેર

**કારાકાસ**

ગયા વર્ષે મે મહિનામાં પાકિસ્તાન સામેના 'ઓપરેશન સિંદૂર' દરમિયાન દેશ માટે પોતાના પ્રાણ ન્યોછાવર કરનારા ભારતીય સશસ્ત્ર દળોના 6 વીર જવાનોને દિલ્હી સ્થિત નેશનલ વોર મેમોરિયલ (રાષ્ટ્રીય સમર સ્મારક) ખાતે અમર કરવામાં આવશે. દેશની રક્ષા કાજે સર્વોચ્ચ બલિદાન આપનારા આ શહીદ જવાનોના નામ દિલ્હીમાં આવેલા આ સ્મારકની ગ્રેનાઈટ ઈંટો પર કોતરવામાં આવશે. વર્ષ 2025 દરમિયાન વિવિધ સૈન્ય ઓપરેશન્સમાં શહીદ થયેલા જવાનોની યાદી સાથે જ આ વીરોની ઓળખ પણ પ્રથમ વખત સત્તાવાર રીતે જાહેર કરવામાં આવી છે.



શહીદ વીરોમાં કોનો-કોનો સમાવેશ થાય છે?

દેશ માટે કુરબાની આપનારા આ 6 બહાદુર જવાનોમાં ભારતીય સેના (આર્મી)ના 5 જવાનો અને ભારતીય વાયુસેના (એરફોર્સ)ના 1 સાર્જન્ટનો સમાવેશ થાય છે. આ વીર જવાનોના નામ નીચે મુજબ છે: સુબેદાર મેજર પવન કુમાર (ભારતીય સેના) રાઈફલમેન સુનિલ કુમાર (ભારતીય સેના) લાન્સ નાયક દિનેશ કુમાર (ભારતીય સેના) અગ્નિવિર મુરલી નાયક (ભારતીય સેના) હવાલદાર સુનિલ કુમાર સિંઘ (ભારતીય સેના) સાર્જન્ટ સુરેન્દ્ર કુમાર (ભારતીય વાયુસેના). દેશની રક્ષા માટે અદમ્ય સાહસ અને બહાદુરી બતાવવા બદલ ભારત સરકાર દ્વારા આ યાદીમાં સામેલ બે જવાનોને પ્રતિષ્ઠિત સૈન્ય સન્માનથી પણ નવાજવામાં આવ્યા છે. જેમાં ભારતીય સેનાના રાઈફલમેન સુનિલ કુમારને મરણોત્તર 'વીર ચક્ર' એનાયત કરાયું છે.

## મહેશ દીક્ષિત નવા IB ચીફ, તપન ડેકાનું સ્થાન લેશે

**અયોધ્યા**

કેન્દ્ર સરકારે ઈન્ટેલિજન્સ બ્યુરો (IB)ના સ્પેશિયલ ડિરેક્ટર મહેશ દીક્ષિતને દેશની આંતરિક ગુપ્તચર એજન્સીના નવા ચીફ તરીકે નિયુક્ત કર્યા છે. તેઓ 30 જૂને તેમનો કાર્યકાળ પૂરો કરી રહેલા તપન કુમાર ડેકાનું સ્થાન લેશે. કેન્દ્ર સરકારે મહેશને બે વર્ષ માટે IB ડિરેક્ટર તરીકે નિયુક્ત કર્યા છે. મહેશ દીક્ષિત 1993 બેચના આંધ્ર પ્રદેશ કેડરના IPS અધિકારી છે. હાલમાં તેઓ IB માં સ્પેશિયલ ડિરેક્ટર અને એજન્સીના બીજા સૌથી વરિષ્ઠ અધિકારી હતા. આ પહેલા તેઓ જમ્મુ-કાશ્મીરમાં સબસિડિયરી ઈન્ટેલિજન્સ બ્યુરો (SIB) ના પ્રમુખ રહી ચૂક્યા છે. તેમને એન્ટી ટેરરિઝમ અને ગુપ્તચર ઓપરેશનનો લાંબો અનુભવ છે. વર્તમાન IB ડિરેક્ટર તપન કુમાર ડેકાનો કાર્યકાળ 30 જૂન 2026ના રોજ સમાપ્ત થઈ રહ્યો છે. ડેકા 1988 બેચના હિમાચલ પ્રદેશ કેડરના IPS અધિકારી છે. તેઓ જુલાઈ 2022 થી IB પ્રમુખ હતા. સરકારે તેમને બે વાર સેવા વિસ્તરણ આપ્યું હતું. નવા ઈન્ટેલિજન્સ બ્યુરો (IB) બનવા જઈ રહેલા મહેશ દીક્ષિતે પોતાની કારકિર્દી દરમિયાન અનેક સંવેદનશીલ સુરક્ષા અભિયાનોમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી છે.

### ચંપત રાય સહિત 2 ટ્રસ્ટીનાં રાજીનામા

# રામ મંદિરમાં 42 દિવસમાં 70 વાર ચોરી, SIT તપાસ બાદ 8ની ધરપકડ

**અયોધ્યા**

અયોધ્યા સ્થિત રામ મંદિરમાં દાન ચોરી કેસમાં સતત ચોંકાવનારા ખુલાસો થઈ રહ્યા છે. ઘટનાની તપાસ કરી રહેલી SITએ 27 એપ્રિલથી પાંચ જૂન સુધીના CCTV ફુટેજની તપાસ કરવા મોટો હાથફેરો થયો હોવાની વિગતો સામે આવી છે. તપાસ દરમિયાન અનેક પુરાવા મળ્યા બાદ કડક કાર્યવાહીઓ શરૂ કરી દેવાઈ છે. આ કેસમાં અત્યાર સુધીમાં 8 લોકોની ધરપકડ કરવામાં આવી છે. એસઆઈટીની સીસીટીવીની ઊંડાણપૂર્વક તપાસ કરતા તેમાં અનેક પુરાવાઓ હાથ લાગ્યા છે. આ ઉપરાંત ભેટ અને ચઢાવાની ગણતરી માટેના વિશેષ રૂપમમાં રોકડની ગણતરી અને તેના મેનેજમેન્ટમાં અનેક ખામીએ મળી આવી છે. એસઆઈટીએ પ્રાથમિક તપાસ શરૂ કરી ત્યારે કાઉન્ટિંગ રેકોર્ડ સાચવવાની કોઈ વ્યવસ્થા ન હોવાનું, ભેટ અને ચઢાવાની સામગ્રીનું યોગ્ય કામકાજ ન થતું હોવાનું અને તેની આંતરિક સિસ્ટમ પણ ખૂબ નબળી હોવાનું સામે આવ્યું હતું. તપાસમાં સુપરવાઈઝર લેવલની જવાબદારીમાં ખૂબ જ અસ્પષ્ટતા મળી આવી છે.



એસઆઈટીના તપાસ રિપોર્ટ બાદ 8 લોકોના નામ સાથે એફઆઈઆર અને ટ્રમ્પના જવાબદાર અધિકારીઓના રાજીનામાના અહેવાલો સામે આવ્યા છે. રામ મંદિરમાં રોકડ રકમની ગણતરી અને સંચાલન સહિત તમામ બાબતોમાં ખામીઓ હોવાનો ખુલાસો થયો છે. આ ઉપરાંત એસઆઈટીએ દાનને લઈને મીડિયામાં ચાલી રહેલા અહેવાલોના અનેક તથ્યોને પાયાવિહોણા ગણાવ્યા છે.

# કરજણ બન્યું 'બીજું બિહાર': ધારાસભ્ય અક્ષય પટેલ - ઘુઘા ભરવાડનું માફિયારાજ, કરોડોની કટકીના ખેલમાં આખું તંત્ર શરણાગત!

## રૂલ્સની ઐસીતૈસી કરીને પિંગરવાડામાં 50 ફૂટ ઊંડા કાળમુખા ખાડા; રિક્ષાચાલકમાંથી અબજોપતિ બનેલા ઘુઘાના બોગસ ખેડૂત કૌભાંડ પર કલેક્ટર, એસડીએમ અને મામલતદાર કેમ મોઢામાં મગ ભરીને બેઠા છે? ₹8 કરોડના ટેન્ડરમાં ધમકી અને દર મહિને કરોડોના હપ્તાખોરીના ખેલનો જુઓ સૌથી મોટો પર્દાફાશ






કરજણ નગરપાલિકાનો સભ્ય ઘુઘો ભરવાડ



કરજણના ધારાસભ્ય અક્ષય પટેલ

**કરજણ/વડોદરા, પાક્કો ગુજરાત ન્યૂઝ:**

ગાંધીનગરના સત્તાધીશો અને ગૃહમંત્રી હર્ષ સંઘવી ભલે ગુજરાતમાં કાયદાના શાસનની મોટી-મોટી ગુલબાંગો હાંકતા હોય, પરંતુ વડોદરા જિલ્લાનો કરજણ તાલુકો અત્યારે ગુજરાતનો ભાગ નહીં, પણ બિહારના જંગલરાજ કરતાં પણ બદતર સ્થિતિમાં આવી ગયો છે. કરજણના ભાજપના ધારાસભ્ય અક્ષય પટેલ અને નગરપાલિકાના સભ્ય ગોકુલ ભરવાડ ઉર્ફે ઘુઘાની તાનાશાહી અને ગુંડાગર્દી એટલી હદે વકરી ગઈ છે કે આખો તાલુકો આ માફિયાઓની સામે ઘૂંટણીયે પડી ગયો છે. મુખ્યમંત્રીના તાબા હેઠળ આવતા ખાણ-ખનીજ વિભાગના નિયમોના ધજાગરા ઉડાવીને આ ત્રિપુટી ખુલ્લેઆમ કહી રહી છે કે, 'કરજણ તો અમારો બાપદાદાનો બગીચો છે અને રાજ પણ અમે જ કરીશું.'

### કુદરતી સંપત્તિની નગ્ન લૂંટ: 50 લાખ મેટ્રિક ટન રેતી ચોરીનું પાપ

પિંગરવાડા ગામમાં છેલ્લા કેટલાક વર્ષોથી કુદરતી સંપત્તિનું ક્રૂરતાપૂર્વક નિકંદન કાઢવામાં આવી રહ્યું છે. લીઝના સરકારી નિયમ મુજબ માત્ર ૧૦ ફૂટ જ ખોદકામ કરી શકાય, તેના બદલે ધારાસભ્યના વરદહસ્તે ૩૦ થી ૩૫ જગ્યાઓ પર ૫૦ ફૂટથી પણ વધારે ઊંડા જીવલેણ મોતના કૂવા ખોદી નાખવામાં આવ્યા છે. સાસરોડથી નારેશ્વર રોડ પર આશરે ૫૦ લાખ મેટ્રિક ટન રેતીનો ગેરકાયદેસર કાળો પહાડ ખડકી દેવાયો છે. ૧૫૦ થી વધુ આઈવા ડમ્પર, ૨૫ જેસીબી, ૧૫ હિટાચી મશીનો અને લોડર્સ દિવસ-રાત જોયા વગર કરજણની ધરતીની છાતી ચીરી રહ્યા છે.

### કાલનો રિક્ષાવાળો આજનો અબજોપતિ: બોગસ ખેડૂત બનવાનો ભયાનક ખેલ!

રાજકીય આકાઓનો હાથ માથે હોય તો ગમે તેવો રાંક માણસ પણ કઈ હદ સુધી લૂંટ ચલાવી શકે તેનો જીવતો જાગતો નમૂનો ઘુઘો ભરવાડ છે. ગઈકાલ સુધી રિક્ષા ચલાવીને રોજનું માંડ કમાતો ઘુઘો આજે અબજો રૂપિયાની સંપત્તિનો માલિક કેવી રીતે બની ગયો? આખા કરજણ તાલુકામાં ધાક-ધમકી આપીને માફિયારાજ ચલાવતો ઘુઘો બોગસ ખેડૂત બની ગયો હોવાનો સણસણતો આક્ષેપ છે. કરજણ મામલતદારે તપાસ કરીને તેની ખેડૂત બનવાની અરજી ફગાવી દીધી હતી, પરંતુ એવું તે કયું મસમોટું આર્થિક સેટિંગ થયું કે એસડીએમ (SDM) એ રાતોરાત તેની અરજી મંજૂર કરી આખા પરિવારને કાગળ પર ખેડૂત બનાવી દીધા! ખેડૂત બન્યાની આડમાં પિંગરવાડામાં કરોડો રૂપિયાની કાળી કમાણીની બેનામી જમીનો ખરીદી લેવાઈ છે, જે ખાખી અને ખાણ-ખનીજ વિભાગની નપુંસકતા સાબિત કરે છે.

### રોડના ટેન્ડરમાં ગુંડાગર્દી: એન્જીનિયર વિક્રમ રાણાની ગંદી ભૂમિકા

કરજણ નગરપાલિકામાં ભ્રષ્ટાચારની ગંગા આખી ઉંધી વહી રહી છે. પાલિકામાં રોડ બનાવવા માટે બહાર પાડવામાં આવેલા અંદાજે રૂપિયા ૮ કરોડના ઓનલાઈન ટેન્ડરમાં પણ મોટો કારસો ખેલાયો છે. પાલિકાના ઈન્જીનિયર વિક્રમ રાણાએ કથિત રીતે નમકહરામી કરીને ઓનલાઈન અરજી કરનારા તમામ સનિષ્ઠ કોન્ટ્રાક્ટરોની ગુપ્ત માહિતી લીક કરીને ઘુઘા ભરવાડના ચરણોમાં ધરી દીધી હતી. ત્યારબાદ ઘુઘાએ અન્ય કોન્ટ્રાક્ટરોને જાનથી મારી નાખવાની ધમકીઓ આપીને અરજીઓ પાછી ખેંચવા મજબૂર કર્યા, જેથી આ ૮ કરોડનું મલાઈદાર ટેન્ડર તેના જ મળતિયાઓને મળી જાય. પાલિકાના નાનામાં નાના કામમાં પણ ધારાસભ્યના નામે ફિક્સ કમિશન ઉઘરાવાય છે.

### ભ્રષ્ટાચારની ગંગોત્રી: કલેક્ટરથી લઈને ગાંધીનગર સુધી હપ્તાખોરીનું લીસ્ટ!

આવડો મોટો કાળો કારોબાર કલેક્ટર, પોલીસ અને ખાણ-ખનીજ વિભાગની મિલીભગત વગર શક્ય જ નથી. સૂત્રોના જણાવ્યા મુજબ, ગાંધીનગર ખાતે ખાણ-ખનીજ વિભાગના ચાવડા સાહેબ, વડોદરા કલેક્ટર, વડોદરા ખાણ-ખનીજ વિભાગના ભ્રષ્ટ અધિકારીઓ, કરજણ એસડીએમ શિવમ બારીયા, મામલતદાર પઢિયાર, કરજણ તાલુકાના ડીવાયએસપી (DySP) અને વડોદરા જિલ્લાના ટ્રાફિક પી.આઈ. સુધી આ પાપની કમાણીના કરોડો રૂપિયાના હપ્તા દર મહિને પહોંચાડવામાં આવે છે. ટ્રાફિક પોલીસની દેવિરાજ ચેકપોસ્ટ પરથી ખુલ્લેઆમ વસૂલાત થાય છે અને પી.આઈ.ને કરજણના દર મહિને રૂપિયા ૨.૨૫ લાખ ફિક્સ બંડલ પહોંચતા હોવાની લોકમુખે ચર્ચા છે. આ સિવાય, તાલુકામાં ચાલતા દારૂ અને જુગારના દેશી-વિદેશી અડ્ડાઓ પરથી દીક્ષિત પટેલ, ઋષિ પટેલ અને ઘુઘો ભરવાડ થઈને છેક ધારાસભ્ય અક્ષય પટેલ સુધી લાખો રૂપિયાનું ઉઘરાણું પહોંચે છે.

### મુખ્યમંત્રી સાહેબ, આ માફિયાઓ સામે તમારું બુલડોઝર કેમ પંક્ચર થઈ ગયું?

આમ આદમી પોતાના લોહી-પરસેવાની કમાણીમાંથી ટેક્સ ભરે છે અને તેમાંથી આ સરકારી બાબુઓ એસી ચેમ્બરમાં બેસીને પગાર મેળવે છે, છતાં પોતાની ઈમાનદારી નેવે મૂકીને માફિયાઓના પગ ધોઈને પી રહ્યા છે. 'પાક્કો ગુજરાત ન્યૂઝ' મુખ્યમંત્રી નરેન્દ્રભાઈ મોદીના ગુજરાતના પ્રશાસનને અને ગૃહમંત્રી હર્ષ સંઘવીને સીધો અને લાઈવ સવાલ કરે છે કે - શું આ રેતી માફિયાઓ પર કાયદાનું બુલડોઝર ચાલશે કે પછી કટકી લઈને આડા કાન કરાશે? શું આ બોગસ ખેડૂતોની જમીનો જપ્ત કરીને તેમને જેલના સળિયા પાછળ ધકેલાશે? જો તાત્કાલિક કડક પગલાં અને ઉચ્ચ સ્તરીય તપાસ સમિતિ નહીં નીમાય, તો એ સાબિત થઈ જશે કે આખું તંત્ર ઉપરથી નીચે સુધી આ પાપની કમાણીમાં ભાગીદાર છે. પાક્કો ગુજરાત ન્યૂઝ પણ ચેલેન્જ કરે છે કે જનતાનો અવાજ દબાવી શકાશે નહીં, હવે ભ્રષ્ટાચારીઓ અને કરજણના આ નકલી સુલતાનો માટે દિલ્હી બહુ દૂર નથી!

ફ્રી ઈ-કોપી માટે ફક્ત Hi લખો : 9662420070

## રાજકોટ ડિમોલિશનની કામગીરીમાં અધિકારીઓ ₹12 લાખનું પાણી પી ગયા અને ₹27 લાખનું ભોજન ઝાપટી ગયા!

રાજકોટ

રંગીલું રાજકોટ હવે ભ્રષ્ટાચારના મામલે પણ રોજ નવા 'રેકોર્ડ' સ્થાપી રહ્યું હોય તેવું લાગી રહ્યું છે. રાજકોટ મ્યુનિસિપલ કોર્પોરેશન (RMC) ના ભ્રષ્ટાચાર અને જનતાની પરસેવાની કમાણી પર થતા જલસાની વધુ એક ચોંકાવનારી વિગત સામે આવતા આખું રાજકોટ ધ્રૂજી ઉઠ્યું છે. રાજકોટમાં તાજેતરમાં જુદા જુદા વિસ્તારોમાં દબાણ હટાવવા માટે હાથ ધરવામાં આવેલી ડિમોલિશનની ઝુંબેશ દરમિયાન કોર્પોરેશનના અધિકારીઓ અને કાફલાએ કરેલા ખર્ચાના આંકડા સામે આવ્યા છે, જે સામાન્ય નાગરિકોની આંખો પહોળી કરી દે તેવા છે. કથિત આરોપો અને સામે આવેલા બિલ અનુસાર, આ ડિમોલિશનની કામગીરી દરમિયાન માત્ર મિનરલ વોટર (પાણી) પીવા પાછળ રૂપિયા 12 લાખ અને જમવા પાછળ રૂપિયા 27 લાખનો ધુમાડો કરી નાખવામાં આવ્યો છે!

સામાન્ય રીતે કોઈપણ શહેરમાં જ્યારે મનપા દ્વારા ડિમોલિશનની કામગીરી હાથ ધરાય ત્યારે જે-તે સ્ટાફ માટે ચા-પાણી અને નાસ્તાની સામાન્ય વ્યવસ્થા થતી હોય છે.

પરંતુ રાજકોટ મનપાના બાબુઓએ તો જાણે સરકારી ખર્ચે કોઈ મોટો મહોત્સવ ઉજવ્યો હોય તેવા બિલ ફાટ્યા છે. જે કામગીરીમાં ગરીબોના ઝૂંપડા અને મધ્યમ વર્ગના પાકા દબાણો પર જેસીબી અને હથોડા ચલાવાયા, તે જ કામગીરીના નામે અધિકારીઓએ લાખો રૂપિયાના ભોજન સમારંભો ઉડાવ્યા હોવાના ગંભીર આક્ષેપો થઈ રહ્યા છે.

## સુરતમાં ક્ષણિક ગુસ્સાએ લીધો મિત્રનો જીવ : હોટેલમાં એકલો મૂકી જવા બાબતે યુવકે મિત્રની છાતીમાં ચપ્પુ હુલાવ્યું

સુરત

સુરત શહેરમાંથી ફરી એકવાર કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ તેમજ લોકોની ગુસ્સા પરની સહનશીલતા સામે સવાલો ઉભા કરતી લોહીયાળ ઘટના સામે આવી છે. ક્ષણિક આવેશ અને મામૂલી વાતના ઝઘડામાં એક મિત્રે જ પોતાના પરમ મિત્રને મોતને ઘાટ ઉતારી દીધો છે. 'તું મને કીધા વગર હોટેલમાંથી કેમ જતો રહ્યો?' તેટલી જ વાતની અદાવત રાખીને એક યુવકે તેના જ મિત્રની છાતીમાં ચપ્પુના ઘા ઝીંકી ક્રૂર હત્યા કરી નાખી છે. જોકે, સુરત પોલીસે ત્વરિત કાર્યવાહી કરીને હત્યારાને ગણતરીના કલાકોમાં જ દબોચી લીધો છે.

મળતી માહિતી મુજબ, મૃતક અને આરોપી બંને મિત્રો હતા અને સુરતની એક હોટેલમાં સાથે રોકાયા હતા. આ દરમિયાન મૃતક યુવક પોતાના મિત્રને જાણ કર્યા વગર કે કહ્યા વગર હોટેલમાંથી બહાર ક્યાંક ચાલ્યો ગયો હતો. આ બાબત આરોપી મિત્રને એટલી હદે દિલમાં લાગી ગઈ કે તે ગુસ્સાથી લાલચોળ થઈ ગયો હતો. જ્યારે મિત્ર પાછો આવ્યો ત્યારે આરોપીએ ગુસ્સામાં આવી પૂછ્યું હતું કે, 'તું મને કીધા વગર કેમ જતો રહ્યો?'

આ બાબતે બંને વચ્ચે ઉગ્ર બોલાચાલી અને તકરાર થઈ હતી. ઝઘડો એટલો વધી ગયો કે આવેશમાં આવીને આરોપીએ પોતાની પાસે રહેલું તીક્ષ્ણ ચપ્પુ કાઢીને મિત્રની છાતીના ભાગે હુલાવી દીધું હતું. ગંભીર રીતે ઘવાયેલા યુવકનું ટૂંકી સારવાર દરમિયાન કરુણ મોત નીપજ્યું હતું. હત્યાની આ સનસનાટીભરી ઘટનાની જાણ થતાં જ સુરત પોલીસનો ઉચ્ચ કાફલો ઘટનાસ્થળે દોડી ગયો હતો. પોલીસે તુરંત જ અલગ-અલગ ટીમો બનાવીને હત્યારાને પકડી પાડવા ચક્રો ગતિમાન કર્યા હતા.

## AUDAની ઘોર બેદરકારી : RTIના 45 દિવસ બાદ પણ ન આપ્યો જવાબ, પારદર્શિતા સામે ઉઠ્યા સવાલો

અમદાવાદ

અમદાવાદ અર્બન ડેવલપમેન્ટ ઓથોરિટી (AUDA) ફરી એકવાર વિવાદોના ઘેરામાં આવી છે. આ વખતે કચેરીની સત્તાવાર કામગીરી અને પારદર્શિતા સામે ગંભીર સવાલો ઉભા થયા છે. માહિતીના અધિકાર (RTI) કાયદા હેઠળ માંગવામાં આવેલી વિગતો નિર્ધારિત સમયમર્યાદામાં ન આપીને 'ઓડા'ના અધિકારીઓએ કાયદાના લીરેલીરા ઉડાડ્યા હોવાના આક્ષેપો આરટીઆઈ એક્ટિવિસ્ટ દ્વારા કરવામાં આવ્યા છે. માહિતી અધિકાર (RTI) એક્ટ મુજબ કોઈપણ સરકારી વિભાગે અરજી મળ્યાના ૩૦ દિવસની અંદર માહિતી પૂરી પાડવી ફરજિયાત હોય છે. પરંતુ AUDA કચેરીમાં આ નિયમ માત્ર કાગળ પર જ હોય તેવું લાગી રહ્યું છે. RTI એક્ટિવિસ્ટના જણાવ્યા અનુસાર, તેમણે સત્તાવાર રીતે માહિતી માંગતી અરજી કર્યાને આજે ૪૫ કરતાં વધુ દિવસો વીતી ગયા હોવા છતાં, તંત્ર દ્વારા કોઈ પણ પ્રકારનો જવાબ કે માહિતી આપવામાં આવી નથી.

એક્ટિવિસ્ટે આક્રોશ વ્યક્ત કરતા જણાવ્યું હતું કે, કાયદેસરની અરજી કર્યા બાદ પણ માહિતી મેળવવા માટે તેમને વારંવાર AUDA કચેરીના ધક્કા ખાવા પડ્યા હતા. અધિકારીઓ દ્વારા માત્ર આશ્વાસનો આપવામાં આવ્યા પરંતુ સચોટ માહિતી છુપાવવાનો પ્રયાસ કરાયો હોય તેમ અરજીને લટકાવી રાખવામાં આવી છે. તંત્રની આ ઢીલી નીતિને કારણે અરજદારો ભારે હાલાકી ભોગવી રહ્યા છે. સરકારી તંત્રમાં પારદર્શિતા જળવાઈ રહે તે માટે બનેલા RTI એક્ટનો જ જ્યારે સરકારી સત્તાધીશો અનાદર કરે, ત્યારે વહીવટી તંત્રની જવાબદારી સામે મોટા પ્રશ્નાર્થ ચિહ્નો ઉભા થાય છે.

## લક્ઝુરિયસ સોસાયટી અને શો-રૂમ માલિકો વચ્ચે પાર્કિંગનો વિવાદ HC પહોંચ્યો, કોર્પોરેશન હરકતમાં!

અમદાવાદ

રહેણાંક અને વ્યાવસાયિક એકમો ધરાવતી લકઝુરીયશ માલાબાર કાઉન્ટી-2 કો-ઓપરેટિવ હાઉસિંગ અને કોમર્શિયલ સર્વિસ સોસાયટી દ્વારા પાર્કિંગ વિસ્તારમાં થયેલા ગેરકાયદે કબજા અને સબલેટિંગ સામે કરવામાં આવેલી અરજીનો ગુજરાત હાઈકોર્ટે નિકાલ કરતાં કોર્પોરેશનને કાર્યવાહી તર્કસંગત અંત સુધી પહોંચાડવા અને શક્ય તેટલી ઝડપથી પૂર્ણ કરવા સૂચના આપી છે.


અરજદાર સોસાયટીની રજૂઆત મુજબ, બિલ્ડિંગમાં આવેલી કેટલીક વ્યાવસાયિક સંસ્થાઓએ પોતાના પાર્કિંગ વિસ્તારનો ગેરકાયદે કબજો કરી તેનો એક ભાગ તૃતીય પક્ષને સબલેટ કર્યો હતો. ઉપરાંત, સમગ્ર પાર્કિંગ વિસ્તારનો ઉપયોગ વેપારી એકમો દ્વારા કરવામાં આવતો હોવાથી રહેણાંક વિસ્તારના રહેવાસીઓને પાર્કિંગ સહિતની વિવિધ મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો હતો. આ મુદ્દે સોસાયટીએ કોર્પોરેશન સમક્ષ રજૂઆત કરી હતી, પરંતુ યોગ્ય કાર્યવાહી ન થતાં હાઈકોર્ટનો દરવાજો ખટખટાવ્યો હતો.

સુનાવણી દરમિયાન કોર્પોરેશન તરફથી રજૂઆત કરવામાં આવી હતી કે સોસાયટીની ફરિયાદને ધ્યાનમાં રાખીને પહેલેથી જ કાર્યવાહી શરૂ કરવામાં આવી છે. સંબંધિત સોસાયટીના હોદ્દેદારો તેમજ વેપારી એકમોને નોટિસો પાઠવવામાં આવી છે. ગેરકાયદે દબાણો દૂર કરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવી હોવાનું તેમજ અતિક્રમણો દૂર કરાયેલા હોવાના ફોટોગ્રાફ્સ પણ અદાલત સમક્ષ રજૂ કરવામાં આવ્યા હતા.

CAG ઓડિટનો સણસણતો ઘટસ્ફોટ

# IKDRCમાં કરોડોનું PM ફંડ ધૂળ ખાય છે અને ગરીબ દર્દીઓ પાસેથી ટેસ્ટના નામે રોકડા તારવાય છે!

KDTF એ આ આખા કૌભાંડ મામલે IKDRC-ITS ના વર્તમાન ડાયરેક્ટર ડૉ. પ્રાંજલ મોદીને અનેક વખત લેખિત ફરિયાદ મોકલીને વસૂલવામાં આવેલી રકમ દર્દીઓને તાત્કાલિક વ્યાજ સાથે પરત કરવાની, ભવિષ્યમાં સહાય રકમનો સીધો જ ઉપયોગ કરવાની અને આ અંગેના તમામ નિયમો જાહેર કરવાની કડક માંગ કરી છે




- 21 વર્ષની યુવતી પાસેથી મંજૂર ફંડ હોવા છતાં હજારોની રોકડ પડાવી
- 'જેટલા ધક્કા ખાવા હોય એટલા ખાઓ, ફંડ નહીં ખુલે' - એકાઉન્ટ ઓફિસની દાદાગીરી
- CAG ઓડિટનો બોમ્બ: 30.20 કરોડ રૂપિયા બેંક ખાતામાં સડી રહ્યા છે!
- દર્દીઓ વ્યાજે પૈસા લાવે છે, આ વહીવટી ચૂક નથી પણ આર્થિક ગુનો છે: મહેશ દેવાની

અમદાવાદ

અમદાવાદની સિવિલ મેડિસિટી કેમ્પસમાં આવેલી કિડની ડિઝીઝ એન્ડ રિસર્ચ સેન્ટર (IKDRC) અને ડૉ. એચ.એલ. ત્રિવેદી ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટ્રાન્સપ્લાન્ટેશન સાયન્સિસ (ITS) ગરીબોની સારવાર માટે છે કે પછી સરકારી નાણાંની મલાઈ દબાવી રાખવા માટે? આ એક ગંભીર સવાલ આજે આખા ગુજરાત સમક્ષ ઊભો થયો છે. કિડની ડાયાલિસિસ એન્ડ ટ્રાન્સપ્લાન્ટ ફાઉન્ડેશન (KDTF) દ્વારા સામે લાવવામાં આવેલા પુરાવા અને દેશની સર્વોચ્ચ ઓડિટ સંસ્થા 'CAG' નો રિપોર્ટ હોસ્પિટલના વહીવટી તંત્રના લાલચુ અને સંવેદનહીન ચહેરાને બેનકાબ કરે છે. પ્રધાનમંત્રી રાષ્ટ્રીય રાહત કોષ (PMNRF) માંથી દર્દીઓની કિડની ટ્રાન્સપ્લાન્ટની સારવાર માટે લાખો રૂપિયા હોસ્પિટલના ખાતામાં આવી ગયા પછી પણ, ગરીબ દર્દીઓ પાસેથી નિયમિત તબીબી તપાસ (લેબોરેટરી રિપોર્ટ્સ) માટે ગેરકાયદેસર રીતે રોકડા રૂપિયા વસૂલવામાં આવી રહ્યા છે.

કેસ-1 : 21 વર્ષની યુવતી પાસેથી મંજૂર ફંડ હોવા છતાં હજારોની રોકડ પડાવી

એક ૨૧ વર્ષની ગરીબ દીકરીને તેની કિડની ટ્રાન્સપ્લાન્ટની સારવાર માટે PMNRF તરફથી રૂપિયા ૩,૦૦,૦૦૦/- (ત્રણ લાખ) ની સહાય રકમ મંજૂર કરવામાં આવી હતી. આ પૂરેપૂરી રકમ હોસ્પિટલના ખાતામાં ઓલરેડી જમા થઈ ચૂકી છે. આટલું મોટું સરકારી ફંડ જમા હોવા છતાં, હોસ્પિટલના સત્તાધીશોએ CBC, બ્લડ કલ્ચર, HIV, HCV, HBsAg જેવી અત્યંત જરૂરી તપાસ માટે આ ગરીબ પરિવાર પાસેથી રૂપિયા ૪,૫૪૦/- રોકડા વસૂલી લીધા. અત્યારે હજી ટ્રાન્સપ્લાન્ટની પ્રક્રિયા ચાલુ છે અને ટ્રાન્સપ્લાન્ટની તારીખ આવે ત્યાં સુધીમાં બીજા અંદાજે ૬૦ થી ૮૦ હજાર રૂપિયા આ જ રીતે રોકડામાં વસૂલવાની પૂરી તૈયારી છે. આ પૈસા કયા નિયમ હેઠળ લેવાય છે તેનો કોઈ જવાબ તંત્ર પાસે નથી.

કેસ-2: 'જેટલા ધક્કા ખાવા હોય એટલા ખાઓ, ફંડ નહીં ખુલે' - એકાઉન્ટ ઓફિસની દાદાગીરી

બીજા એક દર્દીનો કિસ્સો તો હોસ્પિટલની નરદમ જોહુકમી સાબિત કરે છે. આ દર્દીના નામે પણ રૂપિયા ૩ લાખનું પીએમ ફંડ જમા હતું. તેમને Flow Cytometric Crossmatch (FCM) જેવી ટ્રાન્સપ્લાન્ટ માટેની સૌથી મહત્વની તપાસ માટે રૂપિયા ૭,૦૦૦/- રોકડા લાવવા માટે દબાણ કરવામાં આવ્યું. દર્દીના સગાએ જ્યારે હોસ્પિટલની એકાઉન્ટ ઓફિસમાં જઈને હાથ જોડ્યા કે આ રકમ અમારા જમા ફંડમાંથી કાપી લો, ત્યારે હોસ્પિટલના બાબુઓએ એવો ઉદ્ધતાઈભર્યો જવાબ આપ્યો કે, 'આ ફંડ અત્યારે ખુલશે નહીં... ડૉક્ટર પાસે લખાવી લાવો, ને ડાયરેક્ટર સાહેબ હા પાડે તો કદાચ ખુલે; બાકી જેટલા ધક્કા ખાવા હોય એટલા ખાઓ, કોઈ ફાયદો નહીં થાય!' ગરીબ દર્દીઓ માટે બનેલી હોસ્પિટલમાં આવી સત્તાની ગરમી કોના જોરે બતાવવામાં આવી રહી છે?

આ કોઈ એકલદોકલ કિસ્સો નથી પણ સંસ્થાની કાયમી મનસા બની ગઈ છે. ભારતના નિયંત્રક અને મહાલેખા પરીક્ષક (CAG) ની કચેરી દ્વારા IKDRC-ITS ના વર્ષ ૨૦૧૫ થી ૨૦૨૩ સુધીના હિસાબોની કડક તપાસ કરવામાં આવી, જેમાં આ ભયાનક સત્ય બહાર આવ્યું છે. સંસ્થા પાસે દર્દીઓની જમા રકમ સ્વરૂપે ૨૦ ઓક્ટોબર ૨૦૨૩ સુધીમાં અંદાજે રૂપિયા ૩૦.૨૦ કરોડ પડ્યા હતા, જેમાંથી રૂપિયા ૧૬.૮૦ કરોડ તો માત્ર પ્રધાનમંત્રી રાહત ફંડના છે! રિપોર્ટ કહે છે કે આ કરોડો રૂપિયા વર્ષોથી વણવપરાયેલા પડી રહ્યા છે, અને કેટલીક રકમ તો વર્ષ ૨૦૧૬ થી હોસ્પિટલ દબાવીને બેઠી છે.

સૌથી મોટી નાણાકીય અનિયમિતતા એ છે કે જે એસ્ટીમેટના આધારે દિલ્હીથી પીએમ ફંડ મંજૂર થાય છે, તેમાં ઓપીડી તપાસ અને લોહીના તમામ રિપોર્ટનો ચાર્જ અગાઉથી જ સામેલ હોય છે. આમ છતાં ગરીબો પાસેથી અલગથી રોકડા ખંખેરી લેવામાં આવે છે અને સરકારનું ફંડ બેંકના ખાતામાં પડ્યું રહે છે. CAG ના રિપોર્ટમાં એ પણ પકડાયું છે કે આ રાહત રકમનો ઉપયોગ મૂળ ટ્રાન્સપ્લાન્ટ ઓપરેશન અને તેની તપાસ માટે કરવાને બદલે, નિયમોનું ઉલ્લંઘન કરીને ટ્રાન્સપ્લાન્ટ પછીના અન્ય ખર્ચાઓમાં ડાયવર્ટ કરવામાં આવ્યો છે.

દર્દીઓ વ્યાજે પૈસા લાવે છે, આ વહીવટી ચૂક નથી પણ આર્થિક ગુનો છે: મહેશ દેવાની

KDTF ના સ્થાપક મહેશ દેવાણીએ હોસ્પિટલના તંત્ર પર સીધો પ્રહાર કરતા જણાવ્યું છે કે, આ મામલો કોઈ નાની-મોટી વહીવટી ભૂલ નથી, પરંતુ કરોડો રૂપિયાની ગંભીર નાણાકીય અનિયમિતતા અને પાપ છે. બિચારા ગરીબ દર્દીઓએ હોસ્પિટલમાં ટેસ્ટ કરાવવા માટે બહારથી ઊંચા વ્યાજે પૈસા લાવીને રોકડા ચૂકવવા પડે છે, જ્યારે સરકારનું ફંડ બેંકમાં પડ્યું રહે છે. છેલ્લા બે વર્ષથી હોસ્પિટલના ઉચ્ચ અધિકારીઓને પુરાવા સાથે અસંખ્ય પત્રો લખવામાં આવ્યા, પરંતુ કોઈના કાન પર જૂ સુધ્ધાં રેંગી નથી.

KDTF એ આ આખા કૌભાંડ મામલે IKDRC-ITS ના વર્તમાન ડાયરેક્ટર ડૉ. પ્રાંજલ મોદીને અનેક વખત લેખિત ફરિયાદ મોકલીને વસૂલવામાં આવેલી રકમ દર્દીઓને તાત્કાલિક વ્યાજ સાથે પરત કરવાની, ભવિષ્યમાં સહાય રકમનો સીધો જ ઉપયોગ કરવાની અને આ અંગેના તમામ નિયમો જાહેર કરવાની કડક માંગ કરી છે. આ સળગતા ભ્રષ્ટાચારના પુરાવાઓ ગુજરાત આરોગ્ય વિભાગ સહિત રાજ્યના ઉચ્ચ સત્તાધિકારીઓને મોકલીને હોસ્પિટલના જવાબદાર અધિકારીઓ સામે કડક કાનૂની પગલાં લેવાની માંગ ઉઠાવવામાં આવી છે.

ગરીબોના લોહી-પરસેવાના પૈસા પર કુંડળી મારીને બેસેલા આવા તત્વો સામે હવે આરપારની લડાઈના મંડાણ થઈ ચૂક્યા છે

એક પછી એક 4 વાહનો વચ્ચે અકસ્માત અને ભીષણ આગ

## SG હાઇવે ઉપર નશામાં ધૂત નબીરાઓનો આતંક : અન્ય વાહનચાલકોના જીવ તાળવે ચોંટ્યા

ગાંધીનગર

ગાંધીનગરના એસ.જી. હાઈવે પર સરગાસણ બ્રિજ નજીક ગત રાત્રે નશામાં ધૂત નબીરાઓએ બેફામ ગાડીઓ દોડાવીને ભારે આતંક મચાવ્યો હતો. દારૂના નશામાં ચૂર એક નબીરાએ કાર પરથી કાબૂ ગુમાવતા એક પછી એક એમ ચાર વાહનો વચ્ચે ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. આ રફતારના રોમાંચે હાઈવે પર દોડતા અન્ય વાહનચાલકોના જીવ તાળવે ચોંટાડી દીધા હતા.

ઘટનાની વિગત મુજબ, સરગાસણ બ્રિજ નજીક ફૂલ સ્પીડમાં આવી રહેલી કારચાલકે આગળ જઈ રહેલી ઈલેક્ટ્રિક કારને જોરદાર ટક્કર મારી હતી. આ ટક્કર એટલી પ્રચંડ હતી કે EV કાર ફંગોળાઈને તેની આગળ ચાલતી ટોયોટા ઈનોવા કાર સાથે ધડાકાભેર અથડાઈ હતી. અકસ્માતમાં અન્ય એક વાહન પણ લપેટામાં આવી ગયું હતું, જેના કારણે હાઈવે પર ટ્રાફિક જામની સ્થિતિ સર્જાઈ હતી. ટક્કર વાગ્યાની ગણતરીની મિનિટોમાં જ અકસ્માત સર્જનાર કારમાં અચાનક ભીષણ આગ ફાટી નીકળી હતી. જોતજોતામાં આખી કાર આગની લપેટમાં આવી ગઈ હતી અને બળીને ખાખ થઈ ગઈ હતી. સદનસીબે કારમાં સવાર લોકો સમયસર બહાર નીકળી જતાં મોટો અનર્થ ટળ્યો હતો. જોકે, આ ભયાનક અકસ્માતમાં એક વ્યક્તિને અત્યંત ગંભીર ઈજાઓ પહોંચી છે, જેને તાત્કાલિક સારવાર અર્થે નજીકની હોસ્પિટલમાં ખસેડવામાં આવી છે.

આ અકસ્માત અંગે ગાંધીનગર ટ્રાફિક પીઆઈ પી. પી. પરમારે જણાવ્યું હતું કે, 'અકસ્માતની જાણ થતાં જ ટ્રાફિક પોલીસની ટીમ તુરંત હાઈવે પર પહોંચી ગઈ હતી અને ટ્રાફિક હળવો કરવાની કામગીરી હાથ ધરી હતી. આ અકસ્માત અને નશાખોર ચાલકો સામે કાયદેસરની કાર્યવાહી કરવાની બાબત સ્થાનિક પોલીસ (લોકલ પોલીસ સ્ટેશન) સંભાળી રહી છે અને તેઓ આગળની તપાસ કરી રહ્યા છે.'

ઘટનાની જાણ થતાં જ ફાયર બ્રિગેડની ટીમ પણ ઘટનાસ્થળે દોડી આવી હતી અને ક્રેટામાં લાગેલી આગ પર કાબૂ મેળવ્યો હતો. હાલમાં સ્થાનિક પોલીસે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## ધ્રોળ પંથકના વિરાણી ખીજડિયા ગામે જુગારના અડ્ડા પર ધ્રોલ પોલીસનો દરોડો : 6 જુગારીઓ ઝડપાયા

જામનગર

જામનગર જિલ્લાના ધ્રોલ તાલુકામાં વિરાણી ખીજડિયા ગામ નજીક જાહેરમાં ચાલતા જુગારના અડ્ડા પર ધ્રોલ પોલીસે દરોડો પાડી 6 શખ્સોને ઝડપી પાડ્યા હતા. પોલીસે રોકડ રકમ સહિતનો મુદ્દામાલ કબજે કરી આરોપીઓ સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. પોલીસ પાસેથી મળતી વિગતો મુજબ, તા.25 જૂન, 2026ના રોજ વિરાણી ખીજડિયા ગામથી ખેંગારકા ગામ જવાના રસ્તે આવેલા રામદેવપીરના મંદિર પાસે કેટલાક શખ્સો ગંજીપત્તાના પાનાં વડે પૈસાની હારજીતનો 'તીનપત્તી રોન પોલીસ' નામનો જુગાર રમી રહ્યા હતા. આ અંગે મળેલી બાતમીના આધારે ધ્રોલ પોલીસે દરોડો પાડ્યો હતો. દરોડા દરમિયાન પોલીસે ભાવેશભાઈ રમેશભાઈ પરમાર (રહે. અણીયારા, રાજકોટ), ગંગારામભાઈ પુરણદાસ સોલંકી, દેવજીભાઈ ધનાભાઈ જાદવ, મોતીરામ લાલદાસ પરમાર, છોટાલાલ ભીખાભાઈ ડાંગર અને લક્ષ્મીદાસ પુરણદાસ સોલંકી (તમામ વિરણી ખીજડીયા ગામ) સહિત 6 શખ્સોને ઝડપી પાડ્યા હતા.

જુગાર અડ્ડા પર એલસીબીનો સપાટો

## કલોલના ગાયત્રી મંદિર પાસે જુગાર રમતાં નવ શખસ ઝડપાયા : 2.78 લાખનો મુદ્દામાલ જપ્ત

ગાંધીનગર

ગાંધીનગર લોકલ ક્રાઈમ બ્રાન્ચની ટીમે કલોલ શહેરના ગાયત્રી મંદિર પાસે આવેલા અભુજીના પરામાં દરોડો પાડીને ખુલ્લી જગ્યામાં લીમડાના ઝાડ નીચે ગંજીપાના વડે પૈસાની હારજીતનો જુગાર રમતા નવ શખ્સોને રંગેહાથ ઝડપી પાડ્યા છે. પોલીસે સ્થળ પરથી રોકડા રૂપિયા, મોબાઈલ ફોન અને ગંજીપાના સહિત કુલ રૂ. 2.78 લાખનો મુદ્દામાલ જપ્ત કરી જુગાર ધારા હેઠળ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. ગાંધીનગર લોકલ ક્રાઈમ બ્રાન્ચના પીઆઈ ડી.બી. વાળાની ટીમ કલોલ શહેરી વિસ્તારમાં પેટ્રોલિંગ કરી રહી હતી. દરમ્યાન બાતમી મળી હતી કે, ગાયત્રી મંદિર પાસે આવેલા અભુજીના પરામાં દરોડો પાડીને ખુલ્લી જગ્યામાં લીમડાના ઝાડ નીચે જુગારધામ ધમધમી રહ્યું છે. આ બાતમીના આધારે પોલીસે ઘટનાસ્થળે રેઈડ પાડતા જુગારીઓમાં નાસભાગ મચી ગઈ હતી. પોલીસે તમામ ૯ શખસોને કોર્ડન કરીને સ્થળ પર જ દબોચી લીધા હતા.



જેમની પૂછતાછ કરતાં તેમણે પોતાના નામ અભુજી પરૂ ખાતે રહેતા અરવિંદજી રમેશજી મંગાજી ઠાકોર, ચિંતનજી ઉર્ફે કેતન પોપટજી જોઈતાજી ઠાકોર, આકાશજી મહેશજી રામાજી ઠાકોર, કિશનજી રાજુજી રામસંગજી ઠાકોર, રાજેશજી કાળાજી બાદરજી ઠાકોર અને લાલાજી બાબુજી વરસંગજી ઠાકોર, પ્રતાપપુરા ગામના પટેલવાસમાં રહેતો બ્રિજેશ દિનેશભાઈ વિરચંદદાસ પટેલ અને ધર્મેન્દ્ર ગોવિંદભાઈ મંગળદાસ પટેલ તેમજ મહેસાણા જિલ્લાના કડી તાલુકાના વણસોલ ગામના મહાદેવવાળા વાસમાં રહેતો વિષ્ણુજી રઈજીજી વશરાજી ઠાકોર હોવાનું જણાવ્યું હતું.

વનવિભાગ સામે ગ્રામજનોનો ભારે આક્રોશ

## અમરેલીના ખાંભામાં સિંહણનો આતંક : દાદા સાથે દૂધ આપવા જતાં 5 વર્ષના માસૂમ જીયાન પર હુમલો

ખાંભા (અમરેલી)

અમરેલી જિલ્લાના ખાંભા પંથકમાં માનવ અને વન્યજીવો વચ્ચેનો સંઘર્ષ હવે ચરમસીમાએ પહોંચ્યો છે. ખાંભા તાલુકાના ચતુરી ગામે રાત્રિના સમયે એક હૃદયદ્રાવક ઘટના સામે આવી છે, જેમાં માત્ર ૫ વર્ષના માસૂમ બાળક જીયાન પર સિંહણે ઓચિંતો જીવલેણ હુમલો કર્યો છે. આ ઘટનાને પગલે સમગ્ર પંથકમાં ભય અને અરેરાટીનો માહોલ વ્યાપી ગયો છે, તો બીજી તરફ વનવિભાગની ઢીલી કામગીરી સામે પીડિત પરિવાર અને સ્થાનિક લોકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે.

મળતી વિગતો મુજબ, ચતુરી ગામનો ૫ વર્ષનો માસૂમ જીયાન રાત્રિના સમયે તેના દાદા સાથે ઘરની નજીક જ આવેલી દૂધની ડેરી પર દૂધ આપવા માટે જઈ રહ્યો હતો.

દાદા-પૌત્ર હજુ રસ્તા પર જઈ રહ્યા હતા, ત્યાં જ અચાનક અંધારામાંથી એક સિંહણ ત્રાટકી હતી. દાદા કંઈ સમજે તે પહેલાં જ સિંહણે માસૂમ જીયાન પર હુમલો કરી તેને પકડી લીધો હતો. દાદાએ હિંમત દાખવી બૂમાબૂમ કરતાં અને આસપાસના લોકો દોડી આવતા સિંહણ બાળકને મૂકીને જંગલ તરફ ભાગી છૂટી હતી. લોહીલુહાણ થયેલા માસૂમ જીયાનને તાત્કાલિક સારવાર અર્થે હોસ્પિટલ ખસેડવામાં આવ્યો છે.

ટ્રાફિક અવરોધતા તત્વો સામે સતત કાર્યવાહી

## કુડાસણના કોમ્પ્લેક્સની ઓપન સ્પેસમાં બોલાર્ડ મૂકી 100 વાહનોનું પાર્કિંગ રોકી દેવાયું, આખરે કાર્યવાહી

ગાંધીનગર

ગાંધીનગર શહેરના સૌથી વધુ વિકસી રહેલા અને સતત અવરજવર ધરાવતા રક્ષાશક્તિ સર્કલથી સરગાસણ ચારરસ્તા સુધીના માર્ગ અને સર્વિસ રોડ પર કોમર્શિયલ કોમ્પ્લેક્સ પાસે ઊભા થયેલા દબાણો અને આડેધડ પાર્કિંગ સામે મહાનગરપાલિકા દ્વારા સતત કાર્યવાહી ચાલું રાખવામાં આવી છે.

કોમ્પ્લેક્સ દ્વારા થતા ગેરકાયદે દબાણો સામે પ્રથમવાર કાર્યવાહી થઇ રહી છે. કુડાસણના એક કોમ્પ્લેક્સની આગળ વાહન પાર્કિંગ માટેની ખુલ્લી જગ્યામાં કોમ્પ્લેક્સ સંચાલકો દ્વારા બોલાર્ડ મૂકીને જગ્યા રોકી દેવામાં આવી હતી. આ પ્રકારે ટુ વ્હીલર- ફોર વ્હીલર મળી 100થી વધુ વાહનો પાર્ક થઇ શકે તેટલી જગ્યા અટકાવી દેવાઇ હતી.



મહાનગરપાલિકા દ્વારા આ બોલાર્ડ કાપીને આ સ્પેસ ખુલ્લી કરી દેવામાં આવી હતી. કોમ્પ્લેક્સની બહાર વાહનો પાર્ક ન થઈ શકે તે માટે આ પ્રકારના બોલાર્ડ મૂકી અવરોધ ઉભો કરાયો હતો અને પાર્કિંગની સ્પેસમાં ટેબલ ખુરશી મૂકીને ખાણીપીણીની વ્યવસ્થા કરવામાં આવી હતી. મહાનગરપાલિકા દ્વારા આ તમામ સામાન પણ જપ્ત કરી લેવામાં આવ્યો છે.

આ કામગીરી અંતર્ગત 5 લારી ગલ્લા, 12 બોલાર્ડ, 5 ટેબલ, 45 ખુરશી, 23 સ્ટૂલ અને 13 જેટલા ગેરકાયદેસર જાહેરાતના બોર્ડ સ્થળ પરથી જપ્ત કરી લેવામાં આવ્યા છે. ટ્રાફિક પોલીસ દ્વારા રોડ પર ટ્રાફિકને અવરોધતા અને ગેરકાયદેસર રીતે પાર્ક કરેલા કુલ 16 વાહનોને શોધી કાઢી તેમની સામે કાયદેસરની કાર્યવાહી અંતર્ગત કુલ રૂપિયા 8 હજારનો દંડ વસૂલ કરવામાં આવ્યો છે.

આ સાથે જ સેનિટેશન શાખા દ્વારા પણ જાહેર સ્થળો પર ગંદકી ફેલાવતા અને સ્વચ્છતાના નિયમોનો ભંગ કરતા ઈસમો વિરુદ્ધ કડક પગલાં ભરીને કુલ રૂપિયા 7750 નો દંડ ફટકારવામાં આવ્યો છે.

પાક્કો ગુજરાત
શનિવાર | 27 જૂન 2026 | અમદાવાદ

### પૂર નિવારણ તથા નિયંત્રણ સમિતિ દ્વારા

# વિશ્વામિત્રી નદીમાં પૂરના પાણી આવતા અટકાવવા નવા 19 ચેકડેમ બનાવાશે...!

## પાવાગઢથી વિશ્વામિત્રી નદી, આજવા ડેમથી જાંબુવા નદી અને મીની નદી ડાયવર્ઝન માટે ડ્રોન સર્વે તેમજ સિમ્યુલેશન મોડલ તૈયાર કરવાની પણ ભલામણ કરવામાં આવી



ગાંધીનગર

વિશ્વામિત્રી નદીમાં અવારનવાર આવતા પૂરના પાણીને અટકાવવા લાંબા ગાળાના આયોજન હેઠળ 19 નવા ચેકડેમના નિર્માણની યોજના વિશ્વામિત્રી નદી પૂર નિવારણ તથા નિયંત્રણ સમિતિ દ્વારા રજૂ કરવામાં આવી હતી.

વિશ્વામિત્રી નદી પૂર નિવારણ તથા નિયંત્રણ સમિતિના અધ્યક્ષ બી. એન.નવલાવાલા તેમજ મ્યુનિસિપલ કમિશનર અરૂણ મહેશ બાબુની અધ્યક્ષતામાં થોડા સમય પહેલા બેઠક યોજાઈ હતી. જેમાં આ અંગે ચર્ચા કરવામાં આવી હતી.

બેઠકમાં થયેલી ચર્ચા મુજબ પાવાગઢથી પીંગલવાડા સુધી પસાર થતી વિશ્વામિત્રી નદીના ઉપરવાસમાં અર્થાત પાવાગઢથી વડોદરા વચ્ચે કેટલાક ચેકડેમ હતા. તેમાંથી અવારનવાર પૂર આવવાને કારણે ભારે નુકસાન થયું હતું તેનું પણ રીપેરીંગ કામ કરવામાં આવે તદુપરાંત નવા 19 ચેકડેમ બનાવવા જોઈએ. જેથી પાવાગઢથી વડોદરા સુધી ખૂબ જ તીવ્ર ઝડપથી વડોદરામાં પ્રવેશતા વિશ્વામિત્રીના પાણીના પ્રેશરમાં ઘટાડો થઈ શકે તેમ છે. બેઠકમાં કોર્પોરેશન દ્વારા રજુ થયેલી માહિતી મુજબ સેન્ટ્રલ પોલ્યુશન કંટ્રોલ બોર્ડના વર્ષ-2024ના અહેવાલ પ્રમાણે વિશ્વામિત્રી નદીના પાણીનું મહત્તમ બીઓડી લેવલ 8 એમજી પ્રતિ લિટર નોંધાયું છે, જે નેશનલ ગ્રીન ટ્રિબ્યુનલના ધોરણો મુજબ પ્રદૂષિત નદીઓની પ્રાયોરિટી-4 શ્રેણીમાં આવે છે. જોકે વર્ષ 2022-23ની સરખામણીએ વર્ષ 2024-25 દરમિયાન નદીના પાણીની ગુણવત્તામાં આંશિક સુધારો નોંધાયો હોવાનું બેઠકમાં જણાવાયું હતું. મહાનગરપાલિકાએ વિશ્વામિત્રી નદીમાં પ્રવેશતા ડ્રેનેજના ગંદા પાણીના કુલ 16 આઉટફોલ પોઈન્ટ સંપૂર્ણપણે બંધ કરીને 74 એમએલડી ગંદા પાણીનો પ્રવાહ ટ્રીટમેન્ટ પ્લાન્ટ સુધી પહોંચાડવાની કામગીરી પૂર્ણ કરી છે. બાકીના પાંચ આઉટફોલ પોઈન્ટમાંથી જતો 3.8 એમએલડી ગંદા પાણીનો પ્રવાહ પણ બંધ કરવા માટે ડ્રેનેજ અને વરસાદી લાઈનની કામગીરી હાથ ધરાઈ છે, જે આગામી ચારથી પાંચ મહિનામાં પૂર્ણ કરવાની યોજના છે. નદીના પાણીની ગુણવત્તા પર નજર રાખવા માટે જીપીસીબીના સંકલનથી આઠ સ્થળોએ નિયમિત સેમ્પલિંગ કરવામાં આવી રહ્યું છે.

### સુરત રેલવે સ્ટેશન પરથી

# રૂપિયા 20 કરોડનું કોકેઈન જપ્ત : DRIની મોટી કાર્યવાહી



સુરત

ગુજરાતમાં નશાના કારોબાર સામે સુરક્ષા એજન્સીઓએ ફરી એકવાર લાલ આંખ કરી છે. ડાયરેક્ટોરેટ ઓફ રેવન્યુ ઈન્ટેલિજન્સ (DRI) દ્વારા સુરત રેલવે સ્ટેશન પર એક મોટી અને સચોટ કાર્યવાહી કરીને કરોડો રૂપિયાનું ડ્રગ્સ ઝડપી પાડવામાં સફળતા મળી છે. દિલ્હીથી મુંબઈ જતી ટ્રેનમાં સર્ચ ઓપરેશન દરમિયાન અંદાજે ૨ કિલોગ્રામ હાઈ-ક્વોલિટી કોકેઈનનો જથ્થો જપ્ત કરવામાં આવ્યો છે, જેની આંતરરાષ્ટ્રીય બજારમાં કિંમત ૨૦ કરોડ જેટલી હોવાનું અંદાજવામાં આવી રહ્યું છે.

સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ, DRIના ઉચ્ચ અધિકારીઓને ચોક્કસ અને ગુપ્ત બાતમી મળી હતી કે દિલ્હીથી મુંબઈ તરફ જતી ટ્રેનમાં ડ્રગ્સની એક મોટી ખેપ લઈ જવામાં આવી રહી છે. આ બાતમીના આધારે DRIની ટીમે સુરત રેલવે સ્ટેશન પર વહેલી સવારથી જ મજબૂત ફિલ્ડિંગ ગોઠવી દીધી હતી. જેવી ટ્રેન સ્ટેશન પર આવી, કે તુરંત જ શંકાસ્પદ કોચ અને મુસાફરો પર નજર રાખવામાં આવી હતી.

તપાસ દરમિયાન ટ્રેનમાં મુસાફરી કરી રહેલા એક શંકાસ્પદ શખ્સની હિલચાલ પર અધિકારીઓને શંકા ગઈ હતી. તેની સઘન પૂછપરછ અને સામાનની તલાશી લેતા તેની બેગમાંથી ૨ કિલોગ્રામ કોકેઈનનો જથ્થો મળી આવ્યો હતો. અધિકારીઓએ ડ્રગ્સનો જથ્થો કબજે કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે અને તે શખ્સની સ્થળ પર જ ધરપકડ કરી લેવામાં આવી છે.

આટલી મોટી માત્રામાં મોંઘા ગણાતા કોકેઈનનો જથ્થો ક્યાંથી લાવવામાં આવ્યો હતો અને મુંબઈમાં કોને સપ્લાય કરવાનો હતો, તે દિશામાં DRI એ ચક્રો ગતિમાન કર્યા છે. પકડાયેલા આરોપીની પૂછપરછમાં આંતરરાજ્ય ડ્રગ્સ માફિયાઓ અને મોટા નેટવર્કનો પર્દાફાશ થાય તેવી પૂરેપૂરી શક્યતા સેવાઈ રહી છે. સુરત રેલવે સ્ટેશન પર થયેલી આ ધડાકાભેર કાર્યવાહીથી નશાના સોદાગરોમાં ભારે ફફડાટ વ્યાપી ગયો છે.

### મોતના બ્લેન્કેટ પાછળ છુપાયેલું છે મોટું રહસ્ય

# વડોદરાના દશરથ ગામમાં સનસનાટી : પિતાની જગ્યાએ નોકરી પર ગયેલા આશાસ્પદ યુવકની પથ્થર મારી ક્રૂર હત્યા!

વડોદરા

વડોદરા જિલ્લાના દશરથ ગામ નજીક એક હ્રદયકંપાવનારી અને ભેદી હત્યાની ઘટના સામે આવતા સમગ્ર પંથકમાં ચકચાર મચી જવા પામી છે. એક ખાનગી શોરૂમમાં ગાડીઓ વોશિંગ કરવાનું કામ કરતા ઉમેદ વસાવા નામના ૪૩ વર્ષીય ક્ષત્રિય યુવકની અજાણ્યા શખ્સો દ્વારા પથ્થરના ઘા ઝીંકીને નિર્મમ હત્યા કરી દેવામાં આવી છે. આ ચકચારી ઘટનાની જાણ થતાં જ દશરથ ગામ અને આસપાસના ગ્રામજનોના મોટા ટોળા ઘટનાસ્થળે ઉમટી પડ્યા હતા. ઘટનાની ગંભીરતાને જોતા સ્થાનિક પોલીસે તાત્કાલિક કાફલા સાથે પહોંચીને હત્યારાઓને શોધવા ચક્રો ગતિમાન કર્યા છે. મળતી વિગતો અનુસાર, મૃતક ઉમેદ વસાવાના પિતા ભવનભાઈ વસાવાનું તાજેતરમાં જ મોતિયાનું ઓપરેશન થયું હોવાથી તેઓ રજા પર હતા. પિતા ઘરે આરામ કરી રહ્યા હોવાથી, ઉમેદ વસાવા પિતાની જગ્યાએ ખાનગી શોરૂમમાં પોતાની ડ્યૂટી પૂરી કરવા માટે ગયો હતો. સવારે જ્યારે પરિવાર ઘણો સમય થવા છતાં ઉમેદ ઘરે ન ફરતા તેને બોલાવવા માટે પહોંચ્યો, ત્યારે શોરૂમ નજીકના ખુલ્લા વિસ્તારમાં જમીન પર બ્લેન્કેટથી ઢાંકેલી હાલતમાં એક લાશ જોવા મળી હતી. પરિવારે ભારે હૈયે બ્લેન્કેટ હટાવતા જ ત્યાંનું દ્રશ્ય જોઈને તેઓ સ્તબ્ધ થઈ ગયા હતા. ઉમેદ વસાવાનો લોહીલુહાણ દેહ ત્યાં પડ્યો હતો અને નજીકમાંથી જ લોહીથી ખરડાયેલો એક મોટો પથ્થર પણ મળી આવ્યો હતો. ટૂંકી પૂછપરછમાં જ સ્પષ્ટ થઈ ગયું હતું કે ઉમેદને માથાના ભાગે પથ્થરના ઘા મારી મોતને ઘાટ ઉતારી દેવાયો છે.

આ સમગ્ર હત્યાકાંડમાં સૌથી મોટો અને ચોંકાવનારો વળાંક ત્યારે આવ્યો જ્યારે મૃતકના બહેનને આવેલા એક ફોનની વિગત સામે આવી. ઉમેદનો મૃતદેહ પરિવારને મળે તે પહેલાં જ, મૃતકના બહેનના મોબાઈલ પર એક અજાણ્યા નંબર પરથી ફોન આવ્યો હતો. ફોન કરનારે પોતાનું નામ ઉમેદનો 'નાનો ભાઈ' જણાવ્યું હતું અને બહેનને કહ્યું કે, 'ઉમેદને કોઈએ પથ્થર મારીને મારી નાખ્યો છે!' પરંતુ ચોંકાવનારી હકીકત એ છે કે જ્યારે આ ઘટના બની અને જ્યારે ફોન આવ્યો, ત્યારે ઉમેદનો અસલી નાનો ભાઈ પોતાની નોકરી પર ફરજ બજાવી રહ્યો હતો અને તેને આ અંગે કોઈ જ માહિતી નહોતી! આ બાબત સાબિત કરે છે કે નાનો ભાઈ બનીને ફોન કરનાર વ્યક્તિ કોઈ બહારનો નથી, પરંતુ પરિવાર અને ઉમેદની હિલચાલથી સંપૂર્ણ વાકેફ એવો કોઈ ખૂબ જ નજીકનો વ્યક્તિ અથવા ભેજાબાજ હત્યારો પોતે હોઈ શકે છે.

### ડીસામાં હનીટ્રેપ અને બ્લેકમેલિંગનો ઘાતક ખેલ

# યુવકને આપઘાત માટે મજબૂર કરનાર ઠગ દંપતી પાટણથી ઝડપાયું

ડીસા/પાલનપુર

બનાસકાંઠા જિલ્લાના ડીસા શહેરમાં થોડા સમય અગાઉ એક આશાસ્પદ યુવકને બ્લેકમેલ કરી, તેના બીભત્સ ફોટા વાયરલ કરીને મોતને ઘાટ ઉતારવા મજબૂર કરનાર કપટી અને શાતિર દંપતીને આખરે પોલીસે દબોચી લીધું છે. બદનામીના માનસિક આઘાતમાં આવીને ગળે ફાંસો ખાઈ આપઘાત કરનાર યુવકના કેસમાં નાસતા-ફરતા આ દંપતીને પાલનપુર એલસીબી (Local Crime Branch) પોલીસે બાતમીના આધારે પાટણ ખાતેથી ઝડપી પાડવામાં સફળતા મેળવી છે. આ ધરપકડ બાદ પંથકના હનીટ્રેપ અને ડિજિટલ બ્લેકમેલિંગ કરતા તત્વોમાં ભારે ફફડાટ વ્યાપી ગયો છે.



વિશ્વાસઘાત, અશ્લીલ વીડિયો કોલ અને પછી બ્લેકમેલિંગનો કાળો કારોબાર

મળતી વિગતો અનુસાર, ડીસામાં કુંભારવાસ પાછળ આવેલા ઓગડવાસમાં રહેતા મહેશ ઉર્ફે વેજુ ખેમાજી ઠાકોર અને તેની પત્ની રિંકુબેન ઠાકોરે સોશિયલ મીડિયા અને મોબાઈલના માધ્યમથી એક નિર્દોષ યુવકને પોતાના વિશ્વાસમાં લીધો હતો. ત્યારબાદ આ દંપતીએ એક પૂર્વ આયોજિત કાવતરું ઘડ્યું હતું. રિંકુબેને યુવકને નાહતી વખતે વીડિયો કોલ કરવા મજબૂર કર્યો હતો અને આ દરમિયાન યુવકના કેટલાક અત્યંત બીભત્સ અને અશ્લીલ ફોટા પાડી લીધા હતા.

આ ફોટાના આધારે દંપતીએ યુવકને બ્લેકમેલ કરવાનું શરૂ કર્યું હતું. એટલું જ નહીં, પોતાની ઓકાત પર આવીને આ દંપતીએ યુવકના તે બીભત્સ ફોટા સોશિયલ મીડિયા પર વાયરલ કરી દીધા હતા. રૂબરૂ અને સમાજમાં આબરૂના ધજાગરા ઉડતા અને ભયંકર બદનામી થતાં યુવક આ માનસિક આઘાત સહન કરી શક્યો ન હતો. આખરે કોઈ રસ્તો ન સૂઝતા તેણે ગળે ફાંસો ખાઈને પોતાનું જીવન ટૂંકાવી લીધું હતું.

# વિજયનગર પોલીસે નશાના કાળા કારોબારનો પર્દાફાશ કર્યો: લીલાછમ ખેતરો વચ્ચે થતું ગાંજાનું ગેરકાયદેસર વાવેતર ઝડપાયું

સાબરકાંઠા

ગુજરાત સરકાર અને રાજ્ય પોલીસ દ્વારા ચલાવવામાં આવી રહેલા 'ડ્રગ્સ મુક્ત ગુજરાત' અભિયાન અંતર્ગત સાબરકાંઠા જિલ્લાની વિજયનગર પોલીસને એક મોટી સફળતા મળી છે. વિજયનગર પોલીસની ટીમે બાતમીના આધારે ચોક્કસ લોકેશન પર દરોડો પાડીને ખેતરમાં અન્ય પાકની આડમાં કરવામાં આવતું ગાંજાનું ગેરકાયદેસર વાવેતર ઝડપી પાડ્યું છે. પોલીસે આ ઓપરેશન દરમિયાન કુલ 1.511 કિલોગ્રામ વજનના ગાંજાના લીલા છોડના મુદ્દામાલ સાથે એક આરોપીને રંગેહાથ દબોચી લીધો છે.

મળતી વિગતો અનુસાર, વિજયનગર પોલીસ મથકના અધિકારીઓને ગુપ્ત બાતમી મળી હતી કે વિસ્તારના એક ખેતરમાં સામાન્ય પાકની આડમાં પ્રતિબંધિત નશાકારક પદાર્થ ગાંજાના છોડ ઉગાડવામાં આવી રહ્યા છે. આ બાતમીના આધારે પોલીસે સ્ટાફ સાથે ઓચિંતો દરોડો પાડ્યો હતો. પોલીસને ખેતરમાંથી વનસ્પતિજન્ય ગાંજાના લીલાછમ છોડ મળી આવ્યા હતા. પોલીસે વૈજ્ઞાનિક પદ્ધતિથી આ નશાના જથ્થાની ખરાઈ કર્યા બાદ, કુલ 1.511 કિલોગ્રામ ગાંજાનો જથ્થો જપ્ત કર્યો હતો અને કાળા કારોબાર સાથે સંકળાયેલા મુખ્ય આરોપીની ઘટનાસ્થળેથી જ ધરપકડ કરી લીધી હતી.

ગ્રામ્ય વિસ્તારોમાં કાયદાની આંખમાં ધૂળ નાખીને આ પ્રકારે નશાની ખેતી કરવાનો આ કીમિયો પોલીસની સતર્કતાના કારણે નિષ્ફળ સાબિત થયો છે. વિજયનગર પોલીસે પકડાયેલા આરોપી વિરૂદ્ધ એન.ડી.પી.એસ. (NDPS - Narcotic Drugs and Psychotropic Substances) એક્ટ હેઠળ ગુનો નોંધી જેલના સળિયા પાછળ ધકેલી દીધો છે. પોલીસ હવે એ દિશામાં તપાસ ચલાવી રહી છે કે આરોપી આ ગાંજાનો જથ્થો કોને સપ્લાય કરવાનો હતો અને આ કાળા કારોબારના તાર અન્ય કયા સ્થાનિક કે બહારના પેડલરો સાથે જોડાયેલા છે. આ સફળ કામગીરીથી વિસ્તારના ડ્રગ માફિયાઓમાં ભારે ફફડાટ વ્યાપી ગયો છે.

### અલંગ પોલીસનો મોટો સપાટો: દેશી દારૂના ગુનામાં સંડોવાયેલો બુટલેગર સુરાભાઇ જાબુચા પાસા હેઠળ લાજપોર જેલ ભેગો

ભાવનગર

ભાવનગર જિલ્લામાં પ્રોહિબિશન અને ગુનાખોરી પ્રવૃત્તિઓ ડામવા માટે જિલ્લા પોલીસ વડાની સૂચનાથી કડક ઝુંબેશ ચલાવવામાં આવી રહી છે. જે અંતર્ગત અલંગ પોલીસ સ્ટેશનની ટીમે એક મોટી કાર્યવાહી કરીને દેશી દારૂના ગુનાઓમાં સંડોવાયેલા લિસ્ટેડ આરોપી સામે પાસા (PASA)નું શસ્ત્ર ઉગામ્યું છે. અસામાજિક પ્રવૃત્તિઓ આચરતા સુરાભાઈ દુદાભાઈ જાબુચાને પોલીસે દબોચી લઈને સુરતની લાજપોર સેન્ટ્રલ જેલ હવાલે કરી દીધો છે. આરોપી સુરાભાઈ દુદાભાઈ જાબુચા લાંબા સમયથી અલંગ પોલીસ સ્ટેશન વિસ્તાર અને તેની આસપાસના વિસ્તારોમાં દેશી દારૂની ગેરકાયદે હેરાફેરી અને વેચાણ જેવી પ્રવૃત્તિઓમાં સક્રિય હતો.

# મહેસાણામાં ગાંધીનગર ACBની સફળ ટ્રેપ: DILR કચેરીના લાયસન્સી સર્વેયર ₹70 હજારની લાંચ લેતા રંગેહાથ ઝડપાયા

મહેસાણા

ભ્રષ્ટાચાર મુક્ત ગુજરાતના અભિયાન હેઠળ ગાંધીનગર એન્ટી કરપ્શન બ્યુરો (ACB)ની ટીમે મહેસાણામાં એક મોટી સફળ ટ્રેપ ગોઠવીને ભ્રષ્ટાચારી તત્વો સામે લાલ આંખ કરી છે. મહેસાણા જિલ્લાની ડી.આઈ.એલ.આર. (DILR) કચેરીના લાયસન્સી સર્વેયર આશિષકુમાર ભીખાભાઈ પરમારને રૂપિયા 70,000ની લાંચ સ્વીકારતા રંગેહાથ ઝડપી પાડવામાં આવ્યા છે.

મળતી વિગતો અનુસાર, ફરિયાદી દ્વારા જમીનની હિસ્સાદુરસ્તી અને તેની માપણી કરાવવાની સરકારી કામગીરી માટે ઓનલાઈન અરજી કરવામાં આવી હતી. આ સત્તાવાર કામ પૂર્ણ કરવાના બદલામાં આરોપી લાયસન્સી સર્વેયર આશિષકુમારે કુલ રૂપિયા 1.90 લાખની મસમોટી લાંચની માંગણી કરી હતી. જેમાંથી પ્રથમ હપ્તા પેટે રૂપિયા 70 હજાર તાત્કાલિક આપવા જણાવ્યું હતું. ફરિયાદી આ લાંચની રકમ આપવા બિલકુલ ઈચ્છતા ન હોવાથી, તેમણે સીધો ગાંધીનગર એસીબી (ACB) કચેરીનો સંપર્ક સાધી સમગ્ર મામલે ફરિયાદ નોંધાવી હતી.

ફરિયાદના આધારે એસીબીની ટીમે પૂર્વ આયોજિત વ્યૂહરચના મુજબ મહેસાણા સેશન્સ કોર્ટના ગેટ નંબર 4 પાસે આવેલા 'જય અંબે નાસ્તા હાઉસ' ખાતે લાંચનું છટકું (ટ્રેપ) ગોઠવ્યું હતું. ફરિયાદી પાસેથી જ્યારે આરોપી આશિષકુમાર પરમાર રૂપિયા 70 હજારની લાંચ સ્વીકારી રહ્યો હતો, બરાબર તે જ સમયે એસીબીની ટીમે ત્રાટકીને તેને રંગેહાથ દબોચી લીધો હતો. અધિકારીઓએ લાંચની સંપૂર્ણ રકમ પણ ઘટનાસ્થળેથી જપ્ત કરી લીધી છે.

આ સફળ ઓપરેશન ગાંધીનગર એસીબીના પોલીસ ઈન્સ્પેક્ટર ડી. એ. ચૌધરી અને તેમની ટીમ દ્વારા પાર પાડવામાં આવ્યું હતું. હાલ એસીબી દ્વારા આરોપી સર્વેયર વિરુદ્ધ ભ્રષ્ટાચાર નિવારણ અધિનિયમ હેઠળ ગુનો નોંધીને કાયદેસરની કડક કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. આ બનાવથી સરકારી કચેરીઓમાં લાંચિયા બાબુઓમાં ભારે ફફડાટ વ્યાપી ગયો છે.

# વલાદ ડમ્પિંગ સાઇટમાંથી નવજાત શિશુનો મૃતદેહ મળ્યો : પોલીસે તપાસ શરૂ કરી, પોસ્ટમોર્ટમ માટે મોકલાયો

ગાંધીનગર

ગાંધીનગર જિલ્લાના વલાદ ગામના પ્રવેશદ્વાર નજીક આવેલી ડમ્પિંગ સાઈટમાંથી ગત 23મીએ નવજાત શિશુનો મૃતદેહ મળી હતો. આ ઘટનાને પગલે સમગ્ર વિસ્તારમાં ચકચાર મચી ગઈ હતી. પ્રાથમિક આશંકા છે કે જન્મ બાદ કોઈ અજાણ્યા વ્યક્તિ દ્વારા શિશુને ડમ્પિંગ સાઈટમાં ફેંકી દેવામાં આવ્યું હતું. જોકે, બાળકનો જન્મ જીવંત થયો હતો કે મૃત અવસ્થામાં, તે પોસ્ટમોર્ટમ રિપોર્ટ બાદ જ સ્પષ્ટ થશે.

મળતી માહિતી મુજબ, વલાદ ગામના પ્રવેશદ્વાર પાસેની ડમ્પિંગ સાઈટ પર કચરો વીણતા લોકોને નવજાત શિશુનો મૃતદેહ જોવા મળ્યો હતો. તેમણે તાત્કાલિક 112 ઈમરજન્સી સેવા અને ડભોડા પોલીસને આ અંગે જાણ કરી હતી. માહિતી મળતા જ ડભોડા પોલીસ ઘટનાસ્થળે પહોંચી હતી. પોલીસે સ્થળનું પંચનામું કરી જરૂરી પુરાવા એકત્રિત કર્યા હતા. ત્યારબાદ નવજાતના મૃતદેહને કબજે લઈ પોસ્ટમોર્ટમ માટે ગાંધીનગર સિવિલ હોસ્પિટલ ખાતે મોકલી આપવામાં આવ્યો હતો.



પોલીસે પ્રાથમિક તપાસ શરૂ કરી છે. ડમ્પિંગ સાઈટની આસપાસના વિસ્તારની માહિતી મેળવવાની સાથે નજીકના સીસીટીવી કેમેરાના ફૂટેજ તપાસવામાં આવી રહ્યા છે. છેલ્લા કેટલાક દિવસોમાં આસપાસના વિસ્તારોમાં થયેલી પ્રસૂતિઓ, ખાનગી હોસ્પિટલો અને દવાખાનાઓ પાસેથી પણ માહિતી મેળવવાના પ્રયાસો ચાલુ છે.

આ ઘટના અંગે અનેક સવાલો ઊભા થયા છે. પોલીસે કોઈપણ પ્રકારના અનુમાનને બદલે વૈજ્ઞાનિક પુરાવા અને તપાસના આધારે કાર્યવાહી શરૂ કરી છે. પોસ્ટમોર્ટમ રિપોર્ટ અને ફોરેન્સિક તપાસ બાદ સમગ્ર ઘટનાની હકીકત બહાર આવશે.

ડભોડા પોલીસે અજાણ્યા વ્યક્તિ સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# પોલીસ સ્ટેશનની પાછળ ડોકટર પર હુમલો, ગાડીના કાચ તોડી નાખ્યાં : લાફા મારીને મારી નાખવાની ધમકીઓ આપી

ગાંધીનગર

ગાંધીનગરના સેક્ટર- 24 વિસ્તારમાં રહેતા એક ડૉક્ટર પર સેક્ટર-6 કડિયા નાકા પાસે પોલીસ સ્ટેશનની પાછળ જ ચાર મજૂરોએ એકસંપ થઈને હિંસક હુમલો કર્યો હોવાની ચોંકાવનારી ઘટના સામે આવી છે. ડૉક્ટર પોતાના મકાનના બાંધકામના કામ માટે મજૂરો લેવા ગયા હતા, ત્યારે અગાઉ પરિચયમાં આવેલા શ્રમિકોએ ઉશ્કેરાઈને હુમલો કરી ગાડીના કાચ તોડી નાખી આતંક મચાવી દીધો હતો. આ મામલે સેક્ટર-7 પોલીસે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

ગાંધીનગરના સેક્ટર-24માં આદર્શ નગર ખાતે રહેતા અને વ્યવસાયે ડૉક્ટર મૌલિક કુમાર નરેશભાઈ પટેલ અમદાવાદના સેટેલાઈટ વિસ્તારમાં પોતાના રેસિડન્સનું કામ કરાવી રહ્યા છે. આ કામ માટે તેમને મજૂરોની જરૂર હોવાથી તેઓ ગઈકાલે સવારે સેક્ટર-6 કડિયા નાકે પોલીસ સ્ટેશનના પાછળના ભાગે ગયા હતા.

અગાઉ અમદાવાદના નારોલ વિસ્તારમાં હોસ્પિટલના બાંધકામ વખતે કડિયા નાકાના મજૂરોએ એક મહિનો કામ કર્યું હોવાથી ડૉક્ટર તેમને ઓળખતા હતા અને તેમના નાણાં પણ ચૂકવી અપાયા હતા. જો કે આ મજૂરો કામ અધૂરું મૂકીને પરત આવી ગયા હતા. ડૉક્ટર જ્યારે કડિયા નાકે પહોંચ્યા ત્યારે ત્યાં હાજર કમલેશ નામના મજૂરે અચાનક ડૉક્ટરને લાફા મારી દીધા હતા. જ્યારે તેના નાના ભાઈએ ગડદાપાટુનો માર મારવાનું શરૂ કરી દીધું હતું.

આ હુમલામાં કમલેશ, તેનો નાનો ભાઈ, શૈલેષ દંતાણી અને અન્ય એક અજાણ્યો શ્રમિક એમ ચારેય જણા ભેગા મળીને ડૉક્ટર પર તૂટી વળ્યા હતા. આ હિંસક દ્રશ્યો જોઈને આસપાસના અન્ય મજૂરોએ બૂમાબૂમ કરી વચ્ચે પડીને ડૉક્ટરને વધુ મારમાંથી છોડાવ્યા હતા. તોય આટલેથી ન અટકતા કમલેશ અને શૈલેષે ભેગા મળીને ડૉક્ટરની ગાડીના કાચ તોડી નાખી આર્થિક નુકસાન પહોંચાડ્યું હતું. અને હુમલાખોરોએ ડૉક્ટરને જાહેરમાં બિભત્સ ગાળો આપી જાનથી મારી નાખવાની ધમકીઓ પણ આપી હતી.

આ હુમલાના પગલે પગલે ડૉક્ટરે જાણ કરતા સેક્ટર-7 પોલીસની ટીમ તેમજ 108 એમ્બ્યુલન્સ પણ ઘટનાસ્થળે દોડી ગઈ હતી.

પોલીસ તાત્કાલિક તમામ મજૂરોને પકડીને પોલીસ સ્ટેશને લઈ ગઈ હતી. બીજી તરફ ડૉક્ટરને શરીરે અંદરની ગંભીર ઈજાઓ થઈ હોવાથી હાજર પોલીસે તેમને સારવાર માટે સિવિલ હોસ્પિટલ ગાંધીનગર ખાતે મોકલી આપ્યા હતા. આ અંગે સેક્ટર-7 પોલીસે ગુનો નોંધી કાયદેસરની તપાસ હાથ ધરી છે.

### જૂની અદાવતમાં ટોળાનો હિંસક હુમલો

# નડિયાદના પીજમાં છાપરી ભાગોળ વિસ્તાર લોહીયાળ બન્યો : ચાર યુવકો ગંભીર રીતે ઈજાગ્રસ્ત

નડિયાદ (ખેડા)

નડિયાદ તાલુકાના પીજ ગામના છાપરી ભાગોળ વિસ્તારમાં મોડી રાત્રે જૂની અદાવત અને સામાન્ય બોલાચાલીએ ઉગ્ર સ્વરૂપ ધારણ કરતાં હિંસક ધીંગાણું ખેલાયું હોવાની સનસનાટીભરી ઘટના સામે આવી છે. એક જૂથના ટોળાએ ઘાતક હથિયારો સાથે ધસી આવીને બીજા જૂથના યુવકો પર તૂટી પડતાં સમગ્ર વિસ્તારમાં અફરાતફરી મચી ગઈ હતી. આ હિંસક હુમલામાં ચાર જેટલા યુવકો ગંભીર રીતે ઈજાગ્રસ્ત થતાં તેમને તાત્કાલિક સારવાર અર્થે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા છે.

સ્થાનિક સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ, પીજના છાપરી ભાગોળ વિસ્તારમાં બે પક્ષો વચ્ચે અગાઉની કોઈ બાબતની અદાવત ચાલી રહી હતી. આ દરમિયાન ગઈકાલે રાત્રે અચાનક મામલો બિચક્યો હતો અને એકઠા થયેલા ઉશ્કેરાયેલા ટોળાએ હથિયારો સાથે હુમલો કરી દીધો હતો. હુમલાખોરોએ લાકડીઓ, પાઈપો અને તીક્ષ્ણ હથિયારો વડે હુમલો કરતાં ચાર યુવકો લોહીલુહાણ થઈ ગયા હતા. બૂમાબૂમ થતાં આસપાસના લોકો દોડી આવ્યા હતા, જેને પગલે હુમલાખોરો ત્યાંથી નાસી છૂટ્યા હતા.


આ હુમલામાં ગંભીર રીતે ઘવાયેલા ચારેય ઈજાગ્રસ્ત યુવકોને તાત્કાલિક અસરથી નજીકની હોસ્પિટલમાં સારવાર માટે ખસેડવામાં આવ્યા છે, જ્યાં તેમની સ્થિતિ નાજુક હોવાનું જાણવા મળી રહ્યું છે. ઘટનાની જાણ થતાં જ ખેડા જિલ્લા પોલીસનો ઉચ્ચ કાફલો ઘટનાસ્થળે દોડી ગયો હતો. વધુ કોઈ અનિચ્છનીય ઘટના ન બને તે માટે પીજ છાપરી ભાગોળ વિસ્તારમાં ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો છે.

પોલીસે આ મામલે ઈજાગ્રસ્તો અને પ્રત્યક્ષદર્શીઓના નિવેદનો નોંધીને ગુનો દાખલ કરવાની તજવીજ હાથ ધરી છે. ટોળામાં સામેલ મુખ્ય આરોપીઓ કોણ હતા અને હુમલા પાછળનું ચોક્કસ કારણ શું છે, તે દિશામાં પોલીસે અલગ-અલગ ટીમો બનાવીને ફરાર હુમલાખોરોને દબોચી લેવા માટે ચક્રો ગતિમાન કર્યા છે. આ ઘટનાને પગલે શાંત ગણાતા પીજ ગામમાં હાલ ભારે ચર્ચા અને તંગદિલીનો માહોલ જોવા મળી રહ્યો છે.

## તંત્રી લેખ...

# ઘર-ઘર રમતાં જે દિલ જોડાયા, એ બચપણની દોસ્તીમાં આ 'ઘાયલ' હૃદયની વ્યાકુળતા કેમ?

માનવ સંબંધોની ગણિત અકળ છે, અને જ્યારે વાત બચપણની દોસ્તીની હોય ત્યારે આ ગણિત વધુ જટિલ બની જાય છે. આપણે જિંદગીના કેટલાય વર્ષો સંબંધોને સમજવામાં અને સમજાવવામાં વિતાવી દઈએ છીએ. તાજેતરમાં સોશિયલ મીડિયા અને સાહિત્યિક વર્તુળોમાં ગુંજતી આ ચાર પંક્તિઓ માત્ર શબ્દો નથી, પણ કોઈના અંતર આત્માનો ચિત્કાર છે, એક અબોલા પ્રેમની કથા છે: 'નથી ત્રેવડ એનામાં કે દિલ ને દિલ સાથે મેળવી 'ઘાયલ' કરે,' 'છે મિત્ર બચપણ થી, રગે રગ જાણે મને,' 'જાણે છે બધુંય



તે કે હૃદયમાં રમે છે તે,' 'ઘર-ઘર રમતાં હતાં ત્યારથી તે મારૂ દિલ તોડે....' આ પંક્તિઓ પર જો ઊંડાણપૂર્વક વિચાર કરીએ તો સમજાય કે આ એક એવા હૃદયની વ્યથા છે જે પોતાના જ લંગોટીયા યાર સામે લાગણીની અદાલતમાં હારી ચૂક્યું છે. ચાલો આ સંબંધના તાણાવાણાને જરા વિગતવાર સમજીએ.

૧. પ્રસ્તાવના: માટીના ઘરથી મનના ઘર સુધીની સફર

બચપણ એ જિંદગીનો એવો સુવર્ણકાળ છે જ્યાં સંબંધોનો કોઈ નફો કે નુકસાન હોતું નથી. શેરીની ધૂળમાં રમવું, એકબીજાના ડબ્બામાંથી લંચ બોક્સ ખાવા અને 'ઘર-ઘર' રમીને કલાકો સુધી નકલી સંસાર વસાવવો–આ બધું કેટલું નિર્દોષ હતું! પણ સમય વહેતો રહે છે. શરીરની સાથે મન અને લાગણીઓ પણ પુખ્ત બને છે. એ માટીના ઘરો ક્યારે મનના પાકા મકાનો બની જાય છે અને ક્યારે એ રમતના પાત્રો હૃદયના ધબકારા બની જાય છે, તેની ખબર જ નથી પડતી. મુશ્કેલી ત્યારે શરૂ થાય છે જ્યારે એક પક્ષ માટે એ માત્ર 'દોસ્તી' રહી જાય છે અને બીજા પક્ષ માટે એ 'જિંદગી' બની જાય છે.

૨. 'રગે રગ જાણે મને' - જ્યારે કોઈ તમારી આખી હસ્તી વાંચી લે છે

જિંદગીમાં એવા મિત્રનું હોવું એ પરમ સદભાગ્ય છે જે તમારી 'રગે રગ' થી વાકેફ હોય. તમે મોઢું ખોલો એ પહેલાં એ સમજી જાય કે તમારી ભીતર શું ચાલી રહ્યું છે. તમારી આંખોની નમી, તમારા હસવાનો બદલાયેલો સૂર, તમારી ચાલવાની શૈલી–એ બધું જ એના કમ્પ્યુટર જેવા મગજમાં સેવ હોય છે.

પરંતુ, આ જ બાબત ક્યારેક સૌથી મોટું હથિયાર બની જાય છે. જ્યારે તમારી રગે રગ જાણનારો જ વ્યક્તિ તમને નજરઅંદાજ કરે, ત્યારે એ દર્દ અસહ્ય બની જાય છે. કારણ કે તમે એની સામે ક્યારેય કોઈ નકાબ પહેરી શકતા નથી; તમે એની સામે બિલકુલ ખુલ્લા પુસ્તક જેવા છો.

૩. 'જાણે છે બધુંય તે...' - જાણવા છતાં અજાણ બનવાનો ક્રૂર ખેલ

લેખકની આ પંક્તિ હૃદયને ચીરી નાખે તેવી છે: 'જાણે છે બધુંય તે કે હૃદયમાં રમે છે તે...' સૌથી મોટી આઘાતજનક સ્થિતિ એ નથી હોતી કે સામેની વ્યક્તિ તમારા દિલની વાત નથી જાણતી. ખરી પીડા ત્યારે થાય છે જ્યારે એ બધું જ જાણે છે. એ જાણે છે કે તમે એના વિના અધૂરા છો. એ જાણે છે કે તમારી દરેક ખુશી એના સ્મિત પર ટકેલી છે. એ જાણે છે કે દુનિયાના હજારો લોકો વચ્ચે પણ તમારી આંખો માત્ર એને જ શોધે છે.

છતાં, એ વ્યક્તિ અજાણ બનવાનો ઢોંગ કરે છે. આ 'જાણવા છતાં અજાણ બનવું' એ એક એવી શાંત હિંસા છે જે પ્રેમ કરનાર વ્યક્તિને અંદરથી ધીમે-ધીમે કોતરી ખાય છે.

૪. 'નથી ત્રેવડ એનામાં...' - સ્વીકાર અને અસ્વીકારની વચ્ચે ઝૂલતું દર્દ

શાયર કહે છે કે એનામાં એટલી 'ત્રેવડ' (હિંમત કે ક્ષમતા) નથી કે એ ખુલ્લેઆમ આવીને દિલથી દિલ મિલાવે અથવા તો સાફ ના પાડીને સંબંધનો અંત આણી તમને 'ઘાયલ' કરે. ઘણીવાર લોકો દોસ્તી તૂટી જશે એવા ડરથી અથવા સામાજિક મર્યાદાઓના કારણે પોતાના મનની વાત કહી શકતા નથી. તેઓ ન તો આગળ વધે છે, ન તો પાછા હટે છે. તેઓ તમને એક એવા વળાંક પર લાવીને મૂકી દે છે જ્યાં માત્ર અનિશ્ચિતતા હોય છે. આ સ્થિતિ માણસને અધ્ધર શ્વાસે જીવવા મજબૂર કરે છે.

૫. 'ઘર-ઘર રમતાં હતાં ત્યારથી...' - નિર્દોષતાનું કતલખાનું

બચપણમાં જ્યારે 'ઘર-ઘર' રમતા હતા, ત્યારે ઘર તૂટી જતું તો આપણે રડી પડતા, પણ પછી તરત જ બીજું ઘર બનાવી લેતા. પરંતુ વાસ્તવિક જિંદગીમાં જ્યારે દિલનું ઘર તૂટે છે ત્યારે એના અવશેષો આખી જિંદગી મનમાં ખૂંચતા રહે છે. જે સાથી સાથે બાળપણમાં રમત રમીને મોટા થયા, એ જ સાથી આજે લાગણીઓની રમત રમી રહ્યો છે–આ વિચાર જ માણસને તોડી નાખવા માટે પૂરતો છે.

**- ગ્રુપ એડિટર પવન માકન**

# અમેરિકા-ઈરાન જંગમાં ઈટાલીની ગુપ્ત એન્ટ્રી? નાટો ચીફના દાવા બાદ ભડક્યા જ્યોર્જિયા મેલોની

NATO સેક્રેટરી-જનરલ માર્ક રૂટેના એક વિવાદાસ્પદ નિવેદને વૈશ્વિક રાજકારણમાં ગરમાવો લાવી દીધો છે. તેમના જણાવ્યા અનુસાર, ઈરાન પરના




હુમલા વખતે મેલોની સરકારે ઈટાલી સ્થિત અમેરિકન સૈન્ય મથકો પરથી ફાઈટર જેટ્સને ઉડાન ભરવાની મંજૂરી આપી હતી. આ દાવો સામે આવતા જ ઈટાલીના રાજકારણમાં મોટો ભૂકંપ આવ્યો છે અને પીએમ જ્યોર્જિયા મેલોનીએ પોતે મોરચો સંભાળીને બચાવ કરવો પડ્યો છે. ઉલ્લેખનીય છે કે, અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ અને ઈટાલીના પીએમ મેલોની વચ્ચે જાહેરમાં થયેલી ઉગ્ર ચર્ચા બાદ, હવે ઈટાલીએ આ મામલે ઈરાનને ફોન કરીને સફાઈ આપવાની નોબત આવી છે.

**નાટો ચીફના નિવેદનથી કેમ ભડક્યું ઈટાલી?**

આ વિવાદની શરૂઆત ત્યારે થઈ જ્યારે નાટો સેક્રેટરી-જનરલ માર્ક રૂટેએ એક ઈન્ટરવ્યૂમાં દાવો કર્યો કે,

'ઈટાલીએ જંગ દરમિયાન પોતાના સૈન્ય અડ્ડાઓ પરથી 500 જેટલા અમેરિકન સૈન્ય વિમાનોને ઉડાન ભરવાની મંજૂરી આપી હતી. યુરોપના અલગ-અલગ સૈન્ય મથકો પરથી 4,000થી 5,000 વિમાનોએ ઉડાન ભરીને અમેરિકાના 'એપિક ફ્યુરી' ઓપરેશનમાં મદદ કરી હતી.'

**પીએમ જ્યોર્જિયા મેલોનીએ આપી સફાઈ**

નાટો ચીફના આ નિવેદન પર ઈટાલીના પીએમ જ્યોર્જિયા મેલોની ભારે ભડક્યા છે. તેમણે માર્ક રૂટે પર આક્ષેપ કર્યો કે તેઓ અમેરિકાને ખુશ કરવા અને નાટોની ભૂમિકા મોટી બતાવવાની ઉતાવળમાં આવું ગૂંચવણભર્યું અને ખોટું નિવેદન આપી રહ્યા છે. મેલોનીએ સ્પષ્ટ કર્યું કે,

'અમે ઈરાન સામેના કોઈ સંઘર્ષમાં ભાગ લીધો નથી. નાટો ચીફે ઉત્સાહમાં આવીને અલગ-અલગ બાબતોને એકસાથે ભેગી કરીને પરવાનગી અપાયેલી ફ્લાઈટ્સ અંગે મોટો ભ્રમ ઊભો કર્યો છે. જો અમે ઈરાન સામેના યુદ્ધમાં ભાગ લીધો હોત, તો અમેરિકન પ્રમુખ ટ્રમ્પ જે નારાજગી વારંવાર વ્યક્ત કરે છે તેનું કોઈ કારણ જ ન હોત.'

**ઈટાલીના વિદેશ મંત્રીએ ઈરાનને ફોન કરી આપ્યા પુરાવા**

વાત વધુ ન બગડે તે માટે ઈટાલીના વિદેશ મંત્રી એન્ટોનિયો તાયાનીએ તાત્કાલિક ઈરાનના વિદેશ મંત્રી સૈયદ અબ્બાસ અરાઘચીને ફોન લગાવ્યો હતો. તેમણે ઈરાનને ખાતરી આપી કે અમેરિકા સાથેના કરારોનું પાલન કરતી વખતે પણ ઈટાલીએ ક્યારેય ઈરાન વિરુદ્ધ કોઈ સૈન્ય કાર્યવાહીમાં ભાગ લીધો નથી કે પોતાના સૈન્ય અડ્ડા વાપરવા દીધા નથી.

આ સાથે ઈટાલીના સંરક્ષણ મંત્રી ગુઈડો ક્રોસેત્તોએ પુરાવા આપતા જણાવ્યું કે 2019થી 2025ના વર્ષોની સરખામણીએ આ ઓપરેશન દરમિયાન ઈટાલીના સિગોનેલા અને અવિયાનો બેઝ પરથી પસાર થનારી ફ્લાઈટ્સની સંખ્યા ઘણી ઓછી હતી. આ ફોન કોલ દરમિયાન ઈટાલીએ હોર્મુઝ સ્ટ્રેટ સંપૂર્ણ ખોલવા વિનંતી કરી જેથી તેમના માલવાહક જહાજો નીકળી શકે.

**ઈરાને ઈટાલીને ગણાવ્યું જવાબદાર**

બીજી તરફ, ઈરાન નાટો ચીફના આ નિવેદનને જ સાચું માની રહ્યું છે અને તે ઈટાલીથી ભારે નારાજ છે. ઈરાનના આંતરરાષ્ટ્રીય મામલાના નાયબ વિદેશ મંત્રી કાઝેમ ગરીબાબાદીએ UNના પ્રસ્તાવનો હવાલો આપતા સોશિયલ મીડિયા પર લખ્યું કે, 'જો કોઈ દેશ ત્રીજા દેશને અન્ય દેશ પર હુમલો કરવા માટે પોતાની જમીનનો ઉપયોગ કરવા દે છે, તો તેને પણ આક્રમક કાર્યવાહી જ ગણવામાં આવે છે.' ઈરાનના વિદેશ મંત્રાલયના પ્રવક્તા ઈસ્માઈલ બકાઈએ પણ ભારપૂર્વક કહ્યું કે નાટોના સેક્રેટરી-જનરલે પોતાના નિવેદનમાં સ્પષ્ટપણે ઈટાલીનું નામ લીધું છે, તેથી આ હુમલા માટે ઈટાલી પણ આંતરરાષ્ટ્રીય સ્તરે એટલું જ જવાબદાર ઠરે છે.

## 41 વર્ષ બાદ આખરે કેનેડા ઝૂક્યું

# AI 'કનિષ્ક' બ્લાસ્ટ પાછળ ખાલિસ્તાની આતંકીઓનો હાથ હોવાનું સ્વીકાર્યું!

ટોરન્ટો

વર્ષ 1985માં થયેલા એર ઈન્ડિયાના વિમાન બ્લાસ્ટ મામલે આંતરરાષ્ટ્રીય સ્તરે એક બહુ મોટો ખુલાસો થયો છે. કેનેડાની સરકારી એજન્સીએ આખરે સત્તાવાર રીતે સ્વીકારી લીધું છે કે આ ભયાનક આતંકી હુમલા પાછળ ખાલિસ્તાની આતંકવાદીઓનો જ હાથ હતો. ભારત શરૂઆતથી જ આ વલણ પર કાયમ હતું, પરંતુ કેનેડાએ આ સત્ય સ્વીકારવામાં 41 વર્ષ જેટલો લાંબો સમય લગાડી દીધો. કેનેડિયન સિક્યુરિટી ઈન્ટેલિજન્સ સર્વિસ (CSIS) દ્વારા આ હુમલાને તેમના દેશના ઈતિહાસનો સૌથી ઘાતક આતંકી હુમલો ગણાવવામાં આવ્યો છે.

શું હતી આખી ઘટના અને કેટલો મોટો હતો આતંકનો આંકડો? આ ઘટના 23 જૂન, 1985ના રોજ ઘટી હતી. કેનેડાના મોન્ટ્રિયલ એરપોર્ટ પરથી એર ઈન્ડિયાની ફ્લાઈટ 182 (સમ્રાટ કનિષ્ક)એ મુંબઈ આવવા માટે ટેક ઓફ કર્યું હતું, જેનું લંડનમાં હોલ્ટ હતું. આ વિમાન જ્યારે આઈરિશ કોસ્ટથી આશરે 200 માઈલ દૂર એટલાન્ટિક મહાસાગર પર 31,000 ફૂટની ઊંચાઈએ ઉડી રહ્યું હતું, ત્યારે અચાનક રડારમાંથી ગાયબ થઈ ગયું. આતંકી સંગઠન 'બબ્બર ખાલસા'ના આતંકવાદીઓએ વિમાનના કાર્ગો હોલ્ડ (સામાન રાખવાની જગ્યા)માં બોમ્બ ગોઠવ્યો હતો. હીથ્રો એરપોર્ટ પર પ્લેન લેન્ડ થાય તેના 45 મિનિટ પહેલા જ હવામાં આ બોમ્બ ફાટ્યો અને 82 બાળકો તેમજ 4 નવજાત શિશુઓ સહિત કુલ 329 નિર્દોષ લોકોના મોત નીપજ્યા હતા. આ અકસ્માત સમુદ્રની ઉપર થયો હોવાથી



એટલાન્ટિક મહાસાગરમાંથી માત્ર 131 મૃતદેહ જ મળી શક્યા હતા. કેનેડાની એજન્સીએ સોશિયલ મીડિયા પર શું સ્વીકાર્યું? આતંકવાદના પીડિતોની યાદમાં મનાવવામાં આવતા રાષ્ટ્રીય દિવસ પર CSISએ સોશિયલ મીડિયા પોસ્ટ દ્વારા આ વાત જાહેર કરી છે. એજન્સીએ લખ્યું કે, '23 જૂન, 1985ના રોજ કેનેડામાં સક્રિય ખાલિસ્તાની ચરમપંથીઓએ વિમાનમાં બોમ્બ મૂક્યો હતો, જેના કારણે તેમાં સવાર તમામ લોકોના મોત થયા હતા, જેમાં મોટાભાગના કેનેડિયન નાગરિકો હતા. તે સમયે CSISની સ્થાપનાને 1 વર્ષથી પણ ઓછો સમય થયો હતો અને આ ભયાનક ટ્રેજેડીએ તેમની સુરક્ષા વ્યવસ્થાના વિકાસને એક નવી દિશા આપી હતી.' કેનેડાના પીએમ માર્ક કાર્નીએ પણ આ હુમલાને દેશના ઈતિહાસનો સૌથી કાળો અધ્યાય ગણાવ્યો છે અને સ્પષ્ટ કર્યું છે કે, 'અમારો દેશ તમામ પ્રકારના આતંકવાદની વિરુદ્ધ છે.' ઉલ્લેખનીય છે કે કેનેડા સરકારે 2005માં સત્તાવાર રીતે 23 જૂનને આતંકવાદના પીડિતોની યાદમાં 'રાષ્ટ્રીય સ્મૃતિ દિવસ' જાહેર કર્યો હતો. આ ઘટનાની સૌથી ચોંકાવનારી બાબત એ છે કે તે જ દિવસે આ ફ્લાઈટ બ્લાસ્ટના 1 કલાક પહેલા જાપાનના ટોક્યો એરપોર્ટના બેગેજ એરિયામાં પણ એક બોમ્બ બ્લાસ્ટ થયો હતો, જેમાં 2 લોકોના મોત થયા હતા. તપાસ દરમિયાન સામે આવ્યું હતું કે આ બંને હુમલાઓનો કનેક્શન એક જ હતો અને તે પણ બબ્બર ખાલસા સંગઠને જ કર્યો હતો, પરંતુ સદનસીબે તે બેગ પ્લેનમાં ચઢે તે પહેલા જ એરપોર્ટ પર ફાટી ગઈ હતી. 23 જૂન 1985ના રોજ એર ઈન્ડિયાની ફ્લાઈટ 182 'કનિષ્ક' મોન્ટ્રિયલથી લંડન થઈને નવી દિલ્હી આવી રહી હતી. લંડનના હીથ્રો એરપોર્ટ પહોંચવાના લગભગ 45 મિનિટ પહેલા આયર્લેન્ડના દરિયાકિનારે એટલાન્ટિક મહાસાગર ઉપર વિમાનમાં જોરદાર વિસ્ફોટ થયો અને વિમાન હવામાં જ તૂટીને સમુદ્રમાં પડી ગયું. તેમાં સવાર તમામ લોકોના મોત થયા. કેનેડાના વડાપ્રધાન માર્ક કાર્નીએ પણ આ ઘટનાને દેશના ઈતિહાસનો સૌથી ઘાતક આતંકી હુમલો ગણાવ્યો છે. તેમણે કહ્યું, '41 વર્ષ પહેલાં એર ઈન્ડિયા ફ્લાઈટ 182 બોમ્બ વિસ્ફોટમાં 329 નિર્દોષ લોકોના જીવ ગયા હતા, જેમાં 268 કેનેડિયન નાગરિકો હતા. આ આજે પણ કેનેડાના ઈતિહાસનો સૌથી મોટો આતંકી હુમલો છે.

# દાંપત્ય જીવનમાં ઓર્ગેઝમ (ચરમસુખ)નું મહત્વ અને શારીરિક સંકેતો



## પાર્ટનર્સ વચ્ચે ગાઢ સંબંધ અને યોગ્ય સમજણથી જ સેક્સ્યુઅલ હેલ્થ તેમજ વૈવાહિક જીવન વધુ સુખમય બને છે

અમદાવાદ, પાક્કો ગુજરાત ન્યૂઝ:

સુખી દાંપત્ય જીવન માટે પાર્ટનર્સ વચ્ચે પરસ્પર સમજણ, પ્રેમ અને શારીરિક સંતોષ ખૂબ જ મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. મેડિકલ સાયન્સ અને સેક્સ્યુઅલ હેલ્થ નિષ્ણાતોના મતે, પુરુષોની સરખામણીએ સ્ત્રીઓમાં ચરમસીમા (ઓર્ગેઝમ) સુધી પહોંચવાની પ્રક્રિયા થોડી જટિલ અને સમય માંગી લે તેવી હોય છે. સ્ત્રી જ્યારે શારીરિક સંબંધો દરમિયાન ચરમસુખની નજીક હોય છે, ત્યારે તેના શરીરમાં અનેક પ્રકારના જૈવિક અને શારીરિક બદલાવ જોવા મળે છે, જેને સમજવા પાર્ટનર માટે જરૂરી છે.

### ચરમસીમા વખતે થતા શારીરિક બદલાવ

મેડિકલ રિસર્ચ અનુસાર, જ્યારે સ્ત્રી ચરમસુખ પર પહોંચવાની તૈયારીમાં હોય છે, ત્યારે તેની યોનિના સ્નાયુઓમાં લયબદ્ધ સંકોચન (Involuntary Contractions) શરૂ થાય છે. જે રીતે ઉત્તેજના દરમિયાન પુરુષનું લિંગ કડક થાય છે, તે જ રીતે મહિલાના ગુપ્તાંગના સ્નાયુઓ પણ સખત બને છે અને આ સંકોચન પાર્ટનર સરળતાથી અનુભવી શકે છે.

આ સમયે સ્ત્રીના ચહેરા અને આંખોના હાવભાવમાં પણ મોટો ફેરફાર જોવા મળે છે. તીવ્ર ઉત્તેજનાના કારણે તે પોતાના પાર્ટનર પર સીધું ધ્યાન કેન્દ્રીત કરી શકતી નથી અને ઘણીવાર પોતાની આંખો બંધ કરી દે છે. પાર્ટનર તેના ચહેરાના આ હાવભાવ અને શ્વાસની ગતિ પરથી સ્પષ્ટપણે જાણી શકે છે કે તે ચરમસુખનો આનંદ માણી રહી છે.

**ચરમસુખ બાદની સંવેદનશીલતા**

ચરમસીમાએ પહોંચ્યા બાદ સ્ત્રીનું શરીર અત્યંત સંવેદનશીલ (Sensitive) બની જાય છે. ઘણી સ્ત્રીઓમાં ચરમસુખ મેળવ્યા પછી પણ જો સમાગમની ક્રિયા યથાવત રાખવામાં આવે, તો તેઓ વધુ સપોર્ટ કરે છે કારણ કે આ સમયે પણ તેમને દરેક સ્પર્શનો તીવ્ર અનુભવ થતો હોય છે, જે તેમના આનંદ (Pleasure) માં વધારો કરે છે. જોકે, નિષ્ણાતો એવું પણ જણાવે છે કે આ અતિ-સંવેદનશીલતાના કારણે કેટલીક મહિલાઓને તે સમયે હળવા દુખાવાનો અનુભવ પણ થઈ શકે છે.

સ્વસ્થ વૈવાહિક જીવન માટે પાર્ટનરની આ શારીરિક અને માનસિક સ્થિતિને સમજવી અત્યંત આવશ્યક છે, જે સંબંધોને વધુ મજબૂત અને જીવંત બનાવે છે.

# કોલકાતા તેમજ જયપુરમાં ભારે વરસાદ, રસ્તા પાણીમાં ગરકાવ

રાજસ્થાનમાં ચોમાસાની રાહ જોવાઈ રહી હતી તે દરમિયાન ગુરુવારે જયપુરમાં ભારે વરસાદ થયો. લગભગ અડધા કલાકમાં થયેલા 50mm વરસાદથી રસ્તાઓ પાણીમાં ગરકાવ થઈ ગયા. પાણી ભરાવાને કારણે ઘણા વાહનો બંધ પડી ગયા. ઘણી દુકાનો-મકાનોમાં પણ પાણી ભરાઈ ગયું. કોલકાતામાં પણ કંઈક આવો જ હાલ રહ્યો. બપોરે લગભગ એક કલાકના વરસાદથી શહેરના મુખ્ય રસ્તાઓ પર એક ફૂટ સુધી પાણી ભરાઈ ગયું. કોલકાતાની SSKM હોસ્પિટલની અંદર સુધી પાણી ઘૂસી ગયું. જેના કારણે દર્દીઓ અને તેમની સંભાળ રાખનારા લોકોને ઘણી મુશ્કેલી પડી. વરસાદને કારણે અકસ્માતોની આશંકાને ધ્યાનમાં રાખીને મધ્ય પ્રદેશના ઈન્દોરમાં 15 પર્યટન સ્થળોમાં 22 ઓગસ્ટ સુધી પ્રવેશ બંધ કરી દેવામાં આવ્યો છે. રાજ્યના શાજાપુરમાં ગુરુવારે વીજળી પડવાથી એક વૃદ્ધનું મોત થયું. હવામાન વિભાગે કહ્યું છે કે આગામી 2 થી 4 દિવસમાં ચોમાસું આખા રાજ્યને આવરી શકે છે. આ તરફ, યુપીમાં ચોમાસું 8 દિવસ મોડું છે. તે સામાન્ય રીતે 20 જૂન સુધીમાં આવી જાય છે પરંતુ આ વખતે 15 દિવસથી બિહાર બોર્ડર પર અટક્યું છે.

# પેરુની પહેલી મહિલા રાષ્ટ્રપતિ, 19 વર્ષની ઉંમરે જવાબદારી સંભાળી

લીમા

પેરુમાં પહેલીવાર કોઈ મહિલા રાષ્ટ્રપતિ બનવા જઈ રહી છે. અહીં ચોથીવાર ચૂંટણી લડી રહેલા દક્ષિણપંથી નેતા કેઈકો ફુજીમોરી (51) એ જીત મેળવી છે. કેઈકોને લગભગ 50.1% વોટ મળ્યા, જ્યારે વામપંથી ઉમેદવાર રોબર્ટો સાંચેઝને 49.9% વોટ મળ્યા. કેઈકો 28 જુલાઈએ રાષ્ટ્રપતિ પદના શપથ લેશે. તેઓ પૂર્વ રાષ્ટ્રપતિ આલ્બર્ટો ફુજીમોરીની દીકરી છે. ચૂંટણી ફંડિંગ મામલે કેઈકો 2018 થી 2020 સુધી જેલમાં પણ રહી ચૂક્યા છે. હવે તેમની સામે અપરાધ, ભ્રષ્ટાચાર અને રાજકીય અસ્થિરતાથી દેશને સંભાળવાનો પડકાર હશે. વાંચો કેઈકોના જીવન સાથે જોડાયેલા કિસ્સાઓ... 1990ના દાયકામાં કેઈકોના પિતા આલ્બર્ટો ફુજીમોરી રાષ્ટ્રપતિ હતા. ત્યારે પેરુ ઉગ્રવાદી સંગઠન સેન્ડેરો લુમિનસોના હુમલાઓથી ધ્રૂજી રહ્યું હતું. તે સમયે રાષ્ટ્રપતિ ભવન પણ ઉગ્રવાદીઓના નિશાના પર હતું, તેથી પુત્રી કેઈકો અને તેના ભાઈ-બહેનોને સુરક્ષા માટે લાંબા સમય સુધી બંકરોમાં રહેવું પડતું હતું. રાત્રે ધડાકા અને



હુમલાના સમાચાર આવતા ત્યારે બાળકો ડરી જતા અને શાળાએ ન જવાની જીદ કરતા. પરંતુ પિતા આલ્બર્ટો ફુજીમોરીનો નિયમ હતો કે પરિસ્થિતિ ગમે તેવી હોય, અભ્યાસ અટકશે નહીં. સંકટ વચ્ચે સામાન્ય જીવન જીવવાનું તેમણે અહીં જ શીખ્યું.

1994માં કેઈકો અમેરિકાની સ્ટોની બ્રુક યુનિવર્સિટીમાં અભ્યાસ કરી રહી હતી. ત્યારે તેમના માતા-પિતા વચ્ચે વિવાદ થયા બાદ બંને અલગ થઈ ગયા. તેમની માતા સુઝાના હિગુચીએ આલ્બર્ટોના સહયોગીઓ પર ભ્રષ્ટાચાર અને રાજકીય હસ્તક્ષેપના આરોપો લગાવ્યા. વિવાદ વચ્ચે કેઈકોને અભ્યાસ છોડીને પેરુ પાછા ફરવું પડ્યું. માત્ર 19 વર્ષની ઉંમરે પિતાએ સુઝાનાને હટાવીને કેઈકોને ફર્સ્ટ લેડીની જવાબદારી સોંપી. ત્યારે તેઓ વિશ્વની સૌથી નાની ઉંમરની ફર્સ્ટ લેડીમાં ગણાવા લાગ્યા. તે સમય દરમિયાન, કેઈકોએ રાષ્ટ્રપતિ ભવનના કેટલાક ભાગોને તેના મનપસંદ ગુલાબી રંગથી સજાવ્યા હતા. તેમને બિનઅનુભવી કિશોરી કહીને ટીકાનો સામનો કરવો પડ્યો હતો, પરંતુ કેઈકોએ તેને સામાન્ય બાબત ગણાવી હતી.

દીકરીઓને હિંમત આપવા માટે જેલમાંથી પત્રો લખતી હતી કેઈકોને બે દીકરીઓ છે. 2018માં મની લોન્ડરિંગ અને ચૂંટણી ભંડોળના કેસમાં કેઈકો જેલમાં ગઈ હતી. તે દરમિયાન તે જેલમાંથી દીકરીઓને પત્રો લખતી હતી.




# ડભોઈમાં નગરપાલિકા અને કોન્ટ્રાક્ટરની ઘોર બેદરકારી : પીવાના પાણીની લાઈન માટે ખોદાયેલા ખાડા બન્યા ડેથ ટ્રેપ

ડભોઈ

ડભોઈ નગરપાલિકા વિસ્તારમાં વિકાસના કામો વચ્ચે સ્થાનિક તંત્રની ગંભીર બેદરકારી સામે આવી છે. ડભોઈના વ્યસ્ત એવા ટાવર વિસ્તારથી લઈને ઝારોલાવગા દ્વારકાધીશ મંદિર સુધી હાલમાં પીવાના પાણીની સમસ્યાના નિવારણ માટે નવી પાઈપલાઈનના ખવાની કામગીરી ચાલી રહી છે. પરંતુ, આ કામગીરી દરમિયાન ખોદવામાં આવેલા મસમોટા ખાડાઓને કોઈપણ જાતની સુરક્ષા વિના ખુલ્લા જ છોડી દેવાતા સ્થાનિકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે નિયમોનું સરેઆમ ઉલ્લંઘન નથી બેરિકેડ કે નથી ચેતવણી બોર્ડ નિયમ મુજબ કોઈપણ જાહેર માર્ગ પર ખોદકામ ચાલતું હોય ત્યારે સુરક્ષાના સાધનો રાખવા અનિવાર્ય છે. પરંતુ આ સ્થળ પર કોઈપણ પ્રકારના સુરક્ષા બેરિકેડ લગાવવામાં આવ્યા નથી. વાહન ચાલકોને સાવચેત કરતા ચેતવણી બોર્ડ કે રિફ્લેક્ટર

રાત્રિના સમયે વાહનચાલકો દૂરથી ખાડો જોઈ શકે તેવી કોઈ રેડ-લાઈન કે રેડ-ટેપ મારવામાં આવી નથી. રાત્રિના સમયે અકસ્માતનો ભારે ખતરો દ્વારકાધીશ મંદિર તરફ જતો આ રોડ મુખ્ય માર્ગ હોવાથી અહીં દિવસ-રાત વાહનો અને લોકોની સતત અવરજવર રહે છે. ખાસ કરીને રાત્રિના સમયે આ વિસ્તારમાં અપૂરતી સ્ટ્રીટ લાઈટોના કારણે ઘનઘોર અંધારું હોય છે અંધારામાં આ ખુલ્લા ખાડાઓ દેખાતા ન હોવાથી વાહનચાલકો સીધા જ ખાડામાં ખાબકે તેવી પૂરેપૂરી સંભાવના છે બાળકો, વૃદ્ધો અને બાઈક ચાલકો માટે આ રસ્તો અત્યારે જીવલેણ સાબિત થઈ રહ્યો છે. શું તંત્ર કોઈ મોટી દુર્ઘટના ઘટે અને કોઈનો જીવ જાય તેની રાહ જોઈ રહ્યું છે તંત્ર અને કોન્ટ્રાક્ટરની મિલીભગત સામે વેધક સવાલો

સ્થાનિક રહીશોએ નગરપાલિકા અને કામ રાખનાર કોન્ટ્રાક્ટર પર ગંભીર આક્ષેપો કર્યા છે લોકોનું કહેવું છે કે પાણીની સમસ્યા હલ થાય તે સારી બાબત છે, પરંતુ લોકોના ભોગે થતી આવી કામગીરી સહેજ પણ ચલાવી લેવાય નહીં. કોન્ટ્રાક્ટરની આ આળસુ નીતિ અને નગરપાલિકાના અધિકારીઓનું આંખ આડા કાન કરવાનું વલણ નિર્દોષ નાગરિકો માટે આફત બની ગયું છે .જનતાની માંગ: તાત્કાલિક પગલાં લેવાય સ્થાનિક રહીશો અને વેપારીઓએ એકસૂરે માંગ કરી છે કે સુરક્ષા વ્યવસ્થા: તાત્કાલિક ધોરણે તમામ ખુલ્લા ખાડાઓની આસપાસ મજબૂત બેરિકેડિંગ કરવામાં આવે અને રિફ્લેક્ટર્સ લગાવવામાં આવે.ઝડપી નિકાલ જે જગ્યાએ કામ પૂરું થઈ ગયું હોય ત્યાં તાત્કાલિક માટી પુરાણ કરી રસ્તો સરખો કરવામાં આવે.

જવાબદારી નક્કી થાય: બેદરકારી દાખવનાર કોન્ટ્રાક્ટર સામે નગરપાલિકા દંડાત્મક પગલાં ભરે તેવી માંગ અથવા પામી છે





₹16.61 લાખના મુદ્દામાલ સાથે શખ્સ ઝડપાયો

## વસોમાં ગેરકાયદેસર ફટાકડા બનાવતી ફેક્ટરી પર પોલીસનો દરોડો

નડિયાદ

ખેડા જિલ્લાના વસો તાલુકા મથકે કોઈ પણ પ્રકારની પરવાનગી વગર ધમધમતી ગેરકાયદેસર ફટાકડા બનાવતી ફેક્ટરી પર ખેડા-નડિયાદ એસ.ઓ.જી. (Special Operations Group) પોલીસે સફળ દરોડો પાડ્યો છે. પોલીસે આ ઓપરેશન દરમિયાન કુલ રૂપિયા 16,61,133/- (સોળ લાખ એકસઠ હજાર એકસો તેંત્રીસ) નો મસમોટો મુદ્દામાલ જપ્ત કર્યો છે, સાથે જ બિનકાયદેસર રીતે આ કાળો કારોબાર ચલાવતા મુખ્ય આરોપી જાવેદહુસૈન શેખને રંગેહાથ ઝડપી પાડ્યો છે.

એસ.ઓ.જી. પોલીસની ટીમને ચોક્કસ બાતમી મળી હતી કે વસો વિસ્તારમાં સુરક્ષાના કોઈ પણ નિયમોનું પાલન કર્યા વિના અને સત્તાવાર લાયસન્સ વગર મોટા પાયે ફટાકડા બનાવવાનું ગેરકાયદેસર કારખાનું ચાલી રહ્યું છે. આ બાતમીના આધારે પોલીસે ઓચિંતો દરોડો પાડતા ફેક્ટરીમાં અફરાતફરી મચી ગઈ હતી. પોલીસને ઘટનાસ્થળેથી ફટાકડા બનાવવાનો કાચો માલ, વિસ્ફોટક રાસાયણિક પાવડર, તૈયાર કરાયેલા ફટાકડા તેમજ પેકિંગ સામગ્રી સહિત લાખો રૂપિયાનો મુદ્દામાલ મળી આવ્યો હતો, જેને પોલીસે કાયદેસર રીતે જપ્ત કર્યો છે.

રહેણાંક અથવા તેની આસપાસના વિસ્તારોમાં આ પ્રકારે વગર પરવાનગીએ ફટાકડા બનાવવા એ સ્થાનિક નાગરિકોના જીવ સામે મોટું જોખમ ઊભું કરે છે. અગાઉ પણ આવા ગેરકાયદે કારખાનાઓમાં બ્લાસ્ટ થવાની ઘટનાઓ સામે આવી ચૂકી છે.

મહેમદાવાદના સોજાલીમાં સનસનાટી: ક્ષત્રિય યુવકનું મોત અકસ્માત કે ક્રૂર હત્યા?

## ખાખીની થીયરી સામે ઉઠ્યા ગંભીર સવાલો : ભારેલા અગ્નિ જેવી સ્થિતિ

પરિવારજનોના આક્રંદ અને આક્રોશ પાછળ કેટલાક એવા સવાલો છે જે પોલીસની તપાસ સામે પણ આંગળી ચીંધે છે. જો આ સામાન્ય અકસ્માત હતો

મહેમદાવાદ

ખેડા જિલ્લાના મહેમદાવાદ તાલુકાના સોજાલી ગામે એક ક્ષત્રિય યુવકના શંકાસ્પદ મોતના મામલે સમગ્ર પંથકમાં ચકચાર મચી જવા પામી છે. સોજાલી ગામના ક્ષત્રિય યુવક ભરતનું મોત સામાન્ય માર્ગ અકસ્માત છે કે પછી તેની પાછળ કોઈ મોટું કાવતરું ઘડીને કરાયેલી ઘાતક હત્યા? આ સવાલ હાલ સોજાલી સહિત સમગ્ર પંથકમાં ચર્ચાનો વિષય બન્યો છે. એક તરફ પોલીસના સત્તાવાર રિપોર્ટમાં આ ઘટનાને માત્ર એક અકસ્માત ગણાવીને ફાઈલ બંધ કરવાની તજવીજ ચાલી રહી છે, ત્યારે બીજી તરફ મૃતક ભરતના પરિવારે રૂંવાડા ઊભા કરી દે તેવો ગંભીર આક્ષેપ કર્યો છે કે ભરતનું મોત અકસ્માત નથી, પણ તેની ક્રૂરતાપૂર્વક હત્યા કરવામાં આવી છે! સોજાલી ગામના આશાસ્પદ ક્ષત્રિય યુવક ભરતનો મૃતદેહ મળી આવ્યા બાદ પોલીસ તંત્રએ પ્રાથમિક તપાસના આધારે તેને 'અકસ્માતે થયેલું મોત' જાહેર કર્યું છે. પરંતુ, પરિવારજનો આ વાત સ્વીકારવા બિલકુલ તૈયાર નથી. પરિવારના સભ્યોનો સીધો આક્ષેપ છે કે ભરતને કોઈની સાથે અદાવત હતી અથવા તો કોઈ પૂર્વ આયોજિત કાવતરાના ભાગરૂપે તેની હત્યા કરી દેવાઈ છે અને પુરાવા મિટાવવા માટે તેને અકસ્માતનું રૂપ આપવાનો ગંદો ખેલ ખેલાયો છે. પરિવારજનોના આક્રંદ અને આક્રોશ પાછળ કેટલાક એવા સવાલો છે જે પોલીસની તપાસ સામે પણ આંગળી ચીંધે છે. જો આ સામાન્ય અકસ્માત હતો, તો ઘટનાસ્થળની સ્થિતિ અને ભરતના શરીર પરના ઘા કંઈક અલગ જ કહાની કેમ બયાન કરી રહ્યા છે?



'યા હુસેન'ના નારા સાથે કલાત્મક તાજિયાના જુલૂસ નીકળ્યા

## ડભોઇ શહેર અને તાલુકામાં મોહરમ પર્વની શ્રદ્ધાભેર ઉજવણી

કત્લની રાત્રે હિન્દુ-મુસ્લિમ એકતા વચ્ચે ભવ્ય જુલૂસ નીકળ્યા: કોમી સૌહાર્દ જળવાઈ રહે તે માટે પોલીસનો ચુસ્ત બંદોબસ્ત

ડભોઇ

ઈસ્લામ ધર્મના રક્ષણ અને સત્ય કાજે કરબલાના મેદાનમાં પોતાનું તેમજ પોતાના કુટુંબનું બલિદાન આપનાર સૈયદના ઈમામ હુસેનની યાદમાં ડભોઈ શહેર અને તાલુકાભરમાં મોહરમ પર્વની ભારે શ્રદ્ધા અને આસ્થા સાથે ઉજવણી કરવામાં આવી હતી. આ નિમિત્તે વિવિધ મુસ્લિમ વિસ્તારોમાં અત્યંત આકર્ષક અને કલાત્મક તાજિયાની સ્થાપના કરવામાં આવી હતી.

ઈસ્લામિક કેલેન્ડરના પ્રથમ મહિના એવા મોહરમના દસ દિવસ દરમિયાન ડભોઈના વિવિધ વિસ્તારોમાં ત્યાગ, બલિદાન અને સત્યના સંદેશને શ્રદ્ધાંજલિ અર્પણ કરવા માટે કુરાનખ્વાની તેમજ ધાર્મિક પ્રવચનો (બયાન) જેવા વિશેષ ધાર્મિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. શ્રદ્ધાળુઓએ ઈમામ હુસેનની શહાદતને યાદ કરી નમન કર્યા હતા. મુસ્લિમ ચાંદ નવમી એટલે કે કત્લની રાત્રે સમગ્ર ડભોઈ પંથકમાં 'યા હુસેન, યા હુસેન' ના ગગનભેદી નારા સાથે ભવ્ય જુલૂસ કાઢવામાં આવ્યા હતા. ડભોઈ શહેરના કડિયાવાડ, સુંદરકુવા, મેજિસ્ટિક ટોકીઝ, નવાપુરા, બદરૂદ્દીન મોહલ્લા, ઈદગાહ તળાવપુરા, ખલ્લી મોહલ્લા, કચેરી રોડ, વિભાગ સ્કૂલ, સુરજ ફળીયા અને જનતાનગર જેવા વિસ્તારોમાં સ્થાપિત કરાયેલા કલાત્મક તાજિયા જોવા માટે મોટી સંખ્યામાં લોકો ઉમટી પડ્યા હતા.



માત્ર શહેરી વિસ્તાર જ નહીં, પરંતુ ડભોઈ તાલુકાના ગ્રામ્ય પંથકમાં પણ મોહરમ પર્વની ભારે રોનક જોવા મળી હતી. તાલુકાના તરસાણા, વડજ, સિતપુર, ભીલાપુર, ચનવાડા, અકોટી, ચાંદોદ, તેનતલાવ, સેગુવાડા, સિંધિયાપુરા, મોતીપુરા અને ઢોલાર સહિતના ગ્રામ્ય વિસ્તારોમાં પણ પરંપરાગત અને શાંતિપૂર્ણ માહોલમાં તાજિયાના જુલૂસ કાઢવામાં આવ્યા હતા. સમગ્ર તહેવાર દરમિયાન કોઈ અનિચ્છનીય બનાવ ન બને અને કાયદો-વ્યવસ્થા જળવાઈ રહે તે માટે પોલીસ તંત્ર દ્વારા સમગ્ર ડભોઈ શહેર અને તાલુકાના સંવેદનશીલ વિસ્તારોમાં ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો હતો.

## નાની કઠેચી કન્યા પ્રાથમિક શાળા ખાતે શાળા પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી મહોત્સવની ઉજવણી

વિરમગામ, વંદના નીલકંઠ વાસુકિયા

સુરેન્દ્રનગર જિલ્લાની નાની કઠેચી કન્યા પ્રાથમિક શાળા ખાતે એમ જી ઠાકુર (કાર્યપાલક ઈજનેર, ગુજરાત પાણી પુરવઠા ગટર વ્યવસ્થા બોર્ડ) અને રસિકભાઈ ગોહિલ (સી.આર.સી કોર્ડીનેટર)ની ગરિમામય ઉપસ્થિતિમાં 'શાળા પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી મહોત્સવ'ના ત્રીજા દિવસે ભૂલકાંઓનો ઉત્સાહભેર શાળા પ્રવેશ કરાવવામાં આવ્યો હતો. આ અવસરે આંગણવાડી, બાલવાટિકા અને ધોરણ-1 ના નાના નાના ભૂલકાંઓને શૈક્ષણિક કીટ આપીને અક્ષરજ્ઞાનના જગતમાં આવકારવામાં આવ્યા હતા. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ વર્ષ 2003માં રોપેલું આ પ્રવેશોત્સવનું બીજ આજે વટવૃક્ષ બન્યું છે ત્યારે આ પ્રસંગે શિક્ષણ સહિત વિવિધ પ્રવૃત્તિઓમાં શાળા અને ગામનું નામ રોશન કરનાર તેજસ્વી વિદ્યાર્થીઓનું દ્વારા સન્માન કરી પ્રોત્સાહિત કરાયા તેમજ શિક્ષણની સાથે સ્વચ્છતા અને 'એક પેડ મા કે નામ' અભિયાન અંતર્ગત શાળાના પ્રાંગણમાં વૃક્ષારોપણ કરી પર્યાવરણના જતનનો સંકલ્પ લેવાયો હતો. શાળામાં પ્રવેશેલા તમામ વ્હાલસોયા બાળકોને ઉજ્જવળ ભવિષ્ય માટે ખૂબ ખૂબ શુભેચ્છાઓ આપવામાં આવી હતી.



કાર્યકરોએ હાથમાં બેનરો અને પ્લેકાર્ડ સાથે ચૈતર વસાવાના સમર્થનમાં તેમજ સરકાર વિરોધી સૂત્રોચ્ચાર કર્યા

## ચૈતર વસાવાને સજાના ચુકાદા સામે કવાંટમાં વિશાળ વિરોધ રેલી, AAP અને આદિવાસી સમર્થકોમાં આક્રોશ

છોટાઉદેપુર, ઇમરાન મિર્ઝા

ડેડીયાપાડાના ધારાસભ્ય ચૈતર વસાવાને અદાલત દ્વારા 7 વર્ષની સજા ફટકારવાના ચુકાદા બાદ આદિવાસી વિસ્તારોમાં રાજકીય ગરમાવો જોવા મળી રહ્યો છે. આ ચુકાદાના વિરોધમાં આજે છોટાઉદેપુર જિલ્લાના કવાંટ ખાતે આમ આદમી પાર્ટી (AAP) અને આદિવાસી સમાજના સમર્થકો દ્વારા વિશાળ વિરોધ રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં મોટી સંખ્યામાં કાર્યકરો અને સમર્થકો જોડાયા હતા.

વિરોધ રેલીની શરૂઆત કવાંટના નસવાડી રોડ પરથી થઈ હતી. રેલી બાબાસાહેબ આંબેડકર સર્કલ થઈને બિરસા મુંડા સર્કલ સુધી પહોંચી હતી. રેલી દરમિયાન કાર્યકરોએ હાથમાં બેનરો અને પ્લેકાર્ડ સાથે ચૈતર વસાવાના સમર્થનમાં તેમજ સરકાર વિરોધી સૂત્રોચ્ચાર કર્યા હતા.




પ્રદર્શન દરમિયાન આમ આદમી પાર્ટીના આગેવાનોએ જણાવ્યું હતું કે ચૈતર વસાવા આદિવાસી સમાજ અને ગરીબોના પ્રશ્નો માટે સતત અવાજ ઉઠાવતા રહ્યા છે. તેઓએ જણાવ્યું કે તેઓ ન્યાયતંત્રનો સંપૂર્ણ આદર કરે છે, પરંતુ અદાલતના આ ચુકાદા સામે કાનૂની પ્રક્રિયા હેઠળ ઉચ્ચ અદાલતમાં અપીલ કરવામાં આવશે અને ન્યાય માટેની લડત ચાલુ રહેશે.

ચૈતર વસાવાને સજાના ચુકાદા બાદ છોટાઉદેપુર ઉપરાંત નર્મદા, ભરૂચ અને તાપી જિલ્લાના આદિવાસી વિસ્તારોમાં પણ વિરોધની લાગણી જોવા મળી રહી છે. આમ આદમી પાર્ટીના આગેવાનોએ જણાવ્યું કે જો કાનૂની પ્રક્રિયામાં ન્યાય નહીં મળે તો આગામી સમયમાં રાજ્યભરના આદિવાસી વિસ્તારોમાં વિરોધ કાર્યક્રમો વધુ વ્યાપક બનાવવામાં આવશે.

## ઇડર શહેરમાં હજરત ઈમામ હુસેન (ર.દી)ની શહાદતની યાદમાં પ્રથમવાર કાયમી કલાત્મક તાજીયાબ નાવવામાં આવ્યા

ઈડર, જાકીર મેમણ

ઈડરમાં પ્રથમવાર કાયમી કલાત્મક તાજીયાનું નિર્માણ શહાદતની યાદમાં ધારાસભ્ય રમણલાલ વોરા સહિત આગેવાનો હાજર ઈડર શહેરમાં હજરત ઈમામ હુસેન (ર.દી) ની શહાદતની યાદમાં પ્રથમવાર કાયમી કલાત્મક તાજીયા બનાવવામાં આવ્યા છે. આ પ્રસંગે ધારાસભ્ય રમણલાલ વોરા સહિત અનેક આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. આ તાજીયા ઈડરના કસ્બા વિસ્તારમાં સ્થાપિત કરવામાં આવ્યા છે. મોહર્રમના પ્રથમ દસ દિવસ દરમિયાન ઈડર શહેરની દરેક મસ્જિદ અને મદ્રેસાઓમાં ઈમામ હુસેન (ર.દી) એ કરબલામાં વહોરેલી શહીદીની ઘટના અંગે વાયઝ (કથા) કરવામાં આવી હતી.ગયા વર્ષથી ઈડર કસ્બા કમિટી દ્વારા સ્વેચ્છાએ ઈડર શહેરમાં નીકળતું જુલુસ બંધ રાખવાનો નિર્ણય લેવાયો છે. આ કારણે સુરપુર અને ઈડર શહેરમાં એકસાથે ઉજવાતો મોહર્રમનો તહેવાર હવે ઈડર અને સુરપુર ખાતે અલગ-અલગઉજવાશે. મોહર્રમના આગલા દિવસને કતલની રાત' તરીકે ઓળખવામાં આવે છે. શહાદતની આ રાત્રે મગરીબની નમાઝ બાદ તાજીયાના પડદા હટાવી ખુલ્લા મૂકવામાં આવ્યા હતા.



## પોલીસ સ્ટેશનના નાક નીચે જ ધંધાદારી જામીનનું મસમોટું નેટવર્ક : નડિયાદ ટાઉન પી.આઈ. ક્યારે ઊંઘમાંથી જાગશે?




નડિયાદ

ખેડા જિલ્લાના મુખ્ય મથક એવા નડિયાદ શહેરમાં કાયદો અને વ્યવસ્થાના લીરેલીરા ઉડાડતો એક અત્યંત ચોંકાવનારો અને સનસનાટીભર્યો કિસ્સો સામે આવ્યો છે. નડિયાદ ટાઉન પોલીસ સ્ટેશનની બિલકુલ સામે જ બેસીને કેટલાક ઈસમો દ્વારા 'ધંધાદારી જામીન' (પૈસા લઈને કોર્ટ-પોલીસમાં જામીન ઊભા રાખવા) આપવાનું આખેઆખું ગેરકાયદેસર નેટવર્ક ચલાવવામાં આવી રહ્યું છે. નવાઈની વાત તો એ છે કે, જે પોલીસ પર ગુનેગારોને પકડવાની જવાબદારી છે, તેના જ નાક નીચે આ આખો ખેલ ચાલી રહ્યો છે, છતાં નડિયાદ ટાઉન પોલીસ ઈન્સ્પેક્ટર (PI) આ મામલે કેમ મૌન સેવીને બેઠા છે તે જનતા માટે મોટો સવાલ છે!

સૂત્રો પાસેથી મળતી વિગતો મુજબ, નડિયાદ ટાઉન પોલીસ સ્ટેશનની બિલકુલ સામે જ આ ધંધાદારી જામીન આપનારા સપ્લાયરો અને એજન્ટોનો મોટો અડ્ડો જામ્યો છે. કોઈપણ ગુનામાં પકડાયેલા આરોપીઓને છોડાવવા માટે બોગસ દસ્તાવેજો અથવા પૈસાના જોરે તૈયાર થતા ભાડૂતી જામીન સપ્લાય કરવાનું નેટવર્ક અહીં બેરોકટોક ચાલે છે. કાયદાની રક્ષક પોલીસની કચેરીની સામે જ કાયદાના ધજાગરા ઉડાવતી આ પ્રવૃત્તિ જોઈને શહેરીજનો પણ આશ્ચર્યચકિત થઈ ગયા છે.

સવાલ ટાઉન પી.આઈ. ને: આંખ આડા કાન કે પછી 'મેળાપીપણું'?

આ ગંભીર મુદ્દે હવે સીધા નડિયાદ ટાઉન પોલીસ ઈન્સ્પેક્ટર સામે સવાલોની તોપ મંડાઈ છે:

રોજ નજર સામે હોવા છતાં કાર્યવાહી કેમ નહીં? જે નેટવર્ક સામાન્ય જનતાને ખુલ્લેઆમ દેખાઈ રહ્યું છે, તે ટાઉન પોલીસના બાહોશ અધિકારીઓને કેમ દેખાતું નથી?

મુખ્ય સપ્લાયર ક્યારે પકડાશે? આ નેટવર્ક પાછળ જે મુખ્ય સપ્લાયર કે માસ્ટરમાઈન્ડ કામ કરી રહ્યો છે, તેના સુધી પોલીસના હાથ ક્યારે પહોંચશે?

ક્યાં સુધી ચાલશે આ ખેલ? પોલીસ સ્ટેશનની ગરિમાને કલંકિત કરતી આ પ્રવૃત્તિને ડામવા માટે પી.આઈ. ક્યારે કડક આદેશો આપશે?

આણંદમાં ક્ષત્રિય સેના અને કર્મ ફાઉન્ડેશન દ્વારા 'વિદ્યાર્થી સન્માન સમારોહ 2026' અમૂલ ખાતે

## મહેસૂલ રાજ્યમંત્રી સંજયસિંહ મહીડા અને શિક્ષણ રાજ્યમંત્રી રિવાબા જાડેજાની પ્રેરક ઉપસ્થિતિમાં સન્માન સમારોહ યોજાયો

આણંદ, અરવિંદસિંહ પઢિયાર

આણંદ જિલ્લાના વિદ્યાર્થીઓની મહેનત અને સફળતાને બિરદાવવા માટે ક્ષત્રિય સેના આણંદ જિલ્લા અને કર્મ ફાઉન્ડેશનના સંયુક્ત ઉપક્રમે આયોજિત ભવ્ય 'વિદ્યાર્થી સન્માન સમારોહ ૨૦૨૬' અમૂલ ડેરીના સરદાર પટેલ એસેમ્બલી હોલ ખાતે ભારે ઉત્સાહપૂર્વક યોજાયો હતો. જેમાં મુખ્ય અતિથિ વિશેષ તરીકે રાજ્યકક્ષાના શિક્ષણમંત્રી રિવાબા જાડેજા અને રાજ્યકક્ષાના મહેસૂલ મંત્રી સંજયસિંહ મહીડા ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

આ તકે મુખ્ય અતિથિ વિશેષ તરીકે ઉપસ્થિત રાજ્યકક્ષાના શિક્ષણમંત્રી રિવાબા જાડેજાએ 'વિદ્યા દદાતિ વિનયમ્' શ્લોકથી પ્રવચનની શરૂઆત કરી શિક્ષણ, સંસ્કાર અને ચારિત્ર્ય ઘડતરના સમન્વય પર વિશેષ ભાર મૂક્યો હતો

તેમણે જણાવ્યું કે સાચું શિક્ષણ માત્ર અક્ષરજ્ઞાન કે ઊંચી ડિગ્રી પૂરતું સીમિત નથી, પરંતુ તે દેશભક્તિની ભાવના જગાડે અને સાચા-ખોટાનો ભેદ પારખવાની મક્કમતા આપે તે જરૂરી છે.

વધુમાં મંત્રીએ મેકોલેની શિક્ષણ પદ્ધતિ સામે ભારતીય ગુરુકુળ પરંપરા અને મૂલ્યોની મહત્તા સમજાવી 'નવી શિક્ષણ નીતિ ૨૦૨૦' તથા સરકારના 'આઈ-હબ' (i-Hub) જેવા સ્કોલરશીપ-સ્ટાર્ટઅપ પ્રોજેક્ટ્સનો લાભ લેવા યુવાનોને આહ્વાન કર્યું હતું. તેમણે ઉમેર્યું હતું કે, માર્કશીટના ટકા ક્યારેય ભવિષ્ય નક્કી નથી કરતા; યુવાનો ગોખણપટ્ટી છોડી કૌશલ્યવર્ધન (Skill-based learning) તરફ વળવા અને વર્ષ ૨૦૪૭ સુધીમાં 'વિકસિત ભારત'નું સપનું સાકાર કરવામાં સહભાગીતા નોધાવવા પર તેમણે ભાર મૂક્યો હતો.



આ પ્રસંગે મંત્રી સંજયસિંહ મહીડાએ ક્ષત્રિય સેનાને આ સુંદર ભગીરથ કાર્ય બદલ હૃદયપૂર્વક અભિનંદન પાઠવ્યા હતા. તેમણે જણાવ્યું હતું કે સમારોહમાં સન્માનિત થયેલા ૫૩૧ જેટલા તેજસ્વી વિદ્યાર્થીઓ, જેમાં ધોરણ ૧૦, ધોરણ ૧૨ ના વિદ્યાર્થીઓ, તેમજ સ્નાતક, પીએચડી અને જીપીએસસી/યુપીએસસી જેવી સ્પર્ધાત્મક પરીક્ષાઓ પાસ કરનાર યુવાનો દેશ અને ક્ષત્રિય રાજપૂત સમાજનું ગૌરવ છે. વધુમાં તેમણે ૨૧મી સદીના ટેકનોલોજી યુગમાં યુવા પેઢીને સ્માર્ટફોન અને ઈન્ટરનેટનો ઉપયોગ પ્રગતિ માટે કરવા અને ઓનલાઈન ગેમિંગ, સાયબર ફ્રોડ તેમજ ડ્રગ્સ જેવા સામાજિક દૂષણોથી સજાગ રહેવા હાકલ કરી હતી. ખાસ કરીને દીકરીઓને શિક્ષણ અને સંસ્કારોથી સજ્જ થઈને આત્મનિર્ભર અને મજબૂત બનવા પ્રેરણા આપી હતી. ક્ષત્રિય સેના દ્વારા આર્થિક રીતે નબળા પરિવારોના હોનહાર વિદ્યાર્થીઓને મદદ કરવાના સંકલ્પને બિરદાવ્યુ હતું અને જીવનમાં ગમે તેટલી સફળતા મળે તો પણ માતા-પિતા અને ગુરુના ત્યાગને ક્યારેય ન ભૂલવા વિદ્યાર્થીઓને શિખામણ આપી હતી. આ સમારોહમાં રજિસ્ટ્રેશન કરાવેલા તમામ તેજસ્વી વિદ્યાર્થીઓને મહાનુભાવોના હસ્તે ટ્રોફી અને સર્ટિફિકેટ આપીને સન્માનિત કરવામાં આવ્યા હતા.

આ વેળાએ કાર્યક્રમમાં આણંદના મેયર દિપીકાબેન પટેલ, અગ્રણી નેતા સંજયભાઈ પટેલ તેમજ અગ્રણી કાંતિભાઈ સોઢા પરમાર, ક્ષત્રિય સેનાના આગેવાનો, મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ અને તેમના વાલીઓ ઉપસ્થિત રહ્યા હતા.



## પ્રિયંકા વારાણસી નામની ફિલ્મમાં મહેશ બાબુ સાથે જોવા મળશે

# રસોઈ અને સફાઈ માત્ર મહિલાઓનું કામ નથી: પ્રિયંકા ચોપરાનું નિવેદન

મુંબઈ

બોલિવૂડની દરેક સેલિબ્રિટીનો એક અલગ અંદાજ હોય છે. સ્ક્રિન પર હોય ત્યારે એક અલગ અવતારમાં જોવા મળે છે પણ ઓફ સ્ક્રિન તેઓ ખૂબ જ સરળ અને શાંત સ્વભાવના હોય છે. ક્યારેક પોતાની સમજણને કારણે ચર્ચામાં હોય છે તો ક્યારેક એના જેવું ડિસ્પિલીન જીવનમાં ઊતારવા જેવું હોય છે. ક્યારેક કોઈ સારી વાત કહીને દિલ જીતી લે છે તો ક્યારેક વર્તણૂક ઘણું બધુ કહી દેતી હોય છે. આવું જ હાલમાં પ્રિયંકા ચોપરાએ કર્યું છે. ઘરમાં મહિલાઓની જવાબદારી અને પુરૂષોના કાર્યોના મુદ્દે તેણે દિલ ખોલીને વાત કરી હતી. કોઈ એક જેન્ડરની જવાબદારી નથી પ્રિયંકાએ કહ્યું હતું કે ઘરમાં માત્ર જમવાનું બનાવવું, સફાઈ કરવી અને ઘરના બીજા કામ કરવા એ માત્ર કોઈ એક જેન્ડરની જવાબદારી નથી.પ્રિયંકાનો કહેવાનો અર્થ મહિલા તરફથી વધારે હતો. એમનું એવું સ્પષ્ટ માનવું છે કે, ઘરના કામની જવાબદારી માત્ર મહિલાઓ પૂરતી જ સિમિત નથી. તાજેતરમાં થયેલા એક કાર્યક્રમમાં તેણે પોતાના નાનપણની સમાનતા અને બરોબરની વાત પર પ્રકાશ પાડ્યો હતો. એક ઈન્ટરવ્યૂમાં દિલ ખોલીને વાત કરતા પ્રિયંકાએ અનેક એવા મુદ્દાઓ પર પોતાના વિચારો કહ્યા હતા. એક્ટ્રેસે કહ્યું કે, આજે પણ ઘણાય ઘરમાં જમવાનું બનાવવું, સફાઈ કરવી અને ઘરના અન્ય કામ કરવા એ મહિલાઓની જવાબદારી માનવામાં આવે છે. સફાઈ અને રસોઈ એ માત્ર મહિલાઓના જ કામ નથી આ દૈનિક ધોરણે નિભાવવી પડતી જવાબદારી છે.કોઈ એક જેન્ડરને આની સાથે જોડી અસમાનતા ઊભી ન કરો. માત્ર મહિલાઓની જ નહીં હોલિવૂડની વાત કરતા પ્રિયંકાએ ઉમેર્યું કે, ટેક્નોલોજીએ કોન્ટેટ બનાવવાનું કામ સરળ કરી દીધું છે. કોન્ટેક્ટ તૈયાર કરવા હવે પહેલા કરતા વધારે સરળ અને સ્પષ્ટ થઈ રહ્યા છે. ઓબસેશન નામની હોલિવૂડની ફિલ્મની સફળતાની વાત કરતા તેણે આ વાત ઉમેરી હતી.અગાઉ એવું હતું કે, જો તમારે ફિલ્મમેકિંગમાં આવવું હોય તો એ નક્કી કરવું પડતું હતું કે, તમારે ક્યા વિભાગમાં કામ કરવું છે.

ઈન્ડસ્ટ્રીમાં જગ્યા બનાવવી ખૂબ જ મુશ્કેલ હતી. આજે તો તમારી પાસે કોઈ આઈડિયા હોય તો એને શુટ કરો, યુટ્યુબ પર મૂકો પછી જુઓ. ઓબસેશન જેવી ફિલ્મ અત્યારે પણ બની શકે છે. મનોરંજનની દુનિયાનો એકભાગ બનવા માટેનો અત્યારે એક ઉત્તમ સમય છે. આવનારા સમયમાં પ્રિયંકા વારાણસી નામની ફિલ્મમાં મહેશ બાબુ સાથે જોવા મળશે. આ ફિલ્મનું શૂટિંગ હાલમાં ચાલી રહ્યું છે. આ સિવાય પણ પ્રિયંકા પાસે બીજા પણ કેટલાક ફિલ્મ સંબંધિત પ્રોજેક્ટ છે. હોલિવૂડની ફિલ્મમાં પણ દેખાશે. આ સિવાય પ્રિયંકા અમર પરી નામની એક ફિલ્મ ઉપર પણ કામ કરી રહી છે.

**ઘરમાં મહિલાઓની જવાબદારી અને પુરૂષોના કાર્યોના મુદ્દે તેણે દિલ ખોલીને વાત કરી હતી**

# શાહરુખને બોલિવૂડમાં 34 વર્ષ પૂરા થયા

### ફિલ્મ 'દીવાના' 34 વર્ષ પહેલાં 26 જૂને રિલીઝ થઈ હતી. આ અવસરે શાહરુખ મેંગલુરુના એક ઈવેન્ટનો ભાગ બન્યો હતો



મુંબઈ

બોલિવૂડના બાદશાહ શાહરુખ ખાનને આજે ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં 34 વર્ષ પૂરા થયા છે. તેની પહેલી ફિલ્મ 'દીવાના' 34 વર્ષ પહેલાં આજના જ દિવસે 26 જૂને રિલીઝ થઈ હતી. આ ખાસ અવસરે શાહરુખ ખાન મેંગલુરુના એક ઈવેન્ટનો ભાગ બન્યો હતો, જ્યાં આઈકોનિક પોઝ, હિટ ગીતોમાં ડાન્સ કરતા એક્ટરે મેંગલુરુની બાળપણની યાદો પર પણ વાત કરી હતી. આ દરમિયાન એક્ટરે કન્નડમાં ચાહકો સાથે વાત કરીને સૌનું ધ્યાન ખેંચ્યું હતું. શાહરુખ ખાન આ ઈવેન્ટમાં બાળપણની એક તસવીર લઈને પહોંચ્યો હતો. ઈવેન્ટની વચ્ચે તેણે ખિસ્સામાં રાખેલી તે તસવીર કાઢીને પ્રેક્ષકોને બતાવી, જે તેના મતે, તેના બાળપણની એકમાત્ર તસવીર છે. શાહરુખે તસવીર બતાવતા કહ્યું, 'ભલે આ સમયે આ તસવીર થોડી વિચિત્ર લાગે, કારણ કે હું તેમાં કપડાં વગરનો છું. આ મારી પાસે મારા બાળપણની એકમાત્ર તસવીર છે, જે મેંગલુરુમાં લેવામાં આવી હતી. હું કપડાં વગર ટબમાં બેઠો છું.' શાહરુખ ખાનનો જન્મ નવી દિલ્હીમાં થયો હતો, જોકે તેણે બાળપણના શરૂઆતના 5 વર્ષ પોતાના દાદા ઈફ્તિખાર અહેમદ સાથે મેંગલુરુમાં જ વિતાવ્યા છે. ઈવેન્ટમાં શાહરુખ ખાને ફેન્સને કન્નડમાં ગ્રીટ કર્યા હતા, ત્યારબાદ તેણે દિલવાલે દુલ્હનિયા લે જાયેંગેના ગીતોની સાથે-સાથે ઝૂમે જો પઠાણ અને છમ્મક છલ્લો પર પણ પરફોર્મ કર્યું. ફિલ્મો પહેલાં શાહરુખ ખાને ઘણા ટીવી શોમાં કામ કર્યું હતું, જેના પછી તેને ફિલ્મ દીવાના એક સંયોગથી મળી. આ ફિલ્મમાં રાજા સહાયના રોલ માટે પહેલા અરમાન કોહલીને ફાઈનલ કરવામાં આવ્યો હતો, પરંતુ કોઈ કારણસર એક્ટરે આ ફિલ્મ કરવાની ના પાડી દીધી હતી. આ જ સમયે શેખર કપૂરે પ્રોડ્યુસર ગુડ્ડુ ધનોઆને શાહરુખને મળવા માટે દિલ્હી મોકલ્યો. તે કનોટ પ્લેસમાં મળ્યા. ગુડ્ડુ ધનોઆએ એક ઈન્ટરવ્યુમાં જણાવ્યું હતું કે, 'ત્યાં સુધીમાં, અભિનેતાની કોઈ પણ ફિલ્મ રિલીઝ થઈ ન હતી. તેમ છતાં તેણે મને કહ્યું, 'હું તમારી ફિલ્મ કરી શકતો નથી. હું પહેલાથી જ 5 ફિલ્મો કરી રહ્યો છું.' આ સાંભળીને મને આઘાત લાગ્યો.


# 18 હજાર કરોડની નેટવર્થ ધરાવતી ટેલર સ્વિફ્ટના લગ્નની તડામાર તૈયારીઓ

### વિશ્વભરના લોકપ્રિય પોપ સિંગર્સમાંની એક સિંગર ટેલર સ્વિફ્ટ વર્તમાન સમયમાં પોતાના લગ્નના સમાચારોને લઈને ભારે ચર્ચામાં છે

મુંબઈ

વિશ્વભરના લોકપ્રિય પોપ સિંગર્સમાંની એક સિંગર ટેલર સ્વિફ્ટ વર્તમાન સમયમાં પોતાના લગ્નના સમાચારોને લઈને ભારે ચર્ચામાં છે. અહેવાલો અનુસાર, ટેલર સ્વિફ્ટ અને તેમના મંગેતર ટ્રેવિસ કેલ્સ ટૂંક સમયમાં જ લગ્નના બંધનમાં બંધાવા જઈ રહ્યા છે. અહેવાલો મુજબ, સિંગર ટૂંક સમયમાં ન્યૂયોર્કના પ્રખ્યાત મેડિસન સ્ક્વેર ગાર્ડનમાં પોતાના વેડિંગ ફંક્શન્સ સેલિબ્રેટ કરતી જોવા મળી શકે છે. આ કોઈ સામાન્ય લગ્ન નહીં હોય, પરંતુ કેટલાય દિવસો સુધી ચાલનારું એક ગ્રાન્ડ સેલિબ્રેશન હશે. અહેવાલોમાં દાવો કરવામાં આવ્યો છે કે, આ ફંક્શન્સ 2 જુલાઈથી શરૂ થઈને 4 જુલાઈ સુધી ચાલી શકે છે. સમાચારો અનુસાર, પહેલા દિવસે માત્ર નજીકના મિત્રો અને પરિવારના આશરે 100 લોકોને આમંત્રિત કરવામાં આવશે. ત્યારબાદ, 3 જુલાઈએ એક મોટું ફંક્શન હોસ્ટ કરવામાં આવી શકે છે, જેમાં એક હજારથી વધુ મહેમાનો સામેલ થવાના અહેવાલો છે. આ દરમિયાન લાઈવ મ્યુઝિક પરફોર્મન્સ અને કેટલાય ખાસ પ્રોગ્રામ્સ પણ યોજાઈ શકે છે. કેટલાક મીડિયા અહેવાલો અનુસાર, મેડિસન સ્ક્વેર ગાર્ડનની આસપાસના કેટલાક રસ્તાઓને સંપૂર્ણપણે બંધ કરવાની તૈયારીઓ કરવામાં આવી રહી છે. બીજી તરફ મહેમાનોના રોકાણ માટે ઘણી મોટી હોટલોમાં રૂમ બુક કરવામાં આવ્યા હોવાના અહેવાલો પણ સામે આવ્યા છે. જોકે, આ અંગે હજુ સુધી કોઈ સત્તાવાર ટીમ દ્વારા અપડેટ આપવામાં આવ્યુ નથી. લગ્ન માટે મેડિસન સ્ક્વેર ગાર્ડનને પસંદ કરવાનું કારણ તેની હાઈ-લેવલ સિક્યોરિટી અને પ્રાઈવસી હોવાનું કહેવાય છે. અહીં સેફ એન્ટ્રી, કંટ્રોલ્ડ એક્સેસ અને એવી ખાસ વ્યવસ્થાઓ ઉપલબ્ધ છે, જે સેલિબ્રિટીઝને મીડિયા અને ફોટોગ્રાફર્સની નજરોથી દૂર રાખવામાં મદદ કરશે. ટેલર સ્વિફ્ટ માત્ર પોતાના સિંગિંગ માટે જ ફેમસ નથી, પરંતુ પોતાની નેટવર્થને લઈને પણ ચર્ચામાં રહે છે. મીડિયા રિપોર્ટ્સ અનુસાર, સિંગરની નેટવર્થ આશરે 2 અબજ ડોલર એટલે કે, લગભગ 18,000 કરોડ રૂપિયાની આસપાસ છે. આ જ કારણે તેમની ગણતરી વિશ્વની સૌથી અમીર મહિલા સિંગર આર્ટિસ્ટમાં થાય છે. હાલમાં તેમના ચાહકો ટેલર સ્વિફ્ટ અને ટ્રેવિસ કેલ્સ તરફથી સત્તાવાર જાહેરાતની રાહ જોઈ રહ્યા છે. જો આ સમાચારો સાચા સાબિત થશે, તો આ લગ્ન વર્ષ 2026ના સૌથી મોટા અને સૌથી લોકપ્રિય સેલિબ્રિટી ફંક્શન્સમાંથી એક બની શકે છે, જેના પર આખી દુનિયાની નજર મંડરાયેલી રહેશે.





# અમિતાભ બચ્ચનને અચાનક કેમ વેચવા પડ્યા પોતાની પાસેના શેર

### સ્મોલ કેપ કંપની ડી. પી. વાયર્સ લિમિટેડમાં પોતાની ભાગીદારીને લઈને ફેરફાર કર્યો છે. હકીકત એ પણ છે કે, કંપની તરફથી અમિતાભને કોઇ સારૂ એવું રિટર્ન પણ મળ્યું નથી.


મુંબઈ

બોલિવૂડના શહેનશાહ, મહાનાયક અમિતાભ બચ્ચનના રોકાણ અંગે સમયાંતરે ચર્ચા કરવામાં આવે છે. માત્ર ફિલ્મ દ્વારા જ નહીં અન્ય સ્ત્રોત દ્વારા પણ તેઓ દમદાર કમાણી કરી રહ્યા છે. ક્યારેક જાહેરાતથી તો ક્યારેક બ્રાન્ડ પ્રમોશન કરીને તેઓ સતત સ્ક્રિન પર દેખાય છે એની સાથે સખત રીતે કમાતા રહે છે. માત્ર ફિલ્મ કે મનોરંજનની દુનિયામાં જ નહીં શેરમાર્કેટમાં પણ એમનું દમદાર રોકાણ છે. સૂત્રોમાંથી વિગત એવી મળી છે કે, તાજેતરમાં તેમણે સ્મોલ કેપ કંપની ડી. પી. વાયર્સ લિમિટેડમાં પોતાની ભાગીદારીને લઈને ફેરફાર કર્યો છે. હકીકત એ પણ છે કે, કંપની તરફથી અમિતાભને કોઈ સારૂ એવું રિટર્ન પણ મળ્યું નથી. કોર્પોરેટ ડેટાબેઝ AceEquityના એક રિપોર્ટ અનુસાર બ્લોક ડીલ પહેલા બીગ બીનો છેલ્લા છેલ્લા ચાર ક્વાર્ટરથી કંપનીમાં હિસ્સો 2.11 ટકા પર જાળવી રાખ્યો હતો. તેમની પાસે કંપનીના કુલ 3,27,590 શેર હતા. આ અઠવાડિયે નવા વ્યવહારો બાદ મહાનાયક પાસે એમના શેર પણ પડ્યા હતા. હવે એમાં એમની ભાગીદારી ઓછી થઈ ગઈ છે. હકીકત એ છે કે ડી. પી. વાયર્સ લિમિડેટના શેર નવેમ્બર 2023ના રેકોર્ડ ઉચ્ચતમ સ્તરથી તેનો શેર 68% ઘટ્યો છે. 24 જૂન 2026ના અમિતાભ બચ્ચને બ્લોક ડીલ દ્વારા આ કંપનીના શેર વેચ્યા અને કેટલાક શેર ખરીદ્યા.2018ના ત્રિમાસિક ક્વાર્ટરમાં કંપનીમાં એક પબ્લિક શેર હોલ્ડરના રૂપમાં તેઓ સક્રિય હતા. બુધવારે આ જ કંપનીના 1,23,622 શેર સરેરાશ 200.84 પ્રતિ શેરના ભાવે વેચી દીધા હતા. આ વેચાવલીની કુલ વેલ્યુ 2.48 કરોડ રહી છે. બીજી બાજુ અન્ય એક ટ્રાઝેક્શનમાં આ જ કંપનીના 41,566 શેર 199.90 પ્રતિ રૂપિયના ભાવથી ખરીદી લીધા છે. જેની કુલ કિંમત 83 લાખ રૂપિયા થાય છે. આ તીવ્ર ઘટાડા પાછળનું મુખ્ય કારણ કંપનીના નબળા નાણાકીય પ્રદર્શનને માનવામાં આવે છે. વર્ષ 2026માં કંપનીનું સ્ટેન્ડઅલોન વેચાણ 480.11 કરોડ થયું હતું જે 2025 નાણાકીય વર્ષમાં 620.93 કરોડ હતું. કંપનીનો વાર્ષિક નફો પણ 22.20 કરોડથી ઘટીને 17.58 કરોડ થયો.

# અરબાઝ ખાનની એક્સ ગર્લફ્રેન્ડનો હોટ અંદાજ, બિકિનીમાં ક્લિક કરાવ્યા બોલ્ડ ફોટોઝ

મુંબઈ

સેબેલ્સ પોતાના અલગ અંદાજને કારણે કારણે ચર્ચામાં રહેતા હોય છે. ખાસ કરીને બોલિવૂડની એક્ટ્રેસ જ્યારે કોઈ અલગ અવતારમાં જોવા મળે ત્યારે ઈન્ટરનેટ પર ફેન્સ દિલ ખોલીને કોમેન્ટ કરતા હોય છે. પણ સેલેબ્સની એક્સ, બોયફ્રેડ કે ગર્લફ્રેંડ જ્યારે એક બોલ્ડ અવતારમાં જોવા મળે ત્યારે તે સૌથી વધારે ચર્ચામાં રહે છે. હવે એક સમયની અરબાઝ ખાનની એક્સ ગર્લફ્રેન્ડ જોર્જિયા એન્ડ્રીયાની ચર્ચામાં છે. બિચ લૂક અને બિકિનીના કોમ્બિનેશનમાં દમદાર લાગી રહી છે. આ બોલ્ડ અવતારમાં તેણે એકથી એક ચડિયાતા લૂક આપ્યા હતા. તેના નવા ફોટો જે ઈન્ટરનેટ પર પોસ્ટ કરવામાં આવ્યા છે એનાથી ફેન્સની આંખ ચાર થઈ ગઈ છે. જોર્જિયાએ સોશિલય મીડિયા પર પોતાની બોલ્ડ તસવીર પોસ્ટ કરી છે. આ બોલ્ડ અવતારમાં તે બિકિનીમાં જોવા મળી રહી છે. આ તમામ તેના માલદીવ્સના વેકેશનના ફોટો છે. વિશાળ દરિયામાં નાની એવી બોટ પર તેણે એકથી એક બેસ્ટ લૂક આપીને ફોટો ક્લિક કરાવ્યા છે. ક્યાંક ચશ્મા સાથે તો ક્યાંક ટુ પીસ બિકિનીમાં, આ અવતારમાં તેણે મલ્ટીકલરની બિકિની પહેરી છે. ફ્લોન્ટ ફિગર અને બોડી કર્વ્સ ક્લિયર દેખાઈ રહ્યા છે. સનગ્લાસ અને મેકઅપલેસ અવતારમાં તે બેસ્ટ દેખાઈ રહી છે. સમુદ્રની લહેર વચ્ચે બીચ કેન્ડીડ પોઢઝ આપીને જોર્જિયાએ બેસ્ટ ફોટો શુટ કરાવી લીધું છે. આ ફોટોશુટમાં તેનો હોટ અવતાર જોવા મળ્યો છે. જોર્જિયાનું બિકિની ફીગર જોઈને ફેન્સ તેની ફીટનેસની વાતો કરી રહ્યા છે. બોલ્ડ લૂકમાં એકથી એક બેસ્ટ પોઝ ખુલ્લા ભીના વાળમાં તેનો લૂક ઔર બહેતર દેખાઈ રહ્યો છે. ફેન્સ કોમેન્ટ કરીને કહી રહ્યા છે કે, તે આ પ્રકારના અવતારમાં સ્ટનિંગ લાગી રહી છે.



પાક્કો ગુજરાત
શનિવાર । 27 જૂન 2026 । અમદાવાદ

### 4 વખતની ચેમ્પિયન ટીમ જર્મનીને હરાવી ઇક્વાડોરની નૉકઆઉટમાં એન્ટ્રી

# FIFA વર્લ્ડ કપમાં સદીનો સૌથી મોટો ઉલટફેર જોવા મળ્યો



વોશિંગ્ટન

ફિફા વર્લ્ડ કપ 2026માં અત્યાર સુધીનો સૌથી મોટો સનસનાટીભર્યો ઉલટફેર જોવા મળ્યો છે. એક રોમાંચક મુકાબલામાં ઇક્વાડોરે ચાર વખતની વર્લ્ડ ચેમ્પિયન જર્મનીને 2-1થી ધૂળ ચટાડીને ઇતિહાસ રચી દીધો છે. શરૂઆતમાં પાછળ પડ્યા બાદ પણ ઇક્વાડોરે જે રીતે શાનદાર વાપસી કરી, તેણે ફૂટબોલ જગતને ચોંકાવી દીધું છે. આ ઐતિહાસિક જીત સાથે જ ઇક્વાડોરે નોકઆઉટ રાઉન્ડમાં પોતાનું સ્થાન પાક્કી કરી લીધું છે. 'કરો કે મરો'ના દબાણમાં ઇક્વાડોરની શાનદાર વાપસી ગ્રૂપ Eમાં આઇવરી કોસ્ટ સામે હાર અને ક્યુરાસાઓ સામે ડ્રો બાદ સેબાસ્ટિયન બેકાસેસેની ટીમ ભારે દબાણમાં હતી. નોકઆઉટની આશા જીવંત રાખવા માટે ઇક્વાડોર સામે આ મેચ જીતવી અત્યંત જરૂરી હતી, જ્યારે જર્મનીની ટીમ પહેલેથી જ ક્વોલિફાય થઈ ચૂકી હતી. મેચની શરૂઆત જર્મની માટે ધમાકેદાર રહી હતી. બીજા જ મિનિટે લેરોય સાનેના શાનદાર ગોલથી જર્મનીએ 1-0ની લીડ મેળવી લીધી હતી. જોકે, ઇક્વાડોરે વળતો પ્રહાર કરવામાં સહેજ પણ મોડું ન કર્યું. 9મી મિનિટે નિલસન અંગુલોએ ટૂર્નામેન્ટનો પોતાનો પ્રથમ ગોલ ફટકારીને સ્કોર 1-1થી બરાબર કરી દીધો હતો. VARના નિર્ણયો અને રોડ્રિગેઝ-પ્લાટાનો જાદુ બીજા હાફમાં મેચ વધુ રોમાંચક બની હતી. સ્કોર 1-1ની બરાબરી પર હતો ત્યારે એક વિવાદાસ્પદ ક્ષણ આવી, જ્યાં રેફરી ટોરી પેન્સોએ જોએલ ઓર્ડોનેઝ દ્વારા કાઈ હાવર્ટ્ઝ સામેના ચેલેન્જ પર જર્મનીને પેનલ્ટી આપી દીધી હતી. જોકે વીડિયો આસિસ્ટન્ટ રેફરી (VAR)ની સમીક્ષામાં સ્પષ્ટ થયું કે પેનલ્ટી પહેલાં લેરોય સાનેએ વિટે સામે ફાઉલ કર્યો હતો, જેના કારણે રેફરીએ પેનલ્ટીનો નિર્ણય રદ કરવો પડ્યો હતો. ત્યારબાદ, કોર્નર કિક પર સબ્સ્ટિટ્યૂટ ખેલાડી વિન રોડ્રિગેઝના શાનદાર ફ્લિક-ઓન પાસ પર ગોન્ઝાલો પ્લાટાએ ગોલ કરીને ઇક્વાડોરને 2-1ની વિજયી લીડ અપાવી દીધી હતી. અંતિમ 13 મિનિટમાં મજબૂત ડિફેન્સના જોરે ઇક્વાડોરે આ સ્કોર જાળવી રાખ્યો હતો. ઇક્વાડોર માટે 2013 પછી કોઈ UEFA ટીમ સામે આ પ્રથમ જીત છે, અને ટીમ 2006 પછી બીજી વખત નોકઆઉટ રાઉન્ડમાં પ્રવેશી છે. બીજી તરફ, ગ્રૂપ Fનો રોમાંચક સફર પણ પૂર્ણ થઈ ગયો છે. કાન્સાસ સિટીમાં રમાયેલી મેચમાં નેધરલેન્ડ્સે ટ્યુનિશિયાને 3-1થી હરાવી 7 અંક સાથે ગ્રૂપમાં ટોચનું સ્થાન મેળવ્યું છે.

## 3 વર્ષના લાંબા ગાળા બાદ મેદાન પર ઉતરતા જ રડી પડ્યો નેમાર! ગર્લફ્રેન્ડ બ્રૂના અને દીકરીઓ પણ દેખાઈ સાથે

બ્રાઝિલના સ્ટાર ફૂટબોલર નેમાર જુનિયરે FIFA વર્લ્ડ કપ 2026માં સ્કોટલેન્ડ સામેના મુકાબલામાં 3 વર્ષ લાંબા ગાળા બાદ રાષ્ટ્રીય ટીમમાં વાપસી કરી છે. ગંભીર ઈજાઓ અને અસંખ્ય સર્જરીઓ સામે લાંબી લડાઈ લડ્યા બાદ, નેમાર જ્યારે મેચની 76th મિનિટે મેદાન પર ઉતર્યો ત્યારે તે પોતાની લાગણીઓ પર કાબૂ રાખી શક્યો નહોતો. કેમેરામાં તે પોતાની આંખોમાંથી આંસુ લૂછતો કેદ થયો હતો. આ ક્ષણ તેના લાંબા સંઘર્ષ, પીડા અને આંતરરાષ્ટ્રીય ફૂટબોલમાં પુનરાગમનની એક અદ્ભુત ગાથા બની ગઈ છે. FIFA વર્લ્ડ કપ 2026માં બ્રાઝિલે સ્કોટલેન્ડ પર 3-0થી શાનદાર જીત મેળવી હતી, પરંતુ આ જીત વચ્ચે એક એવી ભાવુક પળ જોવા મળી જેણે દુનિયાભરના ફૂટબોલ ફેન્સના દિલ જીતી લીધા. મેચ પૂરી થયા બાદ નેમાર તેની પાર્ટનર બ્રુના બિયાન્કાર્ડી અને બંને દીકરીઓ સાથે જોવા મળ્યો હતો. બ્રુનાએ ભાવુક થયેલા નેમારને કિસ કરીને પ્રોત્સાહિત કર્યો હતો, જે પછી નેમાર તેની દીકરીઓ માવી અને મેલ સાથે મેદાન પર રમતો જોવા મળ્યો હતો. હાર્ડ રોક સ્ટેડિયમમાં રમાયેલી આ મેચની 76th મિનિટે બ્રાઝિલના મુખ્ય કોચ કાર્લો એન્સેલોટીએ નેમારને મેદાન પર મોકલ્યો હતો. તેણે મેથિયસ કુન્હાની જગ્યા લીધી હતી. નેમાર જેવો જ મેદાન પર પહોંચ્યો, સ્ટેડિયમમાં હાજર હજારો બ્રાઝિલિયન સમર્થકોએ જોરદાર તાળીઓ અને નારાઓ સાથે તેનું ભવ્ય સ્વાગત કર્યું હતું. આ માત્ર એક ખેલાડીનું મેદાન પર પરત ફરવું નહોતું, પરંતુ વર્ષોના દર્દ, નિરાશા અને આકરી મહેનતનો સુખદ અંત હતો.

### ભારતીય ટીમમાં નંબર 3 માટે દાવો મજબૂત

## ગૌતમ ગંભીરના લાડકવાયા ખેલાડીએ શ્રીલંકા સામે ફટકારી સેન્ચુરી



કોલંબો

ભારતીય ક્રિકેટ ટીમના હેડ કોચ ગૌતમ ગંભીરે જે બેટર પર સૌથી વધુ ભરોસો મૂક્યો હતો, તે ખેલાડી અત્યારે મેદાન પર રન મશીન બની ગયો છે. આ એ જ સ્ટાર ખેલાડી છે જેણે તાજેતરમાં પૂરી થયેલી IPL 2026માં 722 રન ફટકારીને સનસનાટી મચાવી દીધી હતી. આ શાનદાર ફોર્મના કારણે જ તેને અફઘાનિસ્તાન સામેની મેચ માટે પસંદ કરવામાં આવ્યો હતો અને હવે તેણે શ્રીલંકા A સામે શાનદાર સદી ફટકારીને ફરી એકવાર હેડલાઈન્સ બટોરી છે. શ્રીલંકાના પ્રવાસે ગયેલી ઈન્ડિયા-A ટીમ ગાલે સ્ટેડિયમમાં પ્રથમ અનઓફિશિયલ ટેસ્ટ મેચ રમી રહી છે. ટોસ જીતીને પહેલા બેટિંગ કરવા ઉતરેલી ભારતીય ટીમ તરફથી સ્ટાર ઓપનર સાઈ સુદર્શને અદ્ભુત પ્રદર્શન કર્યું છે. ઓપનિંગમાં આવેલા સુદર્શને માત્ર 130 બોલમાં પોતાની સદી પૂરી કરી હતી, જેમાં તેણે 14 શાનદાર ચોગ્ગા લગાવ્યા હતા. આ સેન્ચુરીના જોરે સુદર્શને ભારતની મુખ્ય ટેસ્ટ ટીમમાં નંબર 3ના સ્લોટ માટે પોતાનો દાવો વધુ મજબૂત કરી દીધો છે. કસોટીની ઘડી આવી, ત્યારે સાઈએ રાખ્યું ગંભીરનું માન અફઘાનિસ્તાન સામેની એકમાત્ર ટેસ્ટ મેચ પહેલાં યોજાયેલી પ્રેસ કોન્ફરન્સમાં ભારતીય ટીમ મેનેજમેન્ટ અને ચીફ કોચ ગૌતમ ગંભીરે સ્પષ્ટ સંકેત આપ્યા હતા કે ટેસ્ટ ટીમમાં નંબર 3ની રેસમાં સાઈ સુદર્શન હાલમાં દેવદત્ત પડિક્કલ કરતાં આગળ છે. ગંભીરે જણાવ્યું હતું કે, 'કોઈપણ ખેલાડીનું સાચું મૂલ્યાંકન ત્યારે જ થઈ શકે જ્યારે તેને સતત લાંબી તકો આપવામાં આવે, અને સાઈને અત્યાર સુધી તેવો લાંબો રન મળ્યો નથી.' મેદાન પર જ્યારે સાચી પરીક્ષાનો સમય આવ્યો, ત્યારે સાઈ સુદર્શને ગંભીરના આ ભરોસાનું માન રાખ્યું.

## ઓલિમ્પિકમાં આખરે 130 વર્ષ જૂની પરંપરા તૂટી

### હવે મેડલ જીતે કે ન જીતે, દરેક ખેલાડીને મળશે લાખો રૂપિયા




ટોક્યો

ઈન્ટરનેશનલ ઓલિમ્પિક કમિટી (IOC) એ ઓલિમ્પિક ગેમ્સમાં 130 વર્ષ જૂની પરંપરા તોડી નાખી છે. હવે ઓલિમ્પિક રમતોમાં ભાગ લેનારા તમામ એથ્લેટ્સને 10,000 અમેરિકન ડોલર(9,43,600 રૂપિયા) આપવામાં આવશે. આ 'ફિટ ફોર ધ ફ્યુચર ઓલિમ્પિયન ગ્રાન્ટ' અંતર્ગત આપવામાં આવશે. આ પહેલા ઓલિમ્પિકમાં રમનારા એથ્લેટ્સને કોઈ પણ પૈસા મળતા ન હતા. મેડલ જીતે કે ન જીતે દરેક એથ્લેટને આ રકમ મળશે આ 2026 વિન્ટર ઓલિમ્પિકથી શરૂ થઈ ચૂક્યું છે. વિન્ટર ઓલિમ્પિક ફેબ્રુઆરીમાં આયોજિત કરવામાં આવ્યા હતા. દરેક એથ્લેટને આ રકમ મળશે, પછી ભલે તે મેડલ જીતે કે ન જીતે. એટલે કે, માત્ર ભાગ લેવાના (પાર્ટિસિપેશન) આધાર પર જ એથ્લેટ્સને ગ્રાન્ટ આપવામાં આવશે. જેનો હેતુ એથ્લેટ્સના સ્પોર્ટ્સ કરિયરને સપોર્ટ કરવાનો અથવા કરિયર બદલવામાં મદદ કરવાનો છે. IOC એ આ ગ્રાન્ટ માટે કુલ 10 કરોડ ડોલરનું ફંડ બનાવ્યું છે. ખાનગી રિપોર્ટ અનુસાર, IOC એથ્લેટ્સ કમિશનના ચેરમેન પાઉ ગેસોલે આ જાહેરાત પર કહ્યું- આ ગ્રાન્ટ દરેક ઓલિમ્પિયન માટે છે. માત્ર મેડલ વિજેતાઓ કે અમીર દેશોના એથ્લેટ્સ માટે નહીં. દરેક એથ્લેટ ઓલિમ્પિક સુધી પહોંચવા માટે વર્ષોની મહેનત, ત્યાગ અને સપનાઓ પર વિશ્વાસ રાખે છે. તેમની સફર અલગ-અલગ હોઈ શકે છે, પરંતુ દરેક એથ્લેટે ઘણી બધી કુરબાની આપી છે. 'પૈસાનો ઉપયોગ એથ્લેટ્સ પોતાની ઈચ્છાથી કરશે' ગેસોલ પોતે સ્પેનના ત્રણ વખતના ઓલિમ્પિક મેડલિસ્ટ અને NBAના મહાન ખેલાડી રહી ચૂક્યા છે. તેમણે જણાવ્યું કે NBA ખેલાડીઓ પણ આ ગ્રાન્ટના હકદાર છે. પરંતુ તેમણે કહ્યું કે તેઓ આ પૈસાનો ઉપયોગ આગામી ખેલાડીઓની મદદ માટે કરી શકે છે. આ પૈસાનો ઉપયોગ એથ્લેટ્સ પોતાની ઈચ્છાથી કરશે અને IOC તેમને સારા વિકલ્પો આપશે. 2028 લોસ એન્જલસ ઓલિમ્પિક ગેમ્સમાં આશરે 11,000 એથ્લેટ્સ ભાગ લેશે. તેમના માટે અંદાજે 11 કરોડ ડોલરની ગ્રાન્ટ રાખવામાં આવી છે. એથ્લેટ્સને આ રકમ ઓલિમ્પિક પછી મળશે, શરત એટલી કે તેઓ ડોપિંગ ટેસ્ટમાં ક્લીન (પાસ) હોય. ચેરમેન પાઉ ગેસોલે કહ્યું, મહત્વનું છે કે આ નિર્ણય IOCની નવી વ્યૂહનીતિનો એક ભાગ છે, જેની અધ્યક્ષતા નવી પ્રેસિડેન્ટ કિર્સ્ટી કોવેન્ટ્રી કરી રહી છે. તેમણે એક વર્ષ પહેલા પદ સંભાળ્યું હતું. IOC એ એથ્લેટ્સનો અભિપ્રાય સાંભળ્યો. સમીક્ષા દરમિયાન જાણવા મળ્યું કે એથ્લેટ્સ ઈચ્છે છે કે સમગ્ર ઓલિમ્પિક સફર અને તે પછી પણ તેમને સીધો સપોર્ટ મળે. વર્ષો સુધી એથ્લેટ્સને સ્પોન્સરશિપ, ટ્રેનિંગ અને રોજી-રોટી માટે સંઘર્ષ કરવો પડતો હતો. ઘણા દેશોમાં સરકારી સપોર્ટ ઓછો હોવાને કારણે એથ્લેટ્સને મુશ્કેલી પડતી હતી. આજના સમયમાં સ્પોર્ટ્સ ફોલો કરવું ખૂબ મોંઘું થઈ ગયું છે. ટ્રેનિંગ, કોચ, ઈક્વિપમેન્ટ (સાધનો), ટ્રાવેલ અને ડાયટ પાછળ લાખો રૂપિયા ખર્ચ થાય છે. ઘણા એથ્લેટ્સ પૈસાની અછતને કારણે અધવચ્ચે જ સફર છોડી દે છે. આ ગ્રાન્ટ તેમને થોડી રાહત આપશે.



### સરકાર 2027 સુધીમાં LICમાં તેનો હિસ્સો 90% કરશે

## ડિસઇન્વેસ્ટમેન્ટ થકી સરકાર 80,000 કરોડ એકત્ર કરશે




મુંબઈ

સરકાર ચાલુ નાણાકીય વર્ષમાં જાહેર ક્ષેત્રની કંપનીઓમાં તેના લઘુમતી હિસ્સાનું ડિસઈન્વેસ્ટમેન્ટ કરવાની પ્રક્રિયાને વેગ આપી રહી છે. ૨૦૨૬-૨૭ નાણાકીય વર્ષના અંત સુધીમાં ઈક્વિટી અને પબ્લિક એસેટ વેચાણ દ્વારા રૂ. ૮૦,૦૦૦ કરોડ એકત્ર કરવાનો અને મોટાભાગના લિસ્ટેડ પબ્લિક સેક્ટર અંડરટેકિંગ્સ (પીએસયુ) માં તેનો હિસ્સો ઘટાડીને ૭૫% કરવાનો ઉદ્દેશ છે.

હિસ્સો વેચાણ ડ્રાઈવના ભાગ રૂપે ભારતીય જીવન વીમા નિગમ (એલઆઈસી) માટે ટૂંક સમયમાં ઓફર ફોર સેલ (OFS) થવાની શક્યતા છે. સરકાર, સિક્યોરિટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ અને એલઆઈસી એ પ્રસ્તાવિત વેચાણ તબક્કાઓની સંખ્યા અને કદ અંગે ચર્ચા કરી છે. સરકાર આ કંપનીમાં તેનો માત્ર ૧% હિસ્સો વેચીને રૂ. ૫,૦૦૦ કરોડથી વધુ એકત્ર કરી શકે છે. કેન્દ્ર સરકાર હાલમાં એલઆઈસીમાં ૯૬.૫% હિસ્સો ધરાવે છે અને, બજાર નિયમનકાર સેબીની કન્સેશનલ પબ્લિક શેરહોલ્ડિંગ યોજના હેઠળ, આવતા વર્ષે મે સુધીમાં તેનો હિસ્સો ઘટાડીને ૯૦% કરવો પડશે. સરકારે ૨૦૨૨માં એલઆઈસીના આઈપીઓમાં તેનો ૩.૫% હિસ્સો વેચી દીધો હતો. સેબીએ વીમા કંપનીને મે ૨૦૨૭ સુધીમાં પ્રારંભિક ૧૦% જાહેર શેરહોલ્ડિંગ અને ૨૦૩૨ સુધીમાં લઘુત્તમ ૨૫% જાહેર શેરહોલ્ડિંગ પ્રાપ્ત કરવા માટે એક લવચીક સમયમર્યાદા આપી હતી.

સરકારની મિશન-મોડ વ્યૂહરચનાના ભાગ રૂપે પંજાબ એન્ડ સિંધ બેંક, ઈન્ડિયન ઓવરસીઝ બેંક અને યુકો બેંક સહિત અનેક જાહેર ક્ષેત્રની બેંકોમાં લઘુત્તમ હિસ્સો વેચી શકાય છે. એલઆઈસી ઉપરાંત, સરકાર ૧૬ લિસ્ટેડ પીએસયુમાં ૭૫%થી વધુ હિસ્સો ધરાવે છે, જેમાં છ જાહેર નાણાકીય સંસ્થાઓ (ચાર બેંકો અને બે વીમા કંપનીઓ)નો સમાવેશ થાય છે.

સેબીના લઘુત્તમ જાહેર શેરહોલ્ડિંગ નિયમો અનુસાર બધી લિસ્ટેડ કંપનીઓએ ૨૫%ની લઘુત્તમ જાહેર શેરહોલ્ડિંગ જાળવી રાખવી જરૂરી છે. પીએસયુએ આ વર્ષે ઓગસ્ટ સુધીમાં લઘુત્તમ જાહેર શેરહોલ્ડિંગ નિયમોનું પાલન કરવું જરૂરી છે.

સરકાર આ વર્ષે તેના ડિસઈન્વેસ્ટમેન્ટ લક્ષ્યાંકને પૂર્ણ કરવા માટે વ્યૂહાત્મક ડિસઈન્વેસ્ટમેન્ટ કરતાં લઘુમતી હિસ્સાના વેચાણને પ્રાથમિકતા આપી રહી છે. તેથી, તે ચાલુ નાણાકીય વર્ષમાં કોઈપણ પીએસયુ માટે વ્યૂહાત્મક ડિસઈન્વેસ્ટમેન્ટ પ્રક્રિયા શરૂ નહીં કરી શકે.

### કેન્દ્ર સરકારનો નિર્ણય, ઉદ્યોગો માટે બલ્ક સપ્લાય પરનો પ્રતિબંધ પણ હટાવ્યો

## કોમર્શિયલ LPG પરથી મર્યાદા હટી, હવે 100% સપ્લાય થશે

**ટ્રોલિયમ અને કુદરતી ગેસ મંત્રાલયે જણાવ્યું કે આ ઉપરાંત, ગેસ સંકટની શરૂઆતમાં ઇન્ડસ્ટ્રીઝને રોકવામાં આવેલી બલ્ક LPGની સપ્લાયમાં પણ છૂટછાટ આપવામાં આવી છે. તેને સંકટ પહેલાના વપરાશના સ્તરના 50% કરી દેવામાં આવ્યું છે**



મુંબઈ

કેન્દ્ર સરકારે રાજ્યોને ફરી એકવાર LPG સપ્લાય વધારવાનો નિર્દેશ આપ્યો છે. સરકારે આજે એટલે કે 25 જૂને કોમર્શિયલ LPG સિલિન્ડર સપ્લાય પર લાગેલા તમામ સેક્ટર-વાઈઝ પ્રતિબંધો હટાવી દીધા છે. ગેસ સંકટને જોતા સરકારે કોમર્શિયલ LPG સિલિન્ડર સપ્લાયમાં કાપ મૂક્યો હતો. પેટ્રોલિયમ અને કુદરતી ગેસ મંત્રાલયે જણાવ્યું કે આ ઉપરાંત, ગેસ સંકટની શરૂઆતમાં ઈન્ડસ્ટ્રીઝને રોકવામાં આવેલી બલ્ક LPGની સપ્લાયમાં પણ છૂટછાટ આપવામાં આવી છે. તેને સંકટ પહેલાના વપરાશના સ્તરના 50% કરી દેવામાં આવ્યું છે. આ પુનઃસ્થાપના LPG સપ્લાયની સ્થિતિમાં તાજેતરમાં થયેલા સુધારા પછી કરવામાં આવી છે. ઘરેલું ઉત્પાદનમાં સુધારો અને ઈમ્પોર્ટેડ કાર્ગો આવવાની અપેક્ષાથી લેવાયેલો નિર્ણય પેટ્રોલિયમ મંત્રાલયે એક સત્તાવાર નિવેદન જારી કરીને જણાવ્યું કે ઘરેલું સ્તરે LPGના ઉત્પાદનમાં સુધારો અને વિદેશોથી આવનારા LPG કાર્ગોના ભારત પહોંચવાની અપેક્ષા પછી કોમર્શિયલ સપ્લાય પર લાગેલો પ્રતિબંધ હટાવી દેવામાં આવ્યો છે. આ ઉપરાંત, સંકટની શરૂઆતમાં સંપૂર્ણપણે રોકવામાં આવેલી બલ્ક એલપીજીની સપ્લાયને પણ પહેલાની કુલ ખપત (પ્રી-ક્રાઈસિસ લેવલ)ના 50% સ્તર સુધી ફરીથી શરૂ કરી દેવામાં આવી છે, જેનાથી મોટા ઔદ્યોગિક ગ્રાહકોને મોટી રાહત મળશે. રિલાયન્સ જેવી કંપનીઓને રાહત, રોજ 40 હજાર ટન ઘરેલું ઉત્પાદનનું લક્ષ્ય સપ્લાય ચેઈન સુધર્યા પછી, હવે સરકારે C3 અને C4 હાઈડ્રોકાર્બન સ્ટ્રીમ્સના ડાયવર્ઝનને ઘટાડવાનો નિર્ણય કર્યો છે. આનાથી પેટ્રોકેમિકલ અને અન્ય ડાઉનસ્ટ્રીમ ઉદ્યોગોને તેમનો જૂનો કોટા પાછો મળી શકશે. જોકે, પેટ્રોલિયમ મંત્રાલયે સ્પષ્ટ કર્યું છે કે આ છૂટ એ શરત પર આપવામાં આવી છે કે દેશમાં ઘરેલું એલપીજીની કુલ ઉપલબ્ધતા પ્રભાવિત થવી ન જોઈએ અને રોજનું ઉત્પાદન ઓછામાં ઓછું 40,000 ટન જળવાઈ રહેવું જોઈએ. ઈઝરાયલ-અમેરિકા અને ઈરાન યુદ્ધ દરમિયાન કોમર્શિયલ ગેસ સિલિન્ડર 1373 મોંઘો થયો ઈઝરાયલ-અમેરિકા અને ઈરાન વચ્ચે 28 ફેબ્રુઆરીએ શરૂ થયેલા યુદ્ધને કારણે વિશ્વભરમાં ક્રૂડ ઓઈલની અછત થવા લાગી હતી. આ કારણે પેટ્રોલ-ડીઝલ અને LPG સપ્લાય પર સંકટ આવી ગયું હતું. આ ઉપરાંત ઘણી વખત તેમના ભાવ પણ વધારવામાં આવ્યા હતા. 28 ફેબ્રુઆરીએ દિલ્હીમાં કોમર્શિયલ ગેસ સિલિન્ડર 1740.50 રૂપિયામાં મળી રહ્યો હતો. ત્યારબાદ 5 વખત તેના ભાવ વધારવામાં આવ્યા.

### જો ભૂલ બેન્ક કે થર્ડ પાર્ટીની હશે, તો મળશે સંપૂર્ણ રિફંડ

## ઓનલાઇન ફ્રોડમાં પૈસા ગુમાવ્યા તો મળશે રૂ. 25000 સુધીનું વળતર: RBIનો મોટો નિર્ણય




મુંબઈ

વિચારો કે એક દિવસ અચાનક તમારા ફોન પર મેસેજ આવે છે કે તમારા બેન્ક ખાતામાંથી 20,000 રૂપિયા કપાઈ ગયા છે, જ્યારે તમે આવું કોઈ પેમેન્ટ કર્યું જ નથી કે નથી કોઈ મંજૂરી (અપ્રૂવલ) આપી! અત્યાર સુધી આવા ઓનલાઈન ફ્રોડના કિસ્સામાં બેન્ક પણ લાચાર દેખાતી હતી અને સામાન્ય લોકોના પૈસા પાછા મળવા ખૂબ મુશ્કેલ બની જતા હતા. પરંતુ હવે આવા ડિજિટલ સ્કેમનો ભોગ બનતા ગ્રાહકોની મદદ માટે દેશની કેન્દ્રીય બેન્ક એટલે કે ભારતીય રિઝર્વ બેન્ક (RBI) આગળ આવી છે. 24 જૂન 2026ના રોજ RBI દ્વારા એક નવો ઐતિહાસિક નિયમ જાહેર કરવામાં આવ્યો છે, જે મુજબ જો હવેથી તમારી સાથે કોઈ પણ ઓનલાઈન ફ્રોડ કે UPI છેતરપિંડી થશે, તો રિઝર્વ બેન્ક પોતે તમને થયેલા નુકસાનનું વળતર ચૂકવશે. કયા ટ્રાન્ઝેક્શન પર મળશે વળતર અને ક્યારથી લાગુ થશે નિયમ? આ નવો નિયમ સ્મોલ ફાઈનાન્સ બેન્ક, પેમેન્ટ બેન્ક, પ્રાદેશિક ગ્રામીણ બેન્ક અને લોકલ એરિયા બેન્કને બાદ કરતાં તમામ કમર્શિયલ બેન્ક પર લાગુ થશે. આ નિયમ 1 જાન્યુઆરી, 2027 કે તેના પછી થનારા તમામ ઈલેક્ટ્રોનિક બેન્કિંગ ટ્રાન્ઝેક્શન માટે લાગુ થઈ જશે. સરળ શબ્દોમાં કહીએ તો, આમાં આજના સમયના તમામ ડિજિટલ પેમેન્ટ મોડ જેવા કે, UPI ટ્રાન્સફર, નેટ બેન્કિંગ, મોબાઈલ બેન્કિંગ, ડેબિટ અને ક્રેડિટ કાર્ડ પેમેન્ટ (પછી ભલે તે કાર્ડ સ્વાઈપ/ટિપ કરીને કરાયું હોય કે ઓનલાઈન ડિટેલ્સ નાખીને) વગેરે તમામ પ્રકારના ડિજિટલ વ્યવહારોને આવરી લેવામાં આવ્યા છે. જો ભૂલ બેન્ક કે થર્ડ પાર્ટીની હશે, તો મળશે સંપૂર્ણ રિફંડ. જ્યારે પણ કોઈ છેતરપિંડી થાય, ત્યારે બેન્ક એવું કહીને બચી નહીં શકે કે ગ્રાહકની બેદરકારી હતી, બેન્કે તે સાબિત કરવું પડશે. આ માટે આરબીઆઈએ 3 શરતો રાખી છે: જીવનમાં માત્ર એક જ વાર: આ યોજના હેઠળ કોઈ પણ વ્યક્તિને તેના આખા જીવનમાં માત્ર 1 જ વાર વળતર મળી શકશે. બીજી વાર ફ્રોડ થાય તો કોઈ મદદ નહીં મળે. વળતરની મર્યાદા: તમને વધુમાં વધુ 25,000 રૂપિયા અથવા નુકસાનના 85% (બેમાંથી જે ઓછું હોય તેટલા જ) પૈસા પાછા મળશે. ઉદાહરણ તરીકે: જો તમારી સાથે 50,000 રૂપિયાનું ફ્રોડ થાય, તો નિયમ પ્રમાણે તેના 85% એટલે કે 42,500 રૂપિયા થાય.

## ગોલ્ડ લોનની માંગમાં અધધ... 84%નો વધારો

- **ગોલ્ડ લોન ઉદ્યોગનો કુલ પોર્ટફોલિયો માર્ચ 2023માં રૂ. 6.3 લાખ કરોડથી વધીને માર્ચ 2026 માં રૂ. 19.4 લાખ કરોડની સપાટીએ**

મુંબઈ

ગોલ્ડ લોન બજારના વિકાસ પાછળ ઘણા કારણો છે. આમાં મોટી લોનનું કદ, ગ્રાહક માંગમાં વૃધારો અને બેંકો, એનબીએફસી અને વિશિષ્ટ ગોલ્ડ લોન કંપનીઓની વૃધતી ભાગીદારીનો સમાવેશ થાય છે. ગોલ્ડ લોન હવે ફક્ત કટોકટી માટે લેવામાં આવતી લોન નથી. લોકો તેમની રોજિંદા નાણાકીય જરૂરિયાતોને પૂર્ણ કરવા માટે પણ તેનો ઉપયોગ કરી રહ્યા છે. આ જ કારણ છે કે ગોલ્ડ લોન ઝડપથી ઔપચારિક લોન સિસ્ટમનો એક મહત્વપૂર્ણ ભાગ બની રહી છે. અહેવાલ મુજબ, સોનાના ભાવમાં વૃધારો એ ગોલ્ડ લોન બજારના ઝડપી વિકાસનું એક મુખ્ય કારણ છે. જેમ જેમ સોનાના ભાવ વૃધે છે, તેમ તેમ લોકો સમાન રકમના સોના સામે મોટી રકમ ઉધાર લઈ શકે છે. અભ્યાસ સમયગાળા દરમિયાન, સોનાના ભાવ સૂચકાંકમાં ૧૪૪% નો વૃધારો થયો છે, જ્યારે સોનાની લોનની મંજૂર રકમમાં ૨૦૦% થી વૃધુનો વૃધારો થયો છે.

જે સૂચવે છે કે સોનાના ભાવમાં વૃધારો થવાથી લોકો માટે લોન મેળવવાનું સરળ બન્યું છે. આ ફેરફાર સરેરાશ લોનના કદમાં પણ પ્રતિબિંબિત થાય છે. નાણાકીય વર્ષ ૨૦૨૩માં ગોલ્ડ લોનનું સરેરાશ ટિકિટ કદ રૂ. ૯૮,૦૦૦ હતું, જે નાણાકીય વર્ષ ૨૦૨૬માં વધીને રૂ. ૧.૯૬ લાખ થયું, એટલે કે ત્રણ વર્ષમાં સરેરાશ લોનની રકમ લગભગ બમણી થઈ ગઈ છે, જે મોટી ગોલ્ડ લોનની માંગને પ્રતિબિંબિત કરે છે.

દક્ષિણ રાજ્યોમાં ગોલ્ડ લોન બજાર વૃધુ મજબૂત છે. જોકે, ગોલ્ડ લોનનું વિસ્તરણ હવે દક્ષિણ ભારત પૂરતું મર્યાદિત નથી. દેશના અન્ય ભાગોમાં પણ માંગ ઝડપથી વૃધી રહી છે.

# SBRનું સફેદ હાથી જેવું મલ્ટીલેવલ પાર્કિંગ કરોડોમાં વેચવાની દરખાસ્ત ફગાવાઈ

## અમદાવાદ AMC સ્ટેન્ડિંગ કમિટીએ શહેર વિકાસ અને સુરક્ષાના મહત્ત્વના નિર્ણયો લીધા : અસારવાના EWS ક્વાર્ટર્સમાં ગેરકાયદે કબજા સામે પોલીસ કાર્યવાહી થશે

**અમદાવાદ**

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની સ્ટેન્ડિંગ કમિટીની બેઠકમાં શહેરના વિકાસ અને સુરક્ષાને ધ્યાનમાં રાખીને કેટલાક નિર્ણયો લેવામાં આવ્યા છે. જેમાં સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેને સિંધુભવન રોડ પર આવેલા મલ્ટી લેવલ પાર્કિંગના કાયમી વેચાણ, અસારવાના EWS ક્વાર્ટર્સ અને સાબરમતી રિવરફ્રન્ટ પર ડૉ. શ્યામાપ્રસાદ મુખરજીની પ્રતિમા સ્થાપિત કરવા અંગેની જાહેરાતો કરી હતી. બીજી તરફ, મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા 53 વર્ષ જૂના સુભાષ બ્રિજને આધુનિક ધોરણો સાથે સંપૂર્ણપણે નવો બનાવવાની પણ ટેકનિકલ જાહેરાત કરવામાં આવી છે. અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના ઈતિહાસમાં



પહેલીવાર કોઈ મિલકતને 99 વર્ષના ભાડાપટ્ટે આપવાને બદલે કાયમી વેચાણ પેટે આપવાનું આયોજન કરાયું છે. સિંધુભવન રોડ પર આવેલું મલ્ટી લેવલ પાર્કિંગ આ અંતર્ગત વેચવામાં આવશે. જો કે, ચેરમેને સ્પષ્ટતા કરી હતી કે આ કામને ભવિષ્યમાં મંજૂરી આપતા પહેલા અધિકારીઓ પાસે 2-3 મહત્ત્વની બાબતોના ખુલાસા મંગાયા બાદ ભવિષ્યમાં મંજૂરી છે. જેમ કે પાર્કિંગના બીજો, ત્રીજો અને ચોથા માળનો ઉપયોગ ભવિષ્યમાં ખરીદનાર વ્યક્તિ કઈ રીતે કરશે તેની સ્પષ્ટતા.

બાંધકામ સમયે ઉપલબ્ધ FSI અને બાકી રહેલી FSIની વિગતો. જો ખરીદનાર ભવિષ્યમાં આ બિલ્ડિંગ તોડીને 12-14 માળની હાઈરાઈઝ બિલ્ડિંગ બનાવે, તો તેમાં AMCના અધિકારો શું રહેશે તેની કાયદાકીય સ્પષ્ટતા.

જમીન અને બાંધકામના ગણીને કુલ 370 કરોડ રૂપિયાની આસપાસ પાંચ માળની આખી આ ઈમારતનો ભાવ અંદાજવામાં આવ્યો છે. અમદાવાદ મ્યુનિ.ના ઈતિહાસમાં પહેલી વખત આવી રીતે કોઈ મિલકતનું વેચાણ થઈ રહ્યું હતું.

### » EWS ક્વાર્ટર્સમાં ગેરકાયદે કબજો કરનારા સામે કાયદેસરની કાર્યવાહી

બેઠકમાં અસારવા વિસ્તારના સ્થાનિક સભ્ય દ્વારા જડેશ્વર મિલ ખાતે આવેલા EWS ક્વાર્ટર્સના 17 મકાનોમાં ગેરકાયદે કબજો હોવાનો મુદ્દો ઉઠાવવામાં આવ્યો હતો. આ અંગે ડેપ્યુટી કમિશનરે જણાવ્યું હતું કે, 'ગેરકાયદે રહેતા લોકોનો સામાન જપ્ત કરી લેવામાં આવ્યો છે.' સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેને આ મામલે કમિશનર અને ડેપ્યુટી કમિશનરને કડક સૂચના આપતાં જણાવ્યું છે કે, 'આવા તત્ત્વો સામે તાત્કાલિક ધોરણે કાયદેસરની પોલીસ કાર્યવાહી કરવામાં આવે.'

### » પોરાનાશક કામગીરી: મકાનો વધતાં મેનપાવર 903 કરાયો

શહેરમાં વધી રહેલા શહેરીકરણને પહોંચી વળવા મચ્છર અને પોરાનાશક કામગીરીના સંસાધનો વધારાયા છે. વર્ષ 2025-26માં શહેરમાં 19,34,400 ઘર હતા, જે વર્ષ 2026-27માં વધીને 22,88,500 થયા છે. મકાનોની સંખ્યા વધવાને કારણે ગત વર્ષના 704 કર્મચારીઓની સામે આ વર્ષે ફિલ્ડ વર્ક માટે 903 માણસોનો સ્ટાફ તહેનાત કરવામાં આવ્યો છે.

### » રિવરફ્રન્ટ પર ડૉ. શ્યામાપ્રસાદ મુખરજીની ભવ્ય પ્રતિમા મુકાશે

આગામી છઠ્ઠી જુલાઈએ દેશના અગ્રણી નેતા ડૉ. શ્યામાપ્રસાદ મુખરજીના જન્મદિવસ નિમિત્તે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા સાબરમતી રિવરફ્રન્ટ ખાતે તેમની પ્રતિમા સ્થાપિત કરવાનું આયોજન કરવામાં આવ્યું છે. ચેરમેને આ પ્રોજેક્ટ માટેની જરૂરી વહીવટી અને ટેકનિકલ પ્રક્રિયા તાકીદે શરૂ કરવા કમિશનરને આદેશ આપ્યો છે.



---

# સાઉથ બોપલની LDR ઇન્ટરનેશનલના કર્મચારી સામે સ્કૂલના વોશરૂમમાં વિદ્યાર્થી સાથે શારીરિક અડપલાં કરવાનો વાલીનો આક્ષેપ

ઘટનાની ગંભીરતાને ધ્યાનમાં રાખી પોલીસને પણ જાણ કરવામાં આવી હતી, તેમજ આરોપીને પોલીસ કસ્ટડીમાં લઈ જવામાં આવ્યો છે તેમજ પોલીસ કાર્યવાહી ચાલી રહી છે

**અમદાવાદ**

અમદાવાદના સાઉથ બોપલમાં આવેલી LDR ઈન્ટરનેશનલ સ્કૂલમાં ચોંકાવનારી ઘટનાં સામે આવી છે. સ્કૂલમાં જ નાના બાળક સાથે એક કર્મચારીએ શારીરિક અડપલાં કર્યા હોવાનો ગંભીર આક્ષેપ લાગ્યો છે. LDR ઈન્ટરનેશનલ સ્કૂલમાં પ્રાથમિક વિભાગમાં અભ્યાસ કરતા વિદ્યાર્થી સાથે સ્કૂલના જ કર્મચારીઓએ અડપલાં કરતા વાલીઓ રોષે ભરાયા હતા. સ્કૂલમાં જ કર્મચારીએ બાળક સાથે શારીરિક અડપલાં કર્યા હોવાનો વાલીઓએ આક્ષેપ




લગાવી સ્કૂલને ફરિયાદ કરી હતી. ત્યારબાદ સ્કૂલ સંચાલકોએ અડપલાં કરનાર સસ્પેન્ડ કર્યો છે અને મામલો પોલીસ સ્ટેશન પહોંચ્યો છે.

અમદાવાદના સાઉથ બોપલ વિસ્તારમાં આવેલી LDR ઈન્ટરનેશનલ સ્કૂલમાં પ્રાઈમેરી વિભાગમાં અભ્યાસ કરતા એક નાના વિદ્યાર્થી સાથે શારીરિક અડપલાં થયા હોવાની ગંભીર ઘટના સામે આવી છે. સ્કૂલના જ એક કર્મચારીએ બાળક સાથે વોશરૂમમાં અડપલાં કર્યા હતા. જો કે આ ઘટના બાદ બાળક પણ ડરી ગયો હતો. પ્રાથમિક સ્કૂલમાં અભ્યાસ કરતા બાળક સાથે આ ઘટના બનતા તેને ઘરે જઈને તેના માતા પિતાને જાણ કરી હતી. જેથી દીકરા સાથે શારીરિક અડપલાંની ઘટના બનતા જ વાલીમાં ભારે રોષ જોવા મળ્યો હતો. જેથી તાત્કાલિક પોલીસ પણ સ્કૂલએ પહોંચી ગઈ હતી.

જેથી તાત્કાલિક વાલી બાળક સાથે સ્કૂલએ પહોંચી ગયા અને સમગ્ર ઘટનાની જાણ સ્કૂલ વહીવટી તંત્રને કરી હતી. નાના બાળક સાથે શારીરિક અડપલાની ઘટનાનો મામલો સામે આવતા સ્કૂલ દ્વારા તપાસ શરૂ કરવામાં આવી છે. તેમજ ઘટનાની ગંભીરતા સમજીને સ્કૂલે કર્મચારીને તાત્કાલિક સસ્પેન્ડ કર્યો છે.

# આવાસ યોજનાના મકાનોમાં ગેરકાયદેસર અતિક્રમણ કરનારાઓ સામે અમ્યુકોની લાલ આંખ: સામાન જપ્ત કરાયો

**અમદાવાદ**

સરકાર અને કોર્પોરેશન દ્વારા ગરીબ અને મધ્યમ વર્ગના પરિવારોને ઘરનું ઘર મળી રહે તે માટે બનાવવામાં આવતા આવાસ યોજનાના મકાનોમાં ગેરકાયદેસર અતિક્રમણ કરનારા તત્વો સામે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન (અમ્યુકો) દ્વારા કડક હાથે કામગીરી શરૂ કરવામાં આવી છે. તંત્ર દ્વારા સ્પષ્ટ ચેતવણી આપવામાં આવી છે કે આવાસ યોજનાના મકાનોમાં કોઈપણ પ્રકારનું ગેરકાયદેસર અતિક્રમણ ચલાવી લેવામાં આવશે નહીં.

મળતી માહિતી મુજબ, આવાસ યોજનાના ખાલી મકાનોમાં ગેરકાયદેસર રીતે ઘૂસી જઈ કબ્જો જમાવનારા લોકો સામે અમ્યુકોની ટીમે કડક કાર્યવાહી હાથ ધરી છે. આ ઝુંબેશ અંતર્ગત ગેરકાયદેસર અતિક્રમણ કરનાર લોકોનો તમામ સામાન તંત્ર દ્વારા જપ્ત કરી લેવામાં આવ્યો છે અને મકાનોને ખાલી કરાવવાની પ્રક્રિયા તેજ કરવામાં આવી છે.

આ ગંભીર મામલે સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન કમલેશ પટેલે કડક વલણ અપનાવ્યું છે. તેમણે વહીવટી તંત્રને સ્પષ્ટ સૂચન કર્યા છે કે આવાસ યોજનાના મકાનો પર ગેરકાયદેસર રીતે કબ્જો કરનારા તમામ લોકો સામે અમ્યુકો દ્વારા તાત્કાલિક ધોરણે પોલીસ ફરિયાદ (FIR) દાખલ કરવામાં આવે.

**ઓક્સિજન મશીનો મૂકવા છતા માછલીઓના મોતથી AMC સામે સવાલો**

# વસ્ત્રાલ બાદ અસારવાના તળાવમાં મોટા પ્રમાણમાં માછલીઓના મૃત્યુ : દુર્ગંધથી આસપાસના લોકો હેરાન

**અમદાવાદ**

શહેરમાં આવેલા તળાવોમાં માછલીઓ મરવાની ઘટનાઓ હવે સામે આવી રહી છે. પૂર્વ વિસ્તારના વસ્ત્રાલ બાદ હવે અસારવામાં તળાવમાં પણ મોટા પ્રમાણમાં માછલીઓના મૃત્યુ થયા હોવા અંગેના વીડિયો સોશિયલ મીડિયામાં વાયરલ થયા છે. તળાવમાં રહેલા પાણીમાં ઓક્સિજન માટે એરેટર પણ મૂકવામાં આવતા હોય છે છતાં પણ માછલીઓના મૃત્યુ થતાં થતા અનેક સવાલો ઉભા થયા છે. અસારવા તળાવમાં મોટા પ્રમાણમાં માછલીઓ મરી ગયેલી મળી આવતા આસપાસમાં પણ દુર્ગંધ ફેલાઈ છે.

શહેરના પૂર્વ વિસ્તારમાં આવેલા અસારવા તળાવ ગાર્ડનમાં અસંખ્ય માછલીઓના મોતનો બનાવ સામે આવ્યો છે. તળાવમાં મોટી સંખ્યામાં મૃત માછલીઓ જોવા મળતા સ્થાનિકોમાં રોષ જોવા મળી રહ્યો છે. પાણીમાં



ઓક્સિજનનું પ્રમાણ ઘટતા માછલીઓના મોત થયા હોવાની આશંકા વ્યક્ત કરવામાં આવી રહી છે. માછલીઓને ઓક્સિજન મળી રહે તેના માટે એરેટર (ઓક્સિજન મશીનો) મૂકવામાં આવે છે. AMC દ્વારા કોન્ટ્રાક્ટરને ભાડું પણ ચૂકવવામાં આવે છે. છતાં મશીનો કાર્યરત કેમ ન હતા તે અંગે અનેક સવાલો ઉભા થયા છે.

અગાઉ પણ સાબરમતી નદીમાં ઓક્સિજનની અછત અને પાણીની સ્થિતિને કારણે મોટી સંખ્યામાં માછલીઓના મોતની ઘટના સામે આવી હતી. ત્યારે પણ તંત્રની કામગીરી પર સવાલો ઊભા થયા હતા. હાલ અસારવા તળાવ ગાર્ડનમાં મોટા પ્રમાણમાં માછલીઓના મૃત્યુ થયા છે ત્યારે આસપાસમાં ભારે દુર્ગંધ ફેલાતા ઘટનાને લઈને સ્થાનિકો જવાબદાર અધિકારીઓ સામે કાર્યવાહી અને તળાવની યોગ્ય દેખરેખની માંગ કરી રહ્યા છે.

મધ્ય ઝોનના ડેપ્યુટી મ્યુનિસિપલ કમિશનર રમ્ય ભટ્ટે જણાવ્યું હતું કે, અસારવા તળાવમાં પાણી ઘટી ગયું હોવાના કારણે માછલીઓ મરી હોવાની શક્યતા છે. જો કે આ બાબતે તપાસ કરી રહ્યા છીએ. તળાવમાં જે ઓક્સિજન મશીન લગાવેલા છે તે તમામ મશીનો ચાલુ છે. કેમિકલ અને પાવડર ટ્રીટમેન્ટ પણ કરાવવામાં આવેલી છે.

**ધારાસભ્ય ઇમરાન ખેડાવાલા બન્યા દેવદૂત**

# સાબરમતી નદીમાં કૂદી આત્મહત્યા કરવા જતા યુવકનો જીવ બચાવ્યો!!

**નદીના બ્રિજ પરથી પસાર થતી વખતે યુવકને જોઈ ધારાસભ્યએ તાત્કાલિક ગાડી ઊભી રખાવી; પ્રેમથી સમજાવી યુવકને આત્મઘાતી પગલું ભરતા અટકાવ્યો**

**અમદાવાદ**


અમદાવાદની શાન ગણાતી સાબરમતી નદીના બ્રિજ પરથી આત્મહત્યા કરવાના બનાવો અવારનવાર સામે આવતા હોય છે, ત્યારે આજે એક યુવક માટે જમાલપુર-ખાડિયાના ધારાસભ્ય ઈમરાન ખેડાવાલા સાક્ષાત દેવદૂત સાબિત થયા છે. સાબરમતી નદી પરથી કૂદીને પોતાનું જીવન ટૂંકાવવાનો પ્રયાસ કરી રહેલા એક અજાણ્યા યુવકને ધારાસભ્યએ પોતાની સૂઝબૂઝ અને સમયસૂચકતા વાપરીને મોતના મોંમાંથી ઉગારી લીધો હતો.



મળતી વિગતો અનુસાર, ધારાસભ્ય ઈમરાન ખેડાવાલા સાબરમતી નદી પરના બ્રિજ પરથી પોતાની ગાડીમાં પસાર થઈ રહ્યા હતા. આ દરમિયાન તેમની નજર બ્રિજની રેલિંગ પાસે સંદિગ્ધ હાલતમાં ઊભેલા એક યુવક પર પડી હતી, જે નદીમાં કૂદવાની તૈયારી કરી રહ્યો હતો. પરિસ્થિતિની ગંભીરતા સમજીને ધારાસભ્યએ તાત્કાલિક પોતાની ગાડી ઊભી રખાવી દીધી હતી અને સુરક્ષાકર્મીઓ સાથે યુવક તરફ દોડી ગયા હતા.

ધારાસભ્યએ યુવકને પકડી પાડી રેલિંગથી દૂર કર્યો હતો અને ખૂબ જ પ્રેમપૂર્વક તેમજ સંવેદનશીલતાથી તેને સમજાવ્યો હતો. માનસિક તણાવમાં આવીને આત્મઘાતી પગલું ભરવા જઈ રહેલા આ યુવકને ધારાસભ્યએ હિંમત આપી હતી અને તેની સમસ્યાઓનો ઉકેલ લાવવાની ખાતરી આપી શાંત પાડ્યો હતો. એક જનપ્રતિનિધિ તરીકે ધારાસભ્ય ઈમરાન ખેડાવાલાએ દાખવેલી આ માનવતા અને ત્વરિત નિર્ણયશક્તિના કારણે આજે એક નિર્દોષ યુવકનો જીવ બચી ગયો છે. આ ઘટનાની તસવીરો અને વિડીયો સોશિયલ મીડિયા પર વાયરલ થતાં જ લોકો ધારાસભ્યની આ કામગીરીને બિરદાવી રહ્યા છે અને તેમના પર પ્રશંસાની વર્ષા થઈ રહી છે.

# માણેકચોકમાં થયેલી 1.51 કરોડની લૂંટમાં ઘટસ્ફોટ, એરફોર્સ અધિકારી નીકળ્યો લૂંટારો







**અમદાવાદ**

બે વર્ષ પહેલા અમદાવાદના માણેકચોકમાં વેપારીના પગ પર ગોળી મારીને 1.51 કરોડની લૂંટ ચલાવનાર એરફોર્સના અધિકારીની ઝોન 3 LCBની ટીમ દ્વારા ધરપકડ કરવામાં આવી છે. આરોપી એરફોર્સના ટેકનિકલ યુનિટમાં ફરજ બજાવે છે, જેના કારણે તેને તમામ ટેકનિકલ બાબતો અને પોલીસની ગતિવિધિઓથી જાણકાર હોવાના કારણે ખૂબ જ સાવચેતીપૂર્વક લૂંટ કરી હતી. લૂંટ કર્યા બાદ બે કિલોમીટર વિસ્તારમાં સાતથી આઠ વખત રિક્ષાઓ બદલી અને કપડાઓ બદલીને ફરાર થઈ ગયો હતો. જામનગરમાં થયેલા પિસ્તોલની ચોરીના ગુના પરથી આ ભેદ ઉકેલવામાં પોલીસને સફળતા મળી છે.

ઝોન 3 ડીસીપી રૂપલ સોલંકીએ જણાવ્યું હતું કે, માણેકચોક વિસ્તારમાં 16 જુલાઈ 2024ના રોજ પતાસાની પોળમાં વેપારીની દુકાનમાં બપોરે લાલ ટોપી અને મોઢે રૂમાલ બાંધી આવેલા એક શખ્સે વેપારીને પગમાં ગોળી મારી રૂ. 1.51 કરોડની લૂંટ કરી હતી. જે અંગે ખાડીયા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધવામાં આવી હતી અને પોલીસ દ્વારા તપાસ કરવામાં આવી રહી હતી. છેલ્લા બે વર્ષથી આ ગુનાનો ભેદ ઉકેલાયો ન હતો. જેને લઈને ખાડિયા પોલીસ અને LCBની ટીમ દ્વારા તપાસ કરવામાં આવી રહી હતી.

......ખાડીયા....પીઆઈ....લંગારિયા....દ્વારા....જુના ગુનાઓને ઉકેલવાને લઈને તપાસ શરૂ કરવામાં આવી હતી. ત્યારે લૂંટમાં જે પિસ્તોલ વપરાઈ હતી તે પિસ્તોલ વર્ષ 2024માં જ જામનગરમાં એરફોર્સના નિવૃત્ત અધિકારીના ઘરમાંથી પિસ્તોલ અને રાઉન્ડ સહિતની ઘરફોડ ચોરી થઈ હતી. એક જ જેવી લાગતી હોવાનું જોવા મળ્યું હતું. ખાડિયા પી.આઈ જામનગર LCBમાં ફરજ બજાવીને અમદાવાદ આવેલા હોવાથી તેમને આ અંગે ઊંડાણપૂર્વક જાણકારી હતી. જેથી તેના આધારે તેમણે તપાસ કરવામાં આવી હતી.

એક જ જેવી પિસ્તોલ અને લૂંટને લઈને તપાસ કરતા મૂળ હરિયાણાના અને હાલમાં દિલ્હી ખાતે એરફોર્સમાં ફરજ બજાવનારા એર કમાન્ડિંગ ઓફિસર દિપક બુકેર (ઉ.વ.31)ની પંડોણી હોવાનું બહાર આવ્યું હતું. જેને લઈને પોલીસ દ્વારા દિલ્હીમાં એરફોર્સના અધિકારી સાથે વાતચીત કરી અને ઘરની જડતી કરતા લૂંટમાં વપરાયેલી પિસ્તોલ અને રાઉન્ડ પણ મળી આવ્યા હતા.

# જૂની રૂપિયા 500ની નોટો સાથે 2 શખસની રામોલ પોલીસે ધરપકડ

**પોલીસે બંને પાસેથી જૂની 500ની 7,800 એટલે કે 39 લાખની નોટો જપ્ત કરી હતી : મહારાષ્ટ્રના જલગાવથી જૂની નોટો લાવ્યા હતાં**






**અમદાવાદ**

ભારત સરકારે રદ કરેલી રૂ. 500ની નોટો સાથે બે શખસની રામોલ પોલીસે ધરપકડ કરી છે. મુંબઈથી બંને શખ્સો ગાંધીનગરના શૈલેષ પટેલ નામના વ્યક્તિને નોટ આપવા માટે આવતા હતા, ત્યારે પોલીસે તેમને ઝડપી પાડ્યા હતા. રામોલ પોલીસે જૂની રૂ. 500ની કુલ 39 લાખની નોટો જપ્ત કરી છે. આરોપીઓને નોટો વટાવવા માટે 2થી 3 ટકા કમિશન મળતું હતું. ગાંધીનગરના આરોપીની શોધખોળ કરવામાં આવી છે.

રામોલ પોલીસ સ્ટેશનના પીઆઇ એમ.આર. ચૌધરીએ જણાવ્યું હતું કે, ડી સ્ટાફ અને તેમની ટીમને બાતમી મળી હતી કે ભારત સરકાર દ્વારા રદ કરાયેલી રૂ. 500ની નોટો સાથે બે શખ્સ અમદાવાદ આવી રહ્યા છે. ત્યારે વોચ ગોઠવીને બંને આરોપીઓની ધરપકડ કરવામાં આવી હતી. પોલીસે બંને પાસેથી જૂની 500ની 7,800 એટલે કે 39 લાખની નોટો જપ્ત કરી હતી.

ઝડપાયેલા આરોપીઓની પૂછપરછ કરતા તેનું નામ ભરતસિંહ મહિડા (રહે. મનુ મુદીયરની ચાલી, મુંબઈ) અને મેરાજૂદીન ખાન (રહે. નરસિંહ મંદિર, આંબાવાડી, સુરત) હોવાનું જણાવ્યું હતું. બંને આરોપીઓ મહારાષ્ટ્રના જલગાવથી અયાનુદ્દીન પટવે નામના વ્યક્તિ પાસેથી આ નોટો લાવ્યા હતાં.

ભરતસિંહ અને મેરાજુદિન મુંબઈમાં બંને એક સાથે નોકરી કરે છે. આ નોટો લઈને ગાંધીનગરના શૈલેષ પટેલને આપવા માટે જતા હતા ત્યારે રામોલ પોલીસે તેઓને ઝડપી પાડ્યા હતા. તેઓને બંને આરોપીઓ પાસેથી 39 લાખની રદ કરાયેલી નોટો અને મોબાઈલ ફોન સહિતનો મુદ્દા માલ ઝડપી પાડવામાં આવ્યો છે.

આપના વિસ્તારની સમસ્યાઓ, ગેરકાયદે પ્રવૃતિઓ, ભ્રષ્ટાચાર અંગેની માહિતી, આપના વિસ્તારના સમાચાર, ફોટા, સામાજિક, ધાર્મિક પ્રવૃતિઓના અહેવાલ માટે સંપર્ક કરો : 9662420070

Published and Owned by MAKAN PAVANBHAI SHRAVANBHAI and Printed by ILEVAN HASMUKHRAI THAKAR Printed at Jay Graphics & Printers, C/15, Vikram Chambers, Ashram Road, Ahmedabad – 380 009 and published from F/1, FIRST FLOOR, RAJAS APPARTMENT, NEAR OLD RAILWAY CORSSING, MANINAGAR EAST MANINAGAR, AHMEDABAD-380 008. Editor - MAKAN PAVNBHAI SHRAVANBHAI